મૂળ નિવાસી [illegible] સ્વ૦ [illegible] ના સ્વ૦ ધર્મપત્ની
[illegible] ના સ્મરણાર્થે ભેટ.

॥ श्री वीतरागायनमः ॥

श्री नवतत्वादिक थोक संग्रह.

દોહરો.

જ્ઞાન ગુણ સરોવર ભર્યો, કરો પરસી ભરી પાન;
ત્રિકૂટી તાળા ઉઘડે, પ્રગટે નવે નિધાન.

છપાવી પ્રસિદ્ધ કરનાર.

વોરા માનાચંદ ગોબરદાસ.
સેક્રેટરી—શ્રી જૈન સ્થા. જ્ઞાનવર્ધક પુસ્તકાલય.
વઢવાણ શેહેર.

આવૃત્તિ ૧ લી. પ્રત ૧૦૦૦
વીર સંવત ૨૪૪૯. વિક્રમ સંવત ૧૯૭૯.
કીંમત સદુપયોગ.

ી નિવાસી સંઘવી સ્વ૦ ઝવેરભાઇ માણેકચંદભાઇના સ્વ૦ ધર્મપત્ની
મુળીબાઇના સ્મરણાર્થે ભેટ.

॥ श्री वीतरागायनमः ॥

श्री नवतत्वादिक
थोक संग्रह.

દોહરો.

જ્ઞાન ગુણ સરોવર ભર્યો, કરો પસલી ભરી પાન;
ત્રિકુટી તાળા ઉઘડે, પ્રગટે નવે નિધાન.

છપાવી પ્રસિદ્ધ કરનાર.

વોરા પાનાચંદ ગોબરદાસ.

સેક્રેટરી—શ્રી જૈન સ્થા. જ્ઞાનવર્ધક પુસ્તકાલય.

વઢવાણ શેહેર.

આવૃત્તિ ૧ લી. પ્રત ૧૦૦૦
વીર સંવત ૨૪૪૧. વિક્રમ સંવત ૧૯૭૧.
કીંમત સદુપયોગ.

શ્રી ભાગ્યોદય પ્રીન્ટીંગ પ્રેસમાં જેઠાલાલ દેવશંકર દવેએ
છાપ્યું. ખાડીઆ–અમદાવાદ.

અર્પણ પત્રિકા.

સ્વર્ગસ્થ પૂજયપાદ્ મુનિશ્રી
ફૂલચંદ્રજી સ્વામીની પવિત્ર સેવામાં!

આપ ઉત્તમ કૂળમાં ઉત્પન્ન થઇ, જૈનધર્મ પ્રાપ્ત
કરી અસાર સંસારને ત્યાગી, સંયમ ગ્રહણ
કરી, તેંતાલીસ વર્ષ સંયમ પાળી, સ્વર્ગ
સીધાવ્યા; તે દરમિઆન આપશ્રીના
બોધથી હું જે કાંઇ પ્રાપ્ત કરી
શકયો અને મારા જેવા પા-
મર પ્રાણીને ઉંચ શ્રેણીએ
ચડાવી મુનિપણાની ફરજ
અદા કરી: આવા આ
પના અનેક શુભ ગુણો
તેમજ જ્ઞાનથી આક-
ર્ષાઇ આ ધાર્મિક
પુસ્તક આપશ્રી-
નેજ અર્પણ
કરી કૃતાર્થ
થાઉં છું.

લી. સદાનો સેવક,
સંઘવી નરોત્તમ ઝવેરભાઇ.

પ્રકાશકના બે બોલ.

આ સંસારસમુદ્રમાં અનન્ત ભવભ્રમણરૂપ અવતાર કરી છેવટે ચાલુ દુઃખમય સમયમાં આપણે મનુષ્યદેહ ધારણ કર્યો, પરંતુ પૂર્વના ભારે કર્મને લઇ અજ્ઞાનતામાં અટવાઇ, વિષય, કષાય, મદ, મત્સર મોહાદિક અશુભ જોગમાં જોડાઇ, કુવ્યસનો સેવવામાં મચ્યા રહી, દુર્ગતિમાં લઇ જનારા રસ્તે જતા આત્માને આપણે અટકાવી શક્યા નહિં, એ જ્ઞાન શુન્યતા નહિં તો બીજું શું !

શ્રાવક કુળમાં જન્મ ધારણ કર્યો તેથી ખુશી થવાનું નથી, પરંતુ સામાયિક—પ્રતિક્રમણ—નવતત્વાદિકનુ ખરૂં રહસ્ય જાણી આચારમાં મુકીએ ત્યારેજ શ્રી મહાવીરના ખરા શ્રાવકની ગણત્રીમાં આવી શકીએ બાકી જ્ઞાન વિના દયા પાળવી નકામી છે. વળી તે પોપટીઉ જ્ઞાન ન હોવું જોઇએ, પરંતુ સમજણપૂર્વક ભણવામાં આવે તો ભણનારનો અને જ્ઞાનદાતાનો પ્રયાસ સફળ થયો ગણાય.

હાલ તપસ્વી મુનિશ્રી ઉત્તમચંદ્રજી મહારાજ અથાગ શ્રમ લઇ ' જ્ઞાન શિક્ષણ ' આપી, તેમની મુનીપણાની ફરજ અદા કરે છે, જે બાબત તેઓશ્રીને ધન્યવાદ ઘટે છે !

પ્રુફ સુધારવામાં બનતી કાળજી રાખવામાં આવ્યા છતાં છાપ કે દ્રષ્ટિ દોષથી ભૂલ રહી ગઇ હોય તો સુધારી વાંચવા ભલામણ છે.

આ પુસ્તકના પ્રુફ સુધારવામાં તેમજ છપાવવામાં લીંમડીનિવાસી (હાલ અમદાવાદ) મારા પરમ સ્નેહી સંઘવી વાડીલાલ કાકુભાઇએ મને જે મદદ કરેલ છે, તે બદલ તેમનો અંતઃકરણપૂર્વક આભાર માની વિરમું છું.

ૐ શાન્તિઃ ! શાન્તિઃ ! ! શાન્તિઃ ! ! !

શ્રાવણ વદ ૧૩ }
અડાઇધર—૧૯૭૧ } લી૦ સેવક,
વોરા પાનાચંદ ગોબરદાસ.

॥ श्री पार्श्वनाथाय नमः ॥

શ્રી છ કાયના બોલ.

૧ ઇંદીથાવરકાય; ૨ બંભીથાવરકાય, ૩ સપિથાવરકાય, ૪ સુમતિથાવરકાય, ૫ પયાવચ્ચથાવરકાય, ૬ જંગમકાય એ છ કાયનાં નામ કહ્યાં.

હવે છયે કાયનાં ગોત્ર કહે છેઃ—

૧ પૃથ્વીકાય, ૨ અપકાય, ૩ તેઉકાય, ૪ વાઉકાય, ૫ વનસ્પતિકાય, ૬ ત્રસકાય.

(૧) પૃથ્વીકાયના બે ભેદ—સુક્ષ્મ ને બાદર, સુક્ષ્મ તે કોને કહીએ—હણ્યા હણાય નહીં, માર્યા મરે નહીં, બાળ્યા બળે નહી, તે આખા લોકમાં ભર્યો છે પણ આપણી નજરે આવે નહીં, તે તો ફક્ત જ્ઞાનીજ જાણે અને દેખે. અને બાદર તે કોને કહીએ—આપણે નજરે આવે અથવા ન આવે; હણ્યા હણાય, માર્યા મરે; બાળ્યા બળે; તેહને બાદર કહીય.

હવે બાદર પૃથ્વીકાયના નામ કહે છે. ૧ માટી ને મીઠાની જાત, ૩ કાળમીંઢ મરડીયા પાહાણા ને સીસાની

જાત, ૪ હિંગળો ને હડતાલની જાત, ૫ ગેરૂ ને ગોપી-ચંદનની જાત, ૬ રત્ન પરવાળાની જાત, ૭ સોળ જાતના રત્ન આદી લઇને તેંતાલીસ જાતની પૃથ્વીકાય છે, તેના એક કકડામાં અસંખ્યાતા જીવ શ્રી ભગવંતે કહ્યા છે. જુવાર તથા પીલું જેટલી પૃથ્વીકાય લઇએ, તેમાંથી એકેકો જીવ નીકળીને પારેવા જેવડી કાયા કરે તો એક લાખ જોજનનો જંબુદ્વીપ છે તેમાં સમાય નહીં. તેના કુળ બાર લાખ ક્રોડ છે. તેનું આઉખું જઘન્ય અંતર્મુહૂર્તનું, ઉત-કૃષ્ટું બાવીશ હજાર વર્ષનું. તેની દયા પાળીયે તો મોક્ષનાં અનંતાં સુખ પામીયે.

(૨) અપકાય તે પાણી તેના બે ભેદ—સૂક્ષ્મ ને બાદર. સૂક્ષ્મ તે કોને કહીએ. હણ્યા હણાય નહિં, માર્યાં મરે નહીં, બાળ્યા બળે નહીં, તે આખા લોકમાં ભર્યાં છે પણ આપણી નજરે આવે નહીં, તેહને સુક્ષ્મ કહીયે.

હવે બાદર પાણીના નામ કહે છે—૧ વરસાદ ને કરાના પાણી, ૨ ઝાકળને ધુમરના પાણી, ૩ કુવા, નદી ને તળા-વના પાણી, ૪ દરિયા ને ઝરણના પાણી, ૫ ખારા ખાટા પાણી, ૬ મીઠા મોળા પાણી, એ આદી લઇને ઘણી જાતના પાણી છે. તેના એક બીંદુમાં અસંખ્યાતા જીવ કહ્યા છે તેમાંથી એકેકો જીવ નીકળીને સરસવના દાણા જેવડી કાયા કરે તો એક લાખ જોજનનો જંબુદ્વીપ છે તેમાં સમાય

નહીં. તેના કુળ સાત લાખ ક્રોડ છે. તેનું આઉખું જઘન્ય અંતર્મુહુર્તનું ઉતકૃષ્ટું સાત હજાર વર્ષનું; તેની દયા પાળીયે તો મોક્ષનાં અનંતા સુખ પામીયે.

(૩) તેઉકાય તે અગ્નિ તેના બે ભેદ–સુક્ષ્મ ને બાદર. સુક્ષ્મ તે કોને કહીયે. હણ્યા હણાય નહીં, માર્યો મરે નહીં, બાળ્યા બળે નહીં, તે આખા લોકમાં ભર્યો છે પણ આપણી નજરે આવે નહીં, તેહને સુક્ષ્મ કહીયે.

હવે બાદર અગ્નીના નામ કહે છે–૧ ચુલા ને ભઠ્ઠીની અગ્ની, ૨ ધુમાડી ને તાપણીની અગ્ની, ૩ ચકમક ને વીજળીની અગ્ની ૪ દીવા ને ઉમાડાની અગ્ની, ૫ ધગધગતા લોહ ને અરણીની અગ્ની, ૬ દાવાનળની અગ્ની ૭ નાભાડાની અગ્ની, આદી લઈને ઘણી જાતની અગ્ની છે. તેના એક તણખામાં અસંખ્યાતા જીવ શ્રી ભગવંતે કહ્યા છે. તેમાંથી એકેકા જીવ નીકળીને ખસખસના દાણા જેવડી કાયા કરે તો એક લાખ જોજનનો જંબુદ્વીપ છે તેમાં સમાય નહીં. તેના કુળ ત્રણ લાખ ક્રોડ છે. તેનું આઉખું જઘન્ય અંતર્મુહુર્તનું ઉતકૃષ્ટું ત્રણ અહોરાત્રીનું. તેની દયા પાળીએ તો મોક્ષના અનંતા સુખ પામીયે.

(૪) વાઉકાય તે વાયરો તેના બે ભેદ–સૂક્ષ્મ ને બાદર. સૂક્ષ્મ તે કોને કહીયે, હણ્યા હણાયા નહીં, માર્યો મરે

નહીં, બાળ્યા બળે નહીં, તે આખા લોકમાં ભર્યો છે પણ આપણી નજરે આવે નહીં, તેહને સુક્ષ્મ કહીયે.

હવે બાદર વાયરાના નામ કહે છે. ૧ ઉગમણો ને આથમણો વા, ૨ ઉત્તર ને દક્ષીણનો વા, ૩ ઉંચો નીચો ને ત્રિછો વા, ૪ વંટોળીઓ ને મંડળીઓ વા, ૫ ગુંજવા ને સૂખવા, એ આદી લઇને ઘણી જાતનો વાયરો છે. તે વાયરો શાથી હણાય છે–૧ ઉઘાડા મોઢે બોલવાથી, ૨ ઝાપટ નાંખવાથી, ૩ સૂપડે સોવાથી, ૪ ઝાટકવાથી, ૫ કાંતવાથી ૬ વીંજવાથી, ૭ તાલોટા વગાડવાથી, ૮ વીંઝણે વીંઝવાથી ૯ હીંચોળે હીંચવાથી ૧૦ આદી લેઇને ઘણી જાતના શસ્ત્રે કરી હણાય છે. અને એકવાર ઉઘાડા મોઢે બોલવાથી વાયરાના અસંખ્યાતા જીવ હણાય છે, તેમાંથી એકેકો જીવ નીકળીને વડના બીજ જેવડી કાયા કરે તો એક લાખ જોજનનો જંબુદ્વીપ છે તેમાં સમાય નહીં. તેના કુળ સાત લાખ ક્રોડ છે. તેનું આઉખું જઘન્ય અંતર્મુહુર્તનું ઉત્કૃષ્ટું ત્રણ હજાર વર્ષનું. તેની દયા પાળીએ તો મોક્ષનાં અનંતા સુખ પામીયે.

(૫) વનસ્પતિ કાયના બે ભેદ–સુક્ષ્મ ને બાદર, સુક્ષ્મ તે કોને કહીયે. હણ્યા હણાય નહીં, માર્યો મરે નહીં, બાળ્યા બળે નહીં, તે આખા લોકમાં ભર્યો છે પણ આપણી નજરે આવે નહીં, તેહને સુક્ષ્મ કહીયે.

બાદર વનસ્પતિના બે ભેદ—૧ પ્રત્યેક, ૨ સાધારણ. પ્રત્યેક કોને કહીયે—શરીરે શરીરે એકેકો જીવ હોય તેને પ્રત્યેક કહીયે, અને એક શરીરે અનંતા જીવ હોય તેને સાધારણ કહીયે. હવે પ્રત્યેકના નામ કહે છે. ૧ વૃક્ષ ને વેલાની જાત, ૨ રીંગણી તળસી ને ગુલમની જાત, ૩ એરંડા, આકડા, ધંતુરાની જાત, ૪ દાડમ સેલડી ને કેળાની જાત, ૫ મો, કેવડો, હાભડો ને તરણાની જાત, ૬ પુલ કમળ ને નાગરવેલની જાત, ૭ બોરડી કેરડો ને કસેલાની જાત, ૮ જુવાર, બાજરો, મઠ, મકાઇની જાત, ૯ તાંજલજો, સુવા, મોધરી, વાલોર ફળીની જાત, એ આદી લેઇને ઘણી જાતની પ્રત્યેક વનસ્પતિ છે. તેમાં ભગવાને ત્રણ પ્રકારના જીવ કહ્યા છે—સંખ્યાતા, અસંખ્યાતા, અને અનંતા. તેની દયા પાળીયે તો મોક્ષના અનંતા સુખ પામીયે.

હવે સાધારણ વનસ્પતિના નામ કહે છે—૧ લીલફુલ અને સેવાળની જાત ૨ ગાજર મુળાની જાત, ૩ ડુંગળી લસણની જાત, ૪ આદુ ને ગરમરની જાત. ૫ રતાળુ પીંડાળુની જાત, ૬ કંટાલો, થોર, ખરસાણી, કુંવાર, સેલરાની જાત ૭ મોથલુંગીની જાત, ૮ ઉગતા અંકુરા અને કુણી કાકડીની જાત, એ આદી લેઇને ઘણી જાતની સાધારણ વનસ્પતિ છે. એક કંદમુળના કકડામાં અનંતા જીવ કહ્યા છે; તેના કુળ અઠાવીસ લાખ ક્રોડ છે, તેનું આઉખું જઘન્ય

અંતર્મુહુર્તનું, ઉતકૃષ્ટું દશ હજાર વર્ષનું, તેની દયા પાળીયે તો મોક્ષના અનંતા સુખ પામીયે.

(૬) ત્રસકાય તેના ચાર ભેદ—૧ બેઈંદ્રી, ૨ તેઈંદ્રી, ૩ ચૌરેંદ્રી ૪ પચેંદ્રી. (૧) બે ઈંદ્રીના બે ભેદ. અપ્રજાપ્તા. અને પ્રજાપ્તા. જેને કાયા અને જીભ હોય તેને બેઇંદ્રી કહીયે તેના નામ કહે છે. ૧ જળો, ૨ કીડા, ૩ પોરા. ૪ કરમીયા, ૫ સરમીયા, ૬ મામણમુંડા, ૭ અળશીયા, ૮ વાંતરા, ૯ સંખ ૧૦ છીપ, ૧૧ કોડા, ૧૨ ચેળ, આદી લેઇને ઘણી જાતના બેઈંદ્રી જીવ છે. તેના કુળ સાતલાખ ક્રોડ છે. તેનું આઉખું જઘન્ય અતર્મુહુર્તનું, ઉતકૃષ્ટુ બાર વર્ષનું. તેની દયા પાળીયે તો મોક્ષના અનંતા સુખ પામીયે.

(૨) તેઈંદ્રીના બે ભેદ–અપ્રજાત્પા અને પ્રજાત્પા. જેને કાયા, મુખ, અને નાસીકા હોય તેને તેઈંદ્રી કહીયે. તેના નામ કહે છે. ૧ જુ, ૨ લીંખ, ૩ ચાંચડ, ૪ માંકડ, ૫ કીડી, ૬ કંથવા, ૭ માટલા, ૮ ધનેડા, ૯ જુવા, ૧૦ ઈતડી, ૧૧ ગીંગોડા, ૧૨ ધીમેલ ૧૩ ગધૈયા, ૧૪ કાનખજુરા, ૧૫ મંકોડા, ૧૬ ઉધઈ, ૧૭ શવા, એ આદી લઇને ઘણી જાતના તેઈંદ્રી જીવ છે. તેના કુળ આઠ લાખ ક્રોડ છે. તેનું આઉખું જઘન્ય અંતર્મુહુર્તનું, ઉતકૃષ્ટુ ઓગણપચાસ દિવસનું. તેની દયા પાળીએ તો મોક્ષના અનંતા સુખ પામીયે.

(૩) ચૌરિંદ્રીના બે ભેદ–અપ્રજાપ્તા ને પ્રજાપ્તા.

જેને કાયા, મુખ, નાસિકા, અને આંખ હોય તેને ચૌરિંદ્રી કહીયે. હવે તેના નામ કહે છે—૧ માંખી, ૨ મસલા, ૩ ડાંસ, ૪ મચ્છર, ૫ ભમરા, ૬ તીડ, ૭ પતંગ, ૮ કરોળીયા, ૯ કંસારી, ૧૦ ખડમાંકડી, ૧૧ ધુડીયા, ૧૨ વીંછી, ૧૩. બગા, ૧૪ કુદા એ આદી લઇને ઘણી જાતના ચૌરિંદ્રી જીવ છે. તેના કુળ નવલાખ ક્રોડ છે. તેનું આઉખું જઘન્ય અંતર્મુહુર્તનું, ઉતકૃષ્ટ છ માસનું. તેની દયા પાળીયે તો મોક્ષના અનંતા સુખ પામીયે.

(૪) પંચેંદ્રીના બે ભેદ—અપ્રજાપ્તા ને પ્રજાપ્તા. જેને કાયા, મુખ, નાસિકા, આંખ, અને કાન એ પાંચે ઇંદ્રી હોય તેને પંચેંદ્રી કહીયે. પંચેદ્રીની ચાર જાત—૧ નારકી, ૨ તિર્યંચ, ૩ મનુષ્ય, અને ૪ દેવતા.

તેમાં ૧૪ ભેદ નારકીના, ૪૮ ભેદ તિર્યંચના, ૩૦૩ ભેદ મનુષ્યના, ૧૯૮ ભેદ દેવતાના કુલ મળી ૫૬૩ ભેદ થયા.

વળી તેમાં દેવતાના ચાર ભેદ તેનાં નામ કહે છે. ૧ ભવનપતી, ૨ વાણવ્યંતરા, ૩ જોતષી, ૪ વૈમાનીક. એ ચારના નામ કહ્યા. મનુષ્યના ચાર ભેદ તેના નામ કહે છે. ૧, ૧૫ કર્મભુમીના મનુષ્ય, ૨, ૩૦ અકર્મભુમીના મનુષ્ય, ૩, ૫૬ અંતરદ્વીપના મનુષ્ય, ૪, ૧૪ સ્થાનકના સમુર્છીમ મનુષ્ય એ ચારના નામ કહ્યા. નારકી ને દેવતાની સ્થિતી

જઘન્ય દશહજાર વર્ષની, ઉતકૃષ્ટી તેત્રીશ સાગરોપમની, તિર્યંચ ને મનુષ્યની સ્થિતી જઘન્ય અંતર્મુહુર્તની, ઉતકૃષ્ટી ત્રણ પલ્યની, તેની દયા પાળીએ તો મોક્ષના અનંતા સુખ પામીએ.

॥ ઇતી શ્રી છકાયના બોલ સમાપ્ત. ॥

શ્રી પાંત્રીશ બોલનો થોકડો.

પહેલે બોલે—ગતિ ચાર. ૧ નારકી, ૨ તિર્યંચ, ૩ મનુષ્ય, ૪ દેવતા.

બીજે બોલે—જાતિ પાંચ. ૧ એકેંદ્રિય, ૨ બેઇંદ્રિય, ૩ તેઇંદ્રિય, ૪ ચઉરેંદ્રિય, ૫ પંચેંદ્રિય.

ત્રીજે બોલે—કાય છ. ૧ પૃથ્વીકાય, ૨ અપકાય, ૩ તેઉકાય, ૪ વાઉકાય, ૫ વનસ્પતિકાય. ૬ ત્રસકાય.

ચોથે બોલે—ઇંદ્રિય પાંચ. ૧ શ્રોતેંદ્રિય, ૨ ચક્ષુઇંદ્રિય ૩ ઘ્રાણેંદ્રિય, ૪ રસેંદ્રિય, ૫ સ્પર્શેંદ્રિય.

પાંચમે બોલે—પર્યાપ્ત છ. ૧ આહાર, ૨ શરીર, ૩ ઈંદ્રિય, ૪ શ્વાસોશ્વાસ, ૫ ભાષા, ૬ મન.

છઠે બોલે—પ્રાણ દશ. પાંચ ઈંદ્રિય, ૬ મનોબળ, ૭ વચનબળ, ૮ કાયાબળ, ૯ શ્વાસોશ્વાસ, ૧૦ આયુષ્ય.

સાતમે બોલે—શરીર પાંચ. ૧ ઔદારિક, ૨ વૈક્રેય. ૩ આહારક. ૪ તેજસ, ૫ કાર્મણ.

આઠમે બોલે—યોગ પંદર. ૧ સત્ય મનયોગ, ૨ અસત્ય મનયોગ, ૩ મિશ્ર મનયોગ, ૪ વ્યવહાર મનયોગ, ૫ સત્ય વચનયોગ, ૬ અસત્ય વચનયોગ, ૭ મિશ્ર વચન યોગ, ૮ વ્યવહાર વચનયોગ, ૯ ઔદારિક કાયયોગ, ૧૦ ઔદારિક મિશ્ર કાયયોગ, ૧૧ વૈક્રેય કાયયોગ, ૧૨ વૈક્રેય મિશ્ર કાયયોગ, ૧૩ આહારક કાયયોગ, ૧૪ આહારક મિશ્ર કાયયોગ; ૧૫ કાર્મણ કાયયોગ.

નવમે બોલે—ઉપયોગ બાર. ૧ મતિજ્ઞાન, ૨ શ્રુતજ્ઞાન, ૩ અવધિજ્ઞાન, ૪ મનઃપર્યવજ્ઞાન, ૫ કેવળજ્ઞાન. ૬ મતિ અજ્ઞાન, ૭ શ્રુત અજ્ઞાન, ૮ વિભંગ જ્ઞાન, ૯ ચક્ષુ દર્શન, ૧૦ અચક્ષુ દર્શન, ૧૧ અવધિ દર્શન, ૧૨ કેવળ દર્શન.

દશમે બોલે—કર્મ આઠ, ૧ જ્ઞાનાવરણીય, ૨ દર્શનાવરણીય, ૩ વેદનીય, ૪ મોહનીય, ૫ આયુષ્ય, ૬ નામ, ૭ ગોત્ર, ૮ અંતરાય.

અગીયારમે બોલે—ગુણઠાણું ચૌદ, ૧ મિથ્યાત્વ, ૨ સાસ્વાદાન, ૩ મિશ્ર, ૪ અવિરતી સમ્યકદૃષ્ટિ ૫ દેશવિરતી (શ્રાવક), ૬ પ્રમત સંજતિ, ૭ અપ્રમત સંજતિ, ૮ નીવૃતી બાદર; ૯ અનીવૃતી બાદર, ૧૦ સૂક્ષ્મ સંપરાય, ૧૧ ઉપશાંત મોહનીય. ૧૨ ક્ષીણ મોહનીય, ૧૩ સયોગી કેવળી, ૧૪ અયોગી કેવળી.

બારમે બોલે-પાંચ ઈંદ્રિયોના વિષય ૨૧ શ્રોતેંદ્રિયનો એક વિષય. ૧ શબ્દ; ચક્ષુઈંદ્રિયના પાંચ વિષય-૧ કાળો, ૨ નીલો, ૩ લાલ, ૪ પીળો, ૫ ધોળો, ઘ્રાણેંદ્રિયના બે વિષય-૧ સુરભિ ગંધ, ૨ દુરભિ ગંધ, રસેંદ્રિયના પાંચ વિષય-૧ કડવો, ૨ કસાયલો. ૩ ખાટો, ૪ મીઠો. ૫ તીખો. સ્પર્શેંદ્રિયના આઠ વિષય-૧ સુંવાળો, ૨ ખરખરો, ૩ હલકો, ૪ ભારે, ૫ ઉષ્ણ, ૬ ટાઢો, ૭ લુખો, ૮ ચોપડયો.

તેરમે બોલે-પચીશ પ્રકારનું મિથ્યાત્વ. ('પ્રતિક્રમણ" પાઠ ૨૧ મો જુઓ).

ચોદમે બોલે—નવતત્વના જાણપણાના ૧૧૫ બોલ. ચૌદ ભેદ જીવના-સૂક્ષ્મ એકેંદ્રિય, બાદર એકેંદ્રિય, બે ઇંદ્રિય, તેઇંદ્રિય, ચઉરેંદ્રિય અસંજ્ઞી પંચેંદ્રિય, સંજ્ઞી પંચેંદ્રિય, તે દરેકના અપર્યાપ્તા ને પર્યાપ્તા. ચૌદ ભેદ અજીવના-ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય, આકાશાસ્તિકાય એ દરેકના સ્કંધ, દેશ, પ્રદેશ એમ નવ, અને કાળ મળી દશ ભેદ અરૂપી અજીવના; તથા પુદ્‌ગલાસ્તિકાય (રૂપી અજીવ)ના ચાર ભેદ. સ્કંધ, દેશ, પ્રદેશ, પરમાણુ. નવ ભેદ પુણ્યના-અન્નપુન્ને, પાણપુન્ને, લયણપુન્ને શયનપુન્ને, વથ્થપુન્ને, મનપુન્ને. વચનપુન્ને, કાયપુન્ને, નમસ્કારપુન્ને. અઢાર ભેદ પાપના-(જુઓ "પ્રતિક્રમણ" પાઠ ૨૦ મો, અઢાર પાપસ્થાનક) વીશ ભેદ આશ્રવના-મિથ્યાત્વ. અવ્રત, પ્રમાદ,

કષાય, અશુભયોગ, પ્રાણાતિપાત, મૃષાવાદ, અદત્તાદાન, મૈથુન, પરિગ્રહ, શ્રોતેંદ્રિય-ચક્ષુઇંદ્રિય-ઘ્રાણેંદ્રિય રસેંદ્રિય-સ્પર્શેંદ્રિય, એ પાંચને મોકળી મૂકવી તે; મન-વચન-કાયાને મોકળા મૂકવાં તે. ભંડોપગરણની અયત્ના કરે તે, સુચી કુસગ્ગ કરે તે. વીશ ભેદ સંવરના-સમકિત, વ્રત પચ્ચખાણ, અપ્રમાદ, અકષાય, શુભયોગ, જીવદયા, સત્યવચન, અદત્તાદાન ત્યાગ, મૈથુનત્યાગ, અપરિગ્રહ એ દશ તથા પાંચ ઇંદ્રિય ને ત્રણ જોગનું સંવરવું તે; ભંડ ઉપકરણ ઉપધિ યત્નાએ લીએ મુકે તે; શુચિ કુસગ્ગ ન કરે તે. બાર ભેદ નિર્જરાનાં-અણસણ, ઉણોદરી, વૃત્તિસંક્ષેપ, રસપરિત્યાગ, કાયકલેશ, પડિસંલીનતા, પ્રાયશ્ચિત, વિનય, વૈયાવચ્ચ, સઝાય, ધ્યાન, કાઉસગ્ગ, ચાર ભેદ બંધના—પ્રકૃતિબંધ, સ્થિતિબંધ, અનુભાગબંધ, પ્રદેશબંધ, ચાર ભેદ મોક્ષના-જ્ઞાન, દર્શન ચારિત્ર, તપ એમ ૧૧૫ બોલ થયા.

પંદરમે બોલે—આત્મા આઠ પ્રકારના છે. દ્રવ્યાત્મા, કષાયાત્મા, યોગાત્મા, ઉપયોગાત્મા, જ્ઞાનાત્મા, દર્શનાત્મા, ચારિત્રાત્મા, વીર્યાત્મા.

સોળમે બોલે—દંડક ચોવીશ છે. દશ ભવનપતિના અસુરકુમાર; નાગકુમાર, સોવનકુમાર, વિદ્યુતકુમાર, અગ્નિકુમાર, દ્વીપકુમાર, ઉદધિકુમાર, દિશાકુમાર, વાયુકુમાર, સ્તનિતકુમાર, એક સાત નરકનો; પાંચ સ્થાવરના-પૃથ્વીકાય

અપકાય, તેઉકાય, વાઉકાય, વનસ્પતિકાય. ત્રણ વિકલેંદ્રિયના બેઇંદ્રિય, તેઈંદ્રિય, ચઉરેંદ્રિય. એક તિર્યંચપંચેંદ્રિયનો, એક મનુષ્યનો; એક વાણવ્યંતર દેવતાનો; એક જ્યોતિષી દેવતાનો; એક વૈમાનિક દેવતાનો એમ ચોવીશ દંડક થયા.

સત્તરમે બોલે—લેસ્યા છ. કૃષ્ણ, નીલ, કાપૂત, તેજુ, પદ્મ, શુકલ.

અઢારમે બોલે—દૃષ્ટિ ત્રણ, મિથ્યાત્વ દૃષ્ટિ, સમામિથ્યાત્વ દૃષ્ટિ, સમદૃષ્ટિ.

ઓગણીસમે બોલે-ધ્યાન ચાર. આર્તધ્યાન, રૂદ્રધ્યાન, ધર્મધ્યાન, શુકલધ્યાન.

વીશમે બોલે-છ દ્રવ્યના ત્રીશ બોલ. તેમાં પાંચ બોલ ધર્માસ્તિકાયના-દ્રવ્યથકી એક, ક્ષેત્રથકી લોક પ્રમાણે કાળ થકી અનાદિ અનંત, ભાવથકી અરૂપી, ગુણથકી ચલણ સહાય. પાંચ બોલ અધર્માસ્તિકાયના-દ્રવ્યથકી એક, ક્ષેત્રથકી લોક પ્રમાણે, કાળ થકી અનાદિ અનંત, ભાવથકી, અરૂપી, ગુણ થકી સ્થિર સહાય. પાંચ બોલ આકાશાસ્તિકાયના-દ્રવ્યથકી એક, ક્ષેત્રથકી લોકાલોક પ્રમાણે, કાળથકી અનાદિ અનંત ભાવથકી અરૂપી, ગુણથકી ભાજનગુણ. (અવકાશ). પાંચ બોલ કાળના-દ્રવ્યથકી અનંત, ક્ષેત્રથકી અઢીદ્વિપ પ્રમાણે, કાળથકી અનાદિ અનંત, ભાવથકી અરૂપી, ગુણથકી વર્તવાનો ગુણ. પાંચ બોલ પુદ્દગલના-દ્રવ્યથકી અનંત, ક્ષેત્રથકી

લોક પ્રમાણે, કાળથકી અનાદિ અનંત, ભાવથકી રૂપી, ગુણથકી ગળેને મળે. પાંચ બોલ જીવના–દ્રવ્યથકી અનંત, ક્ષેત્રથકી આખા લોક પ્રમાણે, કાળથકી આદિ અંતરહિત, ભાવથકી અરૂપી, ગુણથકી ચૈતન્ય ગુણ.

એકવીશમે બોલે—રાશિ બે. જીવરાશિ, અજીવરાશિ.

બાવીશમે બોલે—શ્રાવકનાં વ્રત બાર. તેના ભાંગા ૪૯

ત્રેવીશમે બોલે—સાધુનાં પાંચ મહાવ્રત; તેના ભાંગા ૨૫૨.

ચોવીશમે બોલે—પ્રમાણ ચાર. પ્રત્યક્ષ, અનુમાન, આગમ, ઉપમાન.

પચીશમે બોલે–ચારિત્ર પાંચ, સામાયિક ચારિત્ર, છેદોપસ્થાપનીય ચારિત્ર, પરિહારવિશુદ્ધ ચારિત્ર, સૂક્ષ્મસંપરાય ચારિત્ર, યથાખ્યાત ચારિત્ર.

છવીશમે બોલે—સાત નય. નૈગમનય, સંગ્રહનય, વ્યવહારનય, ઋજુસૂત્રનય, સમભિરૂઢનય, શબ્દનય, એવંભૂતનય.

સત્તાવીશમે બોલે–નિક્ષેપા ચાર, નામનિક્ષેપ. સ્થાપના નિક્ષેપ, દ્રવ્યનિક્ષેપ, ભાવનિક્ષેપ.

અઠ્ઠાવીશમે બોલે—સમકિત પાંચ–ઉપશમસમકિત, ક્ષયોપશમસમકિત, ક્ષાયિકસમકિત, સાસ્વાદાનસમકિત, વેદકસમકિત.

ઓગણત્રીસમે બોલે—રસ નવ–શૃંગારરસ, વીરરસ, કરૂણારસ, હાસ્યરસ, રૌદ્રરસ, ભયાનકરસ, અદ્ભુતરસ, બિભત્સરસ, શાંતરસ.

ત્રીસમે બોલે—ભાવના બાર. અનિત્યભાવના, અશરણભાવના, સંસારભાવના, એકત્વભાવના, અન્યત્વભાવના, અશુચિભાવના, આશ્રવભાવના, સંવરભાવના, નિર્જરાભાવના લોકસ્વરૂપભાવના, બોધિભાવના, ધર્મભાવના.

એકત્રીશમે બોલે—અનુયોગ ચાર. દ્રવ્યાનુયોગ, ગણિતાનુયોગ, ચરણકરણાનુયોગ, ધર્મકથાનુયોગ.

બત્રીસમે બોલે—દેવતત્વ, ગુરૂતત્વ, ધર્મતત્વ, એ ત્રણ તત્વ.

તેત્રીશમે બોલે—સમવાય પાંચ. કાળ, સ્વભાવ, નિયત પૂર્વકૃત (કર્મ), પુરૂષાકાર (ઉદ્યમ).

ચોત્રીશમે બોલે—પાખંડીના ત્રણસેંત્રેસઠ ભેદ ક્રિયાવાદીના ૧૮૦, અક્રિયાવાદીના ૮૪, વિનયવાદીના ૩૨, અજ્ઞાનવાદીના ૬૭.

પાંત્રીશમે બોલે—શ્રાવકનાં ગુણ એકવીશ. ૧ અક્ષુદ્ર ૨ રૂપવંત, ૩ સૌમ્ય પ્રકૃતિવાળો, ૪ લોકપ્રિય, ૫ અક્રૂર, ૬ પાપ ભીરૂ; ૭ શાઠય રહિત, ૮ ચતુરાઈવાળો, ૯ લજ્જાવંત, ૧૦ દયાળુ, ૧૧ મધ્યસ્થપરિણામી, ૧૨ સુદૃષ્ટિવાળો, ૧૩ ગુણાનુરાગી, ૧૪ સારોપક્ષ ધારણ કરનાર. ૧૫ દીર્ઘદૃષ્ટિવંત, ૧૬ વિશેષજ્ઞ, ૧૭ અલ્પારંભી. ૧૮ વિનીત; ૧૯ કૃતજ્ઞ ૨૦ પરહિતકારી, ૨૧ લબ્ધલક્ષ્મી.

॥ શ્રી પાંત્રીશ બોલનો થોકડો સમાપ્ત. ॥

શ્રી પચીશ ક્રીયા.

૧. કાઇયા ક્રીયાના બે ભેદ. ૧ અણુઉતકાઇયા. ૨ દુપતવઇ કાઇઆ. ૧. અણુઉતકાઇયા તે આ કાયા ઘણા કાળથી વોસરાવા વીના આવી તેની ક્રીયા લાગે, ૨ દુપતવઇકાઇઆ તે આ કાય હજુ સુધી પાપથી નીવર્તી નથી તેથી કીરીયા લાગે.

૨. અહીગરણીયા ક્રીયા તેના બે ભેદ—૧ સંજોજન અહીગરણીયા, ૨ નાવૃતગરણીયા, ૧ સંજોજન અહીગરણીયા તે ભાંગ્યાટુટયા અધીકરણ મુશલ અસ્રાદીક સજ કરે તે ક્રીયા લાગે. ૨ નાવૃતગરણીયા તે. નવા અધિકરણ મેળવે તે ક્રીયા લાગે.

૩. પાઉસીયા ક્રીયાના બે ભેદ—૧ જીવપાઉસીયા, ૨ અજીવપાઉસીયા. ૧ જીવપાઉસીયા તે. જીવ ઉપર દ્વેષ કરે તો ક્રીયા લાગે. ૨. અજીવ પાઉસીયા તે–અજીવ ઉપર દ્વેષ કરે તો ક્રીયા લાગે.

૪. પરિતાવણીયા ક્રીયાના બે ભેદ—૧. સહથ પરિતાવણીયા, ૨. પરસહથપરિતાવણીયા, ૧. સહથપરિતાવણીયા-પોતે પોતાના જીવને પરિતાપના ઉપજાવે તો ક્રીયા લાગે. ૨. પરસહથ પરિતાવણિયા તે બીજાના જીવને પરિતાપના ઉપજાવે તો ક્રીયા લાગે.

૫. પાણુાઇવાઇયા ક્રીયાના બે ભેદ—૧. સહથપાણુાયી-વાઇ ક્રીયા, ૨. પરહથપાણુાઇવાઇ ક્રીયા. ૧ સહથ પાણુાવાઈ ક્રીયા તે પોતાના હાથે પોતાનો પ્રાણ કાઢે તે ક્રીયા લાગે. ૨ પરહથ પાણુાઇવાઇ ક્રીયા તે બીજાના પ્રાણ કાઢે તો ક્રીયા લાગે.

૬. આરંભક્રીયાના બે ભેદ. ૧ જીવઆરંભીયા, ૨ અજીવઆરંભીયા, ૧ જીવઆરંભીયા તે–જીવનો આરંભ કરે તો ક્રીયા લાગે. ૨ અજીવઆરંભીયા તે–અજીવનો આરંભ કરે તો ક્રીયા લાગે.

૭. પરીગહીયા ક્રીયાના બે ભેદ–૧ જીવપરિગહીયા, ૨ અજીવપરિગહીયા, ૧ જીવ પરિગહીયા તે જીવનો પરિગ્રહો મેળવે તો ક્રીરીયા લાગે, ૨ અજીવપરિગહીયા તે અજીવનો સમુદાય મેળવે તો ક્રીયા લાગે.

૮. માયાવતીયા ક્રીયાના બે ભેદ–૧. આભવવંકણીઆ, ૨ પરભવવંકણીઆ, ૧ આભવવંકણીયા તે પોતે વાંકા આ-ચરણ આચરે તો ક્રીયા લાગે. ૨ પરભવ વંકણીયા તે પરપાસે વાંકા આચરણ અચરાવે તો ક્રીયા લાગે.

૯. અપચખાણુવતીયાના બે ભેદ—૧ જીવ અપચખા-ણુવતીયા, ૨ અજીવ અપચખાણુવતીયા, ૧ જીવ અપચખા-ણુવતીયા તે–જીવના પચખાણ નથી કર્યાં માટે ક્રીયા લાગે. ૨ અજીવ અપચખાણુવતીયા તે અજીવના પચખાણ નથી કર્યાં માટે ક્રીયા લાગે.

૧૦. મીથ્યાતદર્શનવતીયાં ક્રીયાના બે ભેદ-૧ ઉણાઈ-રીતે, ૨ તવાઈરીતે. ૧ ઉણાઈરીતે તે આધુપાછું સદ્દહે તો ક્રીયા લાગે. ૨. તવાઈરાતે તે વીપરીતેસીધ્ધે પરૂપે તો ક્રીયા લાગે.

૧૧. દીઠીયા ક્રીયાના બે ભેદ-૧ જીવ દીઠીયા, ૨ અજીવદીઠીયા. ૧ જીવને દીઠે ક્રીયા લાગે તે જીવદીઠીયા; ૨. અજીવ દીઠીયા તે અજીવને દીઠે ક્રીયા લાગે.

૧૨. પુઠીયા ક્રીયાના બે ભેદ-૧ જીવપુઠીયા, ૨ અજીવપૂઠીયા. ૧ જીવપૂઠીયા તે જીવને ફરસે તો ક્રીયા લાગે. ૨ અજીવપૂઠીયા તે-અજીવને ફરસે તો ક્રીયા લાગે.

૧૩. પાડુચીયા ક્રીયાના બે ભેદ-૧ જીવપાડુચીયા, ૨ અજીવ પાડુચીયા. ૧ જીવ પાડુચીયા તે જીવનું માઠુ વંછીચે તો ક્રીયા લાગે. ૨ અજીવ પાડુચીયા તે અજીવને પાડુ એમ માઠું વછીએ તો ક્રીયા લાગે.

૧૪. સામંતોવણીયા ક્રીયાના બે ભેદ-૧. જીવ સામંતોવણીયા, ૨ અજીવસામંતો વણીયા ૧. જીવસામંતોવણીયા તે જીવનો સમુદાય મેળવે તો ક્રીયા લાગે. ૨ અજીવસામંતો વણીયા. અજીવનો સમુદાય મેળવે તો ક્રીયા લાગે.

૧૫. સેહેથીયાના બે ભેદ-૧ જીવસેહથીયા, ૨ અજીવ સેહથીયા. જીવ સેહથીયા-જીવને લડાવે તો ક્રીયા લાગે

૨ અજીવવ સેહથીયા—અજીવને લડાવે તો ક્રીયા લાગે.

૧૬. નેસથીયાના બે ભેદ-૧ જીવ નેસથીયા ૨ અજીવ નેસથીયા. ૧ જીવનેસથીયા—જીવને નાખી દે તો ક્રીયા લાગે. ૨ અજીવ નેસથીયા—અજીવને નાખી દે તો ક્રીયા લાગે.

૧૭. અણુવણીયાના બે ભેદ-૧ જીવ અણુવણીયા, ૨ અજીવ અણુવણીયા. ૧ જીવ અણુવણીયા—જીવને મંગાવે તો ક્રીયા લાગે. ૨ અજીવ અણુંવણીયા-અજીવને મંગાવે તો ક્રીયા લાગે.

૧૮. વેદારણીયાના બે ભેદ—૧ જીવ વેદારણીયા, ૨ અજીવ વેદારણીયા. ૧ જીવવેદારણીયા-જીવને વેદાવે તો ક્રીયા લાગે. ૨ અજીવ વેદારણીયા-અજીવને વેદાવે તો ક્રીયા લાગે.

૧૯. અણાભોગવતીયાના બે ભેદ—૧ અણાઉતઅણાયા, ૨ અણાઉતપમ્મજણા. ૧ અણાઉત અણાયા તે અસાવધાનપણે લેવું-મેલવું—બોલવું તે ક્રીયા લાગે. ૨ અણુઉતપમ્મજણા તે ઉપયોગ વીના લેવું તે ક્રીયા લાગે,

૨૦ અણુવકંખવતીયાના બે ભેદ—૧ સ્વઅણવકંખવતીયા, ૨ પરઅણુવકંખવતીયા. ૧ સ્વઅણુવકંખવતીયા તે પોતાના આત્માને પીડા ઉપજાવે તો ક્રીયા લાગે, ૨ પર અણવકંખવતીયા તે બીજાના જીવને પીડા ઉપજાવે તો ક્રીયા લાગે.

૨૧. પેજેવતીયાના બે ભેદ—૧ માયાથી ૨, લોભેથી ક્રીયા લાગે તે.

૨૨. દોસવતીયાના બે ભેદ—૧ ક્રોધથી ક્રીયા લાગે, ૨ માનથી ક્રીયા લાગે.

૨૩. પઉગવતીયાના ત્રણ ભેદ—૧ મન, ૨ વચન, ૩ કાયા. તેના જોગ માઠા વરતાવે તો ક્રીયા લાગે.

૨૪. સાંમુદાણીના ત્રણ ભેદ—૧ સયંતર, ૨ નીરંત, ૩ તદુભીયા. સયંતર તે આંતરા સહીત ને નીરંતર તે આંતરા રહીત ક્રીયા લાગે. તદુભયા તે આંતરા સહીત ને રહીત ક્રીયા લાગે.

૨૫. ઇરીયાવહીયા ક્રીયાના બે ભેદ—૧ છદમસ્ત ૨ કેવળી. છદમસ્તને ક્રીયા લાગે તથા કેવળીને લાગે તેમાં ચોવીસ છાંડવી ને પચવીશમી ક્રીયા આદરવી.

ઇતી પચીસ ક્રીયાના ભેદ સંમપુર્ણ.

॥ श्री शान्तीनाथाय नमः ॥

શ્રી નવ તત્વ.

આ નવ તત્વ દરેક જૈનબંધુએ ગુરૂ પાસેથી ધારવા. તે નવ તત્વના નામ કહે છે.—૧ જીવ તત્વ, ૨ અજીવ તત્વ, ૩ પુણ્ય તત્વ, ૪ પાપ તત્વ, ૫ આશ્રવ તત્વ, ૬ સંવર તત્વ, ૭ નિર્જરા તત્વ, ૮ બંધ તત્વ, ૯ મોક્ષ તત્વ. એ નવેના નામ કહ્યા.

(૧) જીવ તત્વ તે કોને કહીએ.

ચૈતન્ય લક્ષણ, સદા સઉપયોગી, અસંખ્યાત પ્રદેશી, સુખ દુઃખનો જાણ, સુખ દુઃખનો વેદક, તેને જીવ તત્વ કહીયે. સકળ જીવોનું ચૈતન્ય લક્ષણ એક છે, માટે સંગ્રહ નયે કરી એક ભેદે જીવ કહીએ, તથા બે પ્રકારે પણ જીવ કહીએ.—૧ ત્રસ, ૨ થાવર, તથા ૧ સીદ્ધ, અને ૨ સંસારી તથા ત્રણ ભેદે જીવ.—૧ સ્ત્રી વેદ, ૨ પુરૂષ વેદ, ૩ નપુંસક વેદ તથા ૧ ભવ સીદ્ધીયા, ૨ અભવસીદ્ધીયા, ૩ નોભવસીદ્ધીયા, નો અભવસીદ્ધીયા તથા ચાર ભેદે જીવ.—૧ નારકી, ૨ તિર્યંચ, ૩ મનુષ્ય, ૪ દેવતા, તથા ૧ ચક્ષુદર્શની, ૨ અચક્ષુદર્શની, ૩ અવધિદર્શની, ૪ કેવળદર્શની.

તથા પાંચ પ્રકારે જીવ.—૧ એકેંદ્રીય, ૨ બેઇંદ્રીય, ૩ તેઇં-દ્રીય, ૪ ચઉરેંદ્રીય, ૫ પંચેંદ્રીય, તથા ૧ સજોગી, ૨ મન જોગી, ૩ વચન જોગી, ૪ કાય જોગી. ૫ અજોગી તથા છ પ્રકારે જીવ.—૧ પૃથ્વીકાય, ૨ અપકાય, ૩ તેઉકાય, ૪ વાઉકાય, ૫ વનસ્પતિકાય, ૬ ત્રસકાય, તથા ૧ સ કખાયી, ૨ કોહ કખાયી, ૩ માન કખાયી, ૪ માયા કખાયી. ૫ લોભ કખાયી, ૬ અ કખાયી, તથા સાત પ્રકારે જીવ.—૧ નારકી ૨ તિર્યંચ, ૩ તિર્યંચણી, ૪ મનુષ્ય, ૫ મનુષ્યણી, ૬ દેવતા, ૭ દેવી. તથા આઠ પ્રકારે જીવ.—૧ સલેશી, ૨ કૃષ્ણલેશી, ૩ નીલલેશી, ૪ કાપુતલેશી. ૫ તેજુલેશી, ૬ પદ્મલેશી, ૭ શુકલલેશી, ૮ અલેશી. તથા નવ પ્રકારે જીવ. ૧ પૃથ્વી, ૨ અપ, ૩ તેઉ, ૪ વાઉ, ૫ વનસ્પતિ ૬ બે-ઇંદ્રીય, ૭ તેઇંદ્રીય, ૮ ચૌરિંદ્રીય, ૯ પંચેંદ્રીય, તથા દસ ભેદે જીવ.—૧ એકેંદ્રીય, ૨ બેઇંદ્રીય, ૩ તેઇંદ્રીય, ૪ ચઉરિં-દ્રીય, ૫ પંચેદ્રીય એ પાંચના અપ્રજાપ્તા અને પ્રજાપ્તા એ મળી દશ થયા. તથા અગ્યાર ભેદે જીવ.—૧ એકેંદ્રીય, ૨ બેઇંદ્રીય, ૩ તેઇંદ્રીય, ૪ ચઉરિંદ્રીય, ૫ નારકી. ૬ તિર્યંચ, ૭ મનુષ્ય, ૮ ભવનપતી, ૮ વાણવ્યંતરા, ૧૦ જ્યોતષી, ૧૧ વૈમાનિક તથા બાર ભેદે જીવ.—૧ પૃથ્વી, ૨ અપ ૩ તેઉ, ૪ વાઉ, ૫ વનસ્પતિ, ૬ ત્રસકાય, એ છના અપ્રજાપ્તા ને પ્રજાપ્તા, એ મળી બાર થયા. તથા તેર ભેદે જીવ.—૧ કૃષ્ણલેશી, ૨ નીલલેશી, ૩ કાપુતલેશી, ૪ તેજુલેશી, ૫

પદ્મલેશી, ૬ સુકલલેશી. એ છના અપ્રજાપ્તા ને પ્રજાપ્તા એ મળી બાર ને એક અલેશી મળી કુલ તેર થયા.

હવે જીવના ચૌદ ભેદ કહે છે.–સુક્ષ્મ એકેંદ્રીયનો અપ્રજાપ્તો, ૨ સુક્ષ્મ એકેંદ્રીયનો પ્રજાપ્તો. ૩ બાદર એકેંદ્રીયનો અપ્રજાપ્તો, ૪ બાદર એકેંદ્રીયનો પ્રજાપ્તો, ૫ બેઇંદ્રીયનો અપ્રજાપ્તો, ૬ બેઇંદ્રીનો પ્રજાપ્તો, ૭ તેઇંદ્રીયનો અપ્રજાપ્તો. ૮ તેઇંદ્રીઓનો પ્રજાપ્તો, ૯ ચઉરીંદ્રીયનો અપ્રજાપ્તો, ૧૦ ચઉરિંદ્રીયનો પ્રજાપ્તો, ૧૧ અસંજ્ઞી પંચેદ્રીયનો અપ્રજાપ્તો, ૧૨ અસંજ્ઞી પંચેંદ્રીયનો પ્રજાપ્તો. ૧૩ સંજ્ઞી પંચેંદ્રીયનો અપ્રજાપ્તો, ૧૪ સંજ્ઞીપંચેંદ્રીયનો પ્રજાપ્તો, એ ચૌદ ભેદ જીવના કહ્યા; હવે વ્યવહાર વિસ્તારનયે કરીને પાંચસેં ત્રેસઠ ભેદ જીવના કહે છે, તેમાં ત્રણસેં ને ત્રણ ભેદ મનુષ્યના, એકસો અઠાણું ભેદ દેવતાના, અડતાળીશ ભેદ તિર્યંચના, ચઉદ ભેદ નારકીના. એમ ૫૬૩ ભેદ જીવના થયા.

હવે મનુષ્યના ૩૦૩ ભેદ કહે છે.–૧૫ કર્મભુમીના મનુષ્ય, ૧૦૧ ક્ષેત્રના ગર્ભજ મનુષ્યના અપ્રજાપ્તા, ને પ્રજાપ્તા, ૧૦૧ ક્ષેત્રના સમુર્છીમ મનુષ્યના અપ્રજાપ્તા એ સર્વ મળી કુલ ૩૦૩ ભેદ મનુષ્યના થયા.

હવે કર્મભુમી તે કોને કહીયે.–૧ અસી. ૨ મસી ૩ કૃષી એ ત્રણ પ્રકારના વેપારે કરી જીવે તેને કર્મભુમીના

મનુષ્ય કહીયે. તે કર્મભુમીના ક્ષેત્ર કેટલા છે તે કહે છે. ૫ ભરત, ૫ ઈરવત, ૫ મહાવીદેહ, એ મળી ૧૫ થયા. તે કર્મભુમી કીહાં છે—એક લાખ જોજનનો જંબુદ્વીપ છે. તેમાં ૧ ભરત, ૧ ઈરવત, ૧ મહાવીદેહ. એ ત્રણ ક્ષેત્ર કર્મ ભુમીના જંબુદ્વીપમાં છે. તેને ફરતો બે લાખ જોજનનો લવણ સમુદ્ર છે, તેને ફરતો ચારલાખ જોજનનો ધાતકીખંડ દ્વીપ છે. તેમાં ૨ ભરત, ૨ ઈરવત, ૨ મહાવીદેહ છે, તેને ફરતો આઠ લાખ જોજનનો કાળોદધી સમુદ્ર છે, તેને ફરતો આઠ લાખ જોજનનો અર્ધપુષ્કર દ્વીપ છે. તેમાં ૨ ભરત, ૨ ઈરવત, ૨ મહાવીદેહ છે. એમ સઘળા મળીને પંદર કર્મભુમીના મનુષ્ય કહ્યા.

હવે અકર્મ ભુમી તે કોને કહીયે.—ત્રણ કર્મરહિત, દસ પ્રકારના કલ્પવૃક્ષે કરી જીવે તેને અકર્મ ભુમીના મનુષ્ય કહીયે. તે કેટલા છે તે કહે છે. ૫ હેમવય, ૫ હિરણ્યવય, ૫ હરીવાસ, ૫ રમકવાસ; ૫ દેવકુરૂ, ૫ ઉત્તર કુરૂ એ ત્રીસ અકર્મ ભુમીના નામ કહ્યા.

તેમાંના છ ક્ષેત્ર જંબુદ્વીપમાં છે તેના નામ—૧ હેમવય, ૧ હીરણ્યવય, ૧ હરીવાસ, ૧ રમકવાસ, ૧ દેવકુરૂ, ૧ ઉત્તરકુરૂ, એ છ કહ્યા.

બાર ધાતકી ખંડમાં છે તેના નામ—૨ હેમવય, ૨ હીરણ્યવય, ૨ હરીવાસ, ૨ રમકવાસ, ૨ દેવકુરૂ, ૨ ઉત્તરકુરૂ, એ બાર કહ્યા.

બાર અર્ધ પુષ્કર દ્વીપમાં છે તેના નામ—૨ હેમવય, ૨ હીરણ્વય, ૨ હરીવાસ, ૨ રમકવાસ, ૨ દેવકુરૂ, ૨ ઉત્તરકુરૂ, એ બાર કહ્યા. એ સઘળા મળી કુલ ૩૦ અકર્મ ભૂમીના મનુષ્ય કહ્યા.

હવે છપ્પન અંતરદ્વીપના મનુષ્ય કહે છે:—

જંબુદ્વીપના ભરતક્ષેત્રની મર્યાદાનો કરણહાર ચુલ હીમવંત નામે પર્વત છે તે સોના જેવો પીળો છે, તે સો જોજનનો ઉંચો છે, સો ગાઉનો ઉંડો છે, એક હજાર બાવન જોજન ને બાર કળાનો પહોળો છે, ચોવીસ હજાર નવસેં બત્રીસ જોજનનો લાંબો છે, તેને પૂર્વ પશ્ચિમને છેડે બબે ડાઢા નીકળી છે. એકેકી ડાઢા ચોરાસીશેં, ચોરાસીશેં જોજનની ઝાઝેરી લાંબી છે. એકેકી ડાઢા ઉપર સાત સાત અંતર દ્વીપા છે. તે અંતર દ્વીપા કીહાં છે તે કહે છે.

જગતીના કોટ થકી ત્રણસેં જોજન લવણસમુદ્રમાં જઇએ ત વારે પહેલો અંતર દ્વીપો આવે, તે ૩૦૦ જોજનનો લાંબો ને પહોળો છે. ત્યાંથી ચારસેં જોજન જઇએ ત્યારે બીજો અંતર દ્વીપો આવે, તે ૪૦૦ જોજનનો લાંબો ને પહોળો છે. ત્યાંથી પાંચસેં જોજન જઇએ તેવારે ત્રીજો અંતર દ્વીપો આવે, તે ૫૦૦ જોજનનો લાંબો ને પહોળો છે. ત્યાંથી છસેં જોજન જઇએ તે વારે ચોથો અંતર દ્વીપો આવે, તે ૬૦૦ જોજનનો લાંબો ને પહોળો છે. ત્યાંથી સાતસેં જોજન જઇએ તેવારે પાંચમો અંતર દ્વીપો આવે,

તે ૭૦૦ જોજનનો લાંબો ને પહોળો છે. ત્યાંથી આઠસેં જોજન જઇએ તેવારે છઠો અંતર દ્વીપો આવે, તે ૮૦૦ જોજનનો લાંબો ને પહોળો છે. ત્યાંથી નવસેં જોજન જઇએ તે વારે સાતમો અંતર દ્વીપો આવે, તે ૯૦૦ જોજનનો લાંબો ને પહોળો છે. એમ સાત અંતરદ્વીપા આવે. કુલ ચારે ડાઢાના મળી ૨૮ અંતર દ્વીપા જાણવા.

આવીજ રીતે ઇરિવત ક્ષેત્રની મર્યાદાનો કરણહાર શીખરી નામે પર્વત છે, તે ચુલ હીમવંત સરીખોજ જાણવો. તીહાં પણ ૨૮ અંતર દ્વીપા છે એમ સઘળા મળી કુલ ૫૬ અંતર દ્વીપા જાણવા. તેને અંતર દ્વીપાના મનુષ્ય શા માટે કહીયે? હેઠળ સમુદ્ર છે, અને ઉપર અધર ડાઢાના દ્વીપોમાં રહેનારા છે માટે અંતર દ્વીપાના મનુષ્ય કહીયે.

હવે એકસો ને એક ક્ષેત્રના સમુર્છીમ મનુષ્ય ચૌદ સ્થાનકમાં ઉપજે છે તે કહે છે.

૧ ઊચ્ચારે સુવા કહેતાં વડીનિતમાં ઉપજે, ૨ પાસવણે સુવા, કહેતાં લઘુનિતમાં ઉપજે, ૩ ખેળે સુવા કહેતાં બળખામાં ઉપજે, ૪ સંઘાણે સુવા, કહેતાં લીંટમાં ઉપજે, ૫ વંતેસુવા, કહેતાં વમનમાં ઉપજે, ૬ પીતે સુવા, કહેતાં લીલા પીળા પીતમાં ઉપજે, ૭ પુઇએ સુવા, કહેતાં પરૂમાં ઉપજે, ૮ સોણીએ સુવા, કહેતાં રૂધીરમાં ઉપજે, ૯ સુકકે સુવા, કહેતાં વીર્યમાં ઉપજે, ૧૦ સુકક પોગળ પરીસાડીએ

સુવા, કહેતાં વીર્યાદિકના પુદગલ સુકાણા તે ફરી ભીના થાય તેમાં ઉપજે. ૧૧ વિગય જીવ કલેવરે સુવા, કહેતાં મનુષ્યના કલેવરમાં ઉપજે, ૧૨ ઇથી પુરિસ સંજોગે સુવા, કહેતાં સ્ત્રી પુરૂષના સંજોગમાં ઉપજે, ૧૩ નગરની ધમણે સુવા, કહેતાં નગરની ખાળોમાં ઉપજે, ૧૪ સવ્વેસુચેવ અસુઇ ઠાણે સુવા કહેતાં સર્વ મનુષ્ય સબંધી અસુચી સ્થાનકોમાં ઉપજે. એ ચૌદ સ્થાનકનાં નામ કહ્યાં, અને ૧૦૧ ક્ષેત્રના સમુર્છીમ મનુષ્યના અપ્રજાપ્તા એ સર્વે મળી કુલ ૩૦૩ ભેદ મનુષ્યના કહ્યા.

હવે ૧૯૮ ભેદ દેવતાના તેમાં દસ ભવનપતિનાં નામ— ૧ અસુરકુમાર, ૨ નાગકુમાર, ૩ સુવર્ણકુમાર, ૪ વિજ્જુકુમાર, ૫ અગ્નીકુમાર, ૬ દિપકુમાર, ૭ ઉદધિકુમાર, ૮ દીશાકુમાર; ૯ પવનકુમાર, ૧૦ થણીતકુમાર, એ દશ.

પંદર પરમાધામીના નામ—૧ અંબ, ૨ અંબરિસ ૩ શામ, ૪ સંબલ, ૫ રૂદ્ર, ૬ વૈરૂદ્ર, ૭ કાળ. ૮ મહાકાળ ૯ અશિપત્ર, ૧૦ ધનુંચ, ૧૧ કુંભ, ૧૨ વાલુ. ૧૩ વેતરણી ૧૪ ખરસ્વર, ૧૫ મહાઘોષ, એ પંદર.

સોળ વાણવ્યંતરના નામ—૧ પિચાસ, ૨ ભુત. ૩ જક્ષ, ૪ રાક્ષસ, ૫ કીન્નર, ૬ કીંપુરૂસ, ૭ મહોરગ. ૮ ગંધર્વ, ૯ આણુપન્ની, ૧૦ પાણુપન્ની, ૧૧ ઇસીવાઇ, ૧૨ ભુઇવાઇ, ૧૩ કંદીય, ૧૪ મહાકંદીય, ૧૫ કોહંડ, ૧૬ પયંગદેવ, એ સોળ.

દશ જંભકાના નામ—૧ આણુજંભકા, ૨ પાણ જંભકા, ૩ લયણુ જંભકા; ૪ શયણુ જંભકા, ૫ વચ્છજંભકા, ૬ પુષ્પજંભકા, ૭ ફળ જંભકા, ૮ બીચ જંભકા, ૯ વિજ્જુ જંભકા, ૧૦ અવિયત જંભકા, એ દશ.

દશ જ્યોતિષીના નામ-૧ ચંદ્રમા, ૨ સુર્ય, ૩ ગ્રહ, ૪ નક્ષત્ર, ૫ તારા, એ પાંચ ચળ તે અઢી દ્વીપમાં છે ને એજ નામના બીજા પાંચ સ્થિર તે અઢી દ્વીપ બહાર છે એ મળી દશ થયા.

ત્રણ કિલ્વીષીના નામ—૧ ત્રણુ પલિયા, ૨ ત્રણુ સાગરીયા, ૩ તેર સાગરીયા એ ત્રણ.

નવ લોકાંતિકના નામ-૧ સારસ્વત, ૨ આદિત્ય, ૩ વિન્હી, ૪ વરૂણુ, ૫ ગર્ધતોયા, ૬ તોષિયા, ૭ અવ્યાબાધા, ૮ અગીચ્ચા, ૯ રિઠા એ નવ.

બાર દેવલોકના નામ-૧ સુધર્મો, ૨ ઈશાન, ૩ સનંતકુમાર, ૪ મહેંદ્ર, ૫ બ્રહ્મ લોક, ૬ લંતક, ૭ મહાશુક્ર, ૮ સહસ્સાર, ૯ આણંત, ૧૦ પ્રાણંત, ૧૧ આરણ, ૧૨ અચ્ચુય, એ બાર.

નવ ગ્રીવેકના નામ—૧ ભદે, ૨ સુભદે, ૩ સુજાએ, ૪ સુમાણુસે. ૫ પ્રિયદર્શણે, ૬ સુદર્શને, ૭ આમોહે, ૮ સુપડીબુધે, ૯ જશોધરે, એ નવ.

પાંચ અનુતર વિમાનના નામ—૧ વિજય, ૨ વિજયંત, ૩ જયંત, ૪ અપરાજીત, ૫ સ્વાર્થ સીધ, એ પાંચ.

સઘળા મળી ૯૯ જાતના દેવતા અપ્રજાપ્તા ને ૯૯ જાતના પ્રજાપ્તા કુલ મળી ૧૯૮ ભેદ દેવતાના કહ્યા.

૪૮ ભેદ તિર્યંચના—૧ પૃથ્વી, ૨ પાણી, ૩ તેઉ, ૪ વાઉ, એ ચાર સુક્ષમ ને ચાર બાદર એ આઠ થયા. એ આઠના અપ્રજાપ્તા ને આઠના પ્રજાપ્તા એ મળી સોલ થયા. વનસ્પતિના ત્રણ ભેદ. ૧ સુક્ષમ, ૨ પ્રત્યેક, ૩ સાધારણ, એ ત્રણના અપ્રજાપ્તા ને ત્રણના પ્રજાપ્તા એ મળી છ, બધા મળી ૨૨ એકેંદ્રીયના, ત્રણ વિકલેંદ્રીય. ૧ બેઇંદ્રીય, ૨ તેઇંદ્રીય, ૩ ચૌરિંદ્રીય, એ ત્રણના અપ્રજાપ્તા ને ત્રણના પ્રજાપ્તા એ છ મળી ૨૮ થયા.

૧ જળચર, ૨ થળચર, ૩ ઉરપર, ૪ ભુજપર, ૫ ખેચર એ પાંચ સમુર્છીમ ને પાંચ ગર્ભજ એ મળી ૧૦ ના અપ્રજાપ્તા ને ૧૦ ના પ્રજાપ્તા એ મળી ૨૦ કુલ મળી ૪૮ ભેદ તિર્યંચના કહ્યા.

ચૌદ ભેદ નારકીના—સાત નરકના નામ. ૧ ઘમા, ૨ વંશા, ૩ શિલા, ૪ અંજણા, ૫ રિઠા, ૬ મઘા, ૭ માઘવાઇ એ સાતના નામ કહ્યા. હવે તેના ગોત્ર કહે છે. ૧ રત્નપ્રભા, ૨ શર્કરાપ્રભા, ૩ વાલુપ્રભા, ૪ પંકપ્રભા, ૫ ધુમપ્રભા. ૬ તમપ્રભા, ૭ તમતમાપ્રભા. એ ચૌદ.

હવે નારકીનો વિસ્તાર કહે છે.

પહેલી નરકનો પડ—એક લાખ એંશીહજાર જોજનનો છે, તે મધે એકહજાર જોજન દળ નીચે મુકીએ ને

એક હજાર જોજન હળ ઉપર મુકીએ તે વચ્ચે એક લાખ ઇકોતર હજાર જોજનની પોલાણુ છે. તે પોલાણુમાં ૧૩ પાથરા છે, ને ૧૨ આંતરા છે. તે મધે ત્રીસલાખ નરકાવાસા છે. અસંખ્યાતી કુંભીઓ છે ને અસંખ્યાતા નારકી છે, તેના હેઠળ ચાર બોલ છે. ૧, ૨૦૦૦ જોજનનો ગણુદધી છે. ૨ અસંખ્યાતો ગનવા છે. ૩ અસંખ્યાતો તનવા છે, ૪ અસંખ્યાતો આકાશ છે, એ ચાર બોલ થયા, તેના હેઠળ બીજી નરક છે,

બીજી નરકનો પડ—એક લાખ બત્રીસ હજાર જોજનનો છે તે મધે એકહજાર જોજન હળ ઉપર મુકીએ ને એકહજાર જોજન હળ નીચે મુકીએ, તે વચ્ચે એક લાખ ત્રીસ હજાર જોજનની પોલાણુ છે, તે પોલાણુમાં ૧૧ પાથરા છે ને ૧૦ આંતરા છે, તે મધે પચીસલાખ નરકાવાસા છે, અસખ્યાતી કુંભીઓ છે, અને અસંખ્યાતા નારકી છે તે હેઠળ પેહેલી નરકમાં કહ્યા તેજ ચાર બોલ છે. તેના હેઠળ ત્રીજી નરક છે.

ત્રીજી નરકનો પડ—એક લાખ અઠાવીસ હજાર જોજનનો છે તે મધે એક હજાર જોજન હળ ઉપર મુકીએ ને એક હજાર જોજન હળ નીચે મુકીએ. તે વચ્ચે એક લાખ છવીસ હજાર જોજનની પોલાણુ છે. તે પોલાણુમાં ૯ પાથરા છે ને ૮ આંતરા છે. તે મધે પંદર લાખ નર-

કાવાસા છે. અસંખ્યાતી કુંભીઓ છે, અને અસંખ્યાતા નારકી છે. તે હેઠળ ઉપર કહેલા ચાર બોલ છે. તેના હેઠળ ચોથી નરક છે.

ચોથી નરકનો પડ—એકલાખ વીસ હજાર જોજનનો છે, તે મધે એકહજાર જોજન દળ ઉપર મુકીએ, એકહજાર જોજન દળ નીચે મુકીએ તે વચ્ચે એકલાખ અઢાર હજાર જોજનની પોલાણ છે, તે પોલાણમાં સાત પાથરા છે ને છ આંતરા છે. તે મધે દસ લાખ નરકાવાસા છે, અસંખ્યાતી કુંભીઓ છે, અને અસંખ્યાતા નારકી છે તે હેઠળ ઉપર કહેલા ચાર બોલ છે. તેના હેઠળ પાંચમી નરક છે.

પાંચમી નરકનો પડ—એક લાખ અઢાર હજાર જોજનનો છે. તે મધે એક હજાર જોજન દળ ઉપર મુકીએ ને એક હજાર જોજન દળ નીચે મુકીએ, તે વચે એક લાખ સોળ હજાર જોજનની પોલાણ છે. તે પોલાણમાં ૫ પાથરા છે ને ૪ આંતરા છે. તે મધે ત્રણ લાખ નરકાવાસા છે, અસંખ્યાતી કુંભીઓ છે, અને અસંખ્યાતા નારકી છે. તે હેઠળ ઉપર કહેલા ચાર બોલ છે. તેના હેઠળ છઠી નરક છે.

છઠી નરકનો પડ—એક લાખ સોળ હજાર જોજનનો છે, તે મધે એક હજાર જોજન દળ ઉપર મુકીએ ને એક હજાર જોજન દળ નીચે મુકીએ તે વચે એક લાખ ચૌદ

હજાર જોજનની પોલાણુ છે તે પોલાણુમાં ૩ પાથરા છે ને ૨ આંતરા છે. તે મધ્યે એક લાખમાં પાંચ ઓછા નરકાવાસા છે. અસંખ્યાતી કુંભીયો છે અને અસંખ્યાતા નારકી છે તે હેઠળ ઉપર કહેલા ચાર બોલ છે. તેના હેઠળ સાતમી નરક છે.

સાતમી નરકનો પડ—એક લાખ આઠ હજાર જોજનનો છે. તે મધ્યે સાડી બાવન હજાર જોજન દળ ઉપર મુકીએ ને સાડી બાવન હજાર જોજન દળ નીચે મુકીએ તે વચ્ચે ત્રણ હજાર જોજનની પોલાણુ છે, તે પોલાણુમાં પાંચ નરકાવાસા છે. અસંખ્યાતી કુંભીઓ છે, ને અસંખ્યાતા નારકી છે. તે હેઠળ ઉપર કહેલા ચાર બોલ છે, તેના હેઠળ અનંતો અલોક છે. એ નારકીનો ભેદ સંપૂર્ણ થયો.

ઇતિ જીવતત્વ સમાપ્તં.

(૨) અજીવતત્વ તે કોને કહીયે.

જડ લક્ષણ, ચૈતન્ય રહિત તેહને અજીવતત્વ કહીયે. અજીવતત્વના ચૌદ ભેદ કહે છે—૧ ધર્માસ્તિકાયનો સ્કંધ, ૨ દેશ, ૩ પ્રદેશ; ૪ અધર્માસ્તિકાયનો સ્કંધ, ૫ દેશ, ૬ પ્રદેશ; ૭ આકાશાસ્તિકાયનો સ્કંધ, ૮ દેશ. ૯ પ્રદેશ; ૧૦ અધ્ધાસમયકાળ; એ દસ ભેદ અરૂપી અજીવના કહ્યા.

હવે રૂપી અજીવના ચાર ભેદ કહે છે—૧૧ પુદગલાસ્તિ-

કાયનો સ્કંધ; ૧૨ દેશ ૧૩ પ્રદેશ, ૧૪ પરમાણુ પુદગળ એ મળી ચૌદ ભેદ.

હવે વ્યવહાર વિસ્તાર નયે કરી ૫૬૦ ભેદ અજીવ-તત્વના કહે છે તેમાં ૩૦ ભેદ અરૂપી અજીવના કહે છેઃ—

(૧) ધર્માસ્તિકાય દ્રવ્યથકી એક, ૨ ક્ષેત્રથકી લોક પ્રમાણે, ૩ કાળથકી અનાદી, અનંત, ૪ ભાવથકી અવર્ણે, અગંધે, અરસે, અફાસે, અમુર્તિ, ૫ ગુણથકી ચલણ સહાય, ૬ અધર્માસ્તિકાય દ્રવ્યથકી એક, ૭ ક્ષેત્રથકી લોક પ્રમાણે, ૮ કાળથકી અનાદી અનંત, ૯ ભાવથકી—અવર્ણે અગંધે અરસે અફાસે અમુર્તી, ૧૦ ગુણથકી સ્થિર સહાય, ૧૧ આકાશાસ્તિકાય દ્રવ્યથકી એક, ૧૨ ક્ષેત્રથકી લોકાલોક પ્રમાણે, ૧૩ કાળથકી અનાદી અનંત, ૧૦ ભાવ થકી અવર્ણે અગંધે અરસે, અફાસે અમુર્તી, ૧૫ ગુણથકી અવગાહના દાન, ૧૬ હવે કાળ દ્રવ્યથકી અનેક, ૧૭ ક્ષેત્ર થકી અઢીદ્વીપ પ્રમાણે, ૧૮ કાળથકી અનાદી અનંત, ૧૯ ભાવ થકી અવર્ણે અગંધે અરસે અફાસે અમુર્તિ, ૨૦ ગુણ થકી વર્તનાલક્ષણ એ વીસ અને ઉપર જે અરૂપી અજીવના દસ કહ્યા તે મળી કુલ ૩૦ ભેદ અરૂપી અજીવના જાણવા.

હવે ૫૩૦ ભેદ રૂપી અજીવના કહે છે તેમાં વર્ણ ૫—૧ કાળો, ૨ લીલો, ૩ રાતો, ૪ પીળો, ૫ ધોળો, એ પાંચ વર્ણ કહ્યા, અકેકા વર્ણ માંહી વીશ વીશ ભેદ લાભે. તે

૨ ગંધ, ૫ રસ, ૫ સંઠાણુ, ૮ સ્પર્શ એ મળી વીસ ને પાંચેમાં થઇને સો થયા.

બે ગંધ—તે ૧ સુરભીગંધ, ૨ દુરભીગંધ, અકેકા ગંધમાંહી ત્રેવીશ ત્રેવીશ ભેદ લાભે, ૫ વર્ણ ૫ રસ, ૫ સંઠાણુ, ૮ સ્પર્શ એ ત્રેવીશ પહેલાંમાં ને બીજા ત્રેવીસ બીજામાં મળી છેંતાલીશ ભેદ જાણુવા.

પાંચ રસ—તે ૧ તીખો, ૨ કડવો, ૩ કસાયલો, ૪ ખાટો, ૫ મીઠો, એ પાંચ. અકેકા રસમાં વીશ વીશ ભેદ લાભે. ૫ વર્ણ, ૨ ગંધ, ૫ સંઠાણુ, ૮ સ્પર્શ એ મળી વીશ ને પાંચેમાં થઇને સો થયા.

પાંચ સંઠાણુ—તે ૧ પરિમંડળ સંઠાણુ, ૨ વટ સંઠાણુ, ૪ ત્રંસ, ૪ ચઉરંસ, ૫ આયત સંઠાણુ એ પાંચ, અકેકા સંઠાણુમાં વીશ વીશ ભેદ લાભે. ૫ વર્ણ, ૨ ગંધ, ૫ રસ ૮ સ્પર્શ એ મળી વીસ ને પાંચમાં થઇને ૧૦૦ થયા.

આઠ સ્પર્શ—તે ૧ ખરખરો, ૨ સુંહાળો, ૩ ભારે, ૪ હળવો, ૫ ટાઢો, ૫ ઉન્હો, ૭ ચોપડયો, ૮ લુખો એ આઠ. અકેકા સ્પર્શમાં ત્રેવીશ ત્રેવીશ ભેદ લાભે. ૫ વર્ણ, ૨ ગંધ, ૫ રસ, ૫ સંઠાણુ ૬ સ્પર્શ, એ ત્રેવીશ ભેદ લાભે. ખરખરામાં ખરખરો ને સુંહાળો બે વર્જવા. એમ બબે સ્પર્શ વર્જવા એમ ત્રેવીશને આઠે ગુણુતાં ૧૮૪ થયા એ સર્વ મળીને ૫૩૦ ભેદ રૂપી અજીવના કહ્યા. એમ સઘળા મળીને કુલ ૫૬૦ ભેદ અજીવના જાણુવા.

ઇતિ અજીવતત્વં સમાપ્તં

(૩) પુણ્યતત્વ તે કોને કહીયે.

શુભ કમાણીયે કરી, શુભ કર્મના ઉદયે કરી, જેનાં ફળ આત્માને ભોગવતાં મીઠા લાગે તેને પુણ્યતત્વ કહીયે.

નવ ભેદે પુણ્ય ઉપરાજે તે ૧ અન્નપુન્ને, ૨ પાણ-પુન્ને. ૩ લેવણપુન્ને, ૪ સેયણપુન્ને, ૫ વત્થપુન્ને, ૬ મન-પુન્ને, ૭ વચનપુન્ને, ૮ કાયપુન્ને, ૯ નમસ્કારપુન્ને, એ નવ. તેના શુભ ફળ ૪૨ ભેદે ભોગવે તે કહે છે—૧ શાતા વેદ-નીય ૨ ઉંચ ગોત્ર, ૩ મનુષ્ય ગતી, ૪ મનુષ્યાનુપૂર્વી, ૫ દેવતાની ગતી, ૬ દેવાનુપૂર્વી, ૭ પચેંદ્રીયની ગતી, ૮ ઉદારીક શરીર, ૯ વૈક્રીય શરીર, ૧૦ આહારક શરીર, ૧૧ તેજશ શરીર, ૧૨ કાર્મણ શરીર, ૧૩ ઉદારીકના અંગ ઉપાંગ. ૧૪ વૈક્રયના અંગ ઉપાંગ, ૧૫ આહારકના અંગ ઉપાંગ ૧૬ વજ્ર રીખભનારાચસંઘયણ, ૧૭ સમચઉરંશસં-ઠાણ. ૧૮ શુભવર્ણ ૧૯ શુભગંધ, ૨૦ શુભરસ, ૨૧ શુભ સ્પર્શ, ૨૨ અગુરૂ લઘુ નામ ૨૩ પરાઘાત નામ, ૨૪ ઉસ્વાસ નામ, ૨૫ આતાપનામ, ૨૬ ઉદ્યાત નામ, ૨૭ શુભ ચાલ-વાની ગતી, ૨૮ નિર્માણ નામ, ૨૯ ત્રસનામ, ૩૦ બાદર નામ, ૩૧ પ્રજાપ્ત નામ, ૩૨ પ્રત્યેક નામ, ૩૩ સ્થિર નામ, ૩૪ શુભનામ, ૩૫ સૌભાગ્ય નામ, ૩૬ સુસ્વર નામ, ૩૭ આદેયનામ, ૩૮ જસોકીતનામ, ૩૯ દેવતાનું આઉખુ, ૪૦

મનુષ્યનું આઉખું, ૪૧ તિર્યંચનું આઉખું જુગલવત, ૪૨ તીર્થંકર નામકર્મ. એમ બેંતાળીસ ભેદ પુણ્યના જાણવા.

ઇતિ પુણ્યતત્વ સમાપ્ત.

(૪) પાપતત્વ તે કોને કહીયે.

અશુભ કમાણીયે કરી, અશુભ કર્મના ઉદયે કરી, જેનાં ફળ આત્માને ભોગવતાં કડવાં લાગે તેને પાપતત્વ કહીયે.

અઢાર પ્રકારે પાપ ઉપરાજે તે—૧ પ્રાણાતિપાત, ૨ મૃખાવાદ, ૩ અદત્તાદાન, ૪ મૈથુન, ૫ પરીગ્રહ, ૬ ક્રોધ, ૭ માન, ૮ માયા, ૯ લોભ, ૧૦ રાગ, ૧૧ દ્વેષ, ૧૨ કલહ, ૧૩ અભ્યાખાન, ૧૪ પૈશુન્ય, ૧૫ પરપરીવાદ, ૧૬ રતિ અરતિ, ૧૭ માયામોસો, ૧૮ મિછાદંસણસલ્લ. એ અઢાર.

હવે તેના અશુભ ફળ ૮૨ પ્રકારે ભોગવે તે—૧ મતીજ્ઞાનાવરણીય, ૨ શ્રુતજ્ઞાનાવરણીય, ૩ અવધિજ્ઞાનાવરણીય. ૪ મનપર્જવજ્ઞાનાવરણીય, ૫ કેવળજ્ઞાનાવરણીય, ૬ દાનાંતરાય, ૭ લાભાંતરાય, ૮ ભોગાંતરાય, ૯ ઉપભોગાંતરાય, ૧૦ વીર્યાંતરાય ૧૧ નિંદ્રા, ૧૨ નિદ્રાનિદ્રા, ૧૩ પ્રચલા, ૧૪ પ્રચલા પ્રચલા, ૧૫ થીણદ્ધિનિંદ્રા, ૧૬ ચક્ષુદર્શનાવરણીય, ૧૭ અચક્ષુ દર્શનાવરણીય, ૧૮ અવાધદર્શનાવરણીય, ૧૯ કેવળ દર્શનાવરણીય. ૨૦ નીચ ગોત્ર, ૨૧ અશાતા વેદનીય, ૨૨ મિથ્યાત મોહનીય, ૨૩ સ્થાવરપણું,

૨૪ સુક્ષ્મપણું, ૨૫ અપ્રજાપ્તાપણું ૨૬ સાધારણપણું, ૨૭ અસ્થીર નામ, ૨૮ અશુભ નામ, ૨૯ દુભાગ્ય નામ, ૩૦ દુઃસ્વરનામ, ૩૧ અનાદેય નામ, ૩૨ અજશોકીત નામ, ૩૩ નરકની ગતિ, ૩૪ નરકનું આઉખુ, ૩૫ નરકાનું પુન્વીં, ૩૬ અનંતાનુબંધી ક્રોધ, ૩૭ માન, ૩૮ માયા, ૩૯ લોભ, ૪૦ અપચ્ચખાણાવરણીથ ક્રોધ, ૪૧ માન, ૪૨ માયા, ૪૩ લોભ, ૪૪ પચ્ચખાણાવરણીય ક્રોધ ૪૫ માન, ૪૬ માયા, ૪૭ લોભ, ૪૮ સંજલનો ક્રોધ, ૪૯ માન, ૫૦ માયા, ૫૧ લોભ, ૫૨ હાસ્ય. ૫૩ રતિ. ૫૪ અરતિ, ૫૫ ભય. ૫૬ શોક, ૫૭ દુગંછા, ૫૮ સ્રીવેદ, ૫૯ પુરુષવેદ, ૬૦ નપું-શકવેદ ૬૧ તિર્યંચની ગતી, ૬૨ તિર્યંચની અનુપુરવી, ૬૩ એકંદ્રીયપણું, ૬૪ બેઈંદ્રીયપણું ૬૫ તેઈંદ્રીયપણું, ૬૬ ચઉરિંદ્રીયપણું, ૬૭ અશુભ ચાલવાની ગતિ, ૬૮ ઉપઘાત નામકર્મ, ૬૯ અશુભ વર્ણ, ૭૦ અશુભ ગંધ, ૭૧ અશુભ-રસ. ૭૨ અશુભ સ્પર્શ, ૭૩ રીખભનારાચ સંઘયણ, ૭૪ નારાચસંઘયણ, ૭૫ અર્ધનારાચ સં૦ ૭૬ કીલકુ સંઘયણ, ૭૭ છેવટુ સંઘયણ, ૭૮ નીગોહ પરિમંડળ સંઠાણ, ૭૯ સાદિ સંઠાણ, ૮૦ વામન સંઠાણ, ૮૧ કુબ્જ સંઠાણ, ૮૨ હુડ સંઠાણ, એ બાશી ભેદ પાપતત્વના જાણવા.

ઇતિ પાપતત્વ સમાપ્ત.

(૫) આશ્રવતત્વ તે કોને કહીયે.

અવ્રત ને અપચખાણે કરી, વિષય કખાયને સેવવે કરી; આત્મારૂપ તળાવને વિષે, ઇંદ્રીયાદિક ઘડનાળે છીદ્રે કરી, કર્મ પાપ રૂપ જળનો પ્રવાહ આવે, તેને આશ્રવતત્વ કહીયે.

આશ્રવતત્વના સામાન્ય પ્રકારે વીસ ભેદ કહે છે—૧, મિથ્યાત્વ તે આશ્રવ, ૨ અવ્રત તે આશ્રવ, ૩ પ્રમાદ તે આશ્રવ, ૪ કખાય તે આશ્રવ, ૫ અશુભ જોગ તે આશ્રવ, ૬ પ્રાણુાતિપાત તે આશ્રવ. ૭ મૃષાવાદ તે આશ્રવ, ૮ અદત્તાદાન તે આશ્રવ. ૯ મૈથુન તે આશ્રવ, ૧૦ પરીગ્રહ તે આશ્રવ, ૧૧ શ્રોતેંદ્રીય અસંવરે તે આશ્રવ, ૧૨ ચક્ષુઇંદ્રીય અસંવરે તે આશ્રવ, ૧૩ ઘાણેંદ્રીય અસંવરે તે આશ્રવ, ૧૪ રસેંદ્રીય અસંવરે તે આશ્રવ, ૧૫ સ્પર્શેંદ્રિય અસંવરે તે આશ્રવ, ૧૬ મન અસંવરે તે આશ્રવ, ૧૭ વચન અસંવરે તે આશ્રવ, ૧૮ કાય અસંવરે તે આશ્રવ, ૧૯ ભંડઉપરણુ ઉપધી જેમ તેમ લીયે મુકે તે આશ્રવ, ૨૦ સુચી કુશગ્ગ કરે તે આશ્રવ.

હવે વિશેષ ૪૨ ભેદ કહે છે—૫ આશ્રવ, ૫ ઇંદ્રીય મોકળી મુકે, એ દસ ને ચાર કષાય મળી ચૌદ. ૩ અશુભ જોગ, એ મળી ૧૭ ને ૨૫ ક્રિયા.

૧ કાયીકી ક્રિયા, ૨ અધિકરણકીયા, ૩ પાઉસીઆ,

૪ પારીતાવણીઆ. ૫ પાણાઈવાય, ૬ આરંભીયા, ૭ પરિગહીયા, ૮ માયાવતીયા, ૯ અપચ્ચખાણવતિયા, ૧૦ મિછાદંસણવતિયા, ૧૧ દિઠીયા, ૧૨ પુઠિયા ૧૩ પાડુચીયા, ૧૪ શામતોવણીયા, ૧૫ નેસથીયા, ૧૬ સાહથીયા, ૧૭ આણવણીયા, ૧૮ વિદારણીયા, ૧૯ અણાભોગી ૨૦ અણવકંખવતીયા, ૨૧ અનાપઉગી, ૨૨ સામુદાણી, ૨૩ પેજવતિયા, ૨૪ દોસવતિયા, ૨૫ ઇરિયાવહિયા ક્રિયા. એ પચીશ ને ઉપર સત્તર કહ્યા તે મળી ૪૨ ભેદ આશ્રવ તત્વના જાણવા.

ઇતિ આશ્રવતત્વ સમાપ્ત.

(૬) સંવર તત્વ તે કોને કહીયે.

જીવરૂપ તલાવને વિષે, કર્મ રૂપ જળ આવતાં વ્રત પચ્ચખાણાદીક દ્વારદેવે કરી રાકીયે તેને સંવર તત્વ કહીયે.

સંવર તત્વના સામાન્ય પ્રકારે વીશ ભેદ કહે છે.–

૧ સમકીત તે સંવર, ૨ વ્રત પચ્ચખાણ તે સંવર, ૩ અપ્રમાદ તે સંવર, ૪ અકષાય તે સંવર, ૫ શુભ જોગ તે સંવર, ૬ જીવદયા પાળવી તે સંવર, ૭ સત્ય વચન બોલવું તે સંવર. ૮ દતવ્રત ગ્રહણ તે સંવર, ૯ શિયળ પાળવું તે સંવર, ૧૦ અપરિગ્રહ તે સંવર, એ દસ. ૫ ઇંદ્રીય, ૩ જોગ, એ મળી આઠનું સંવરવું તે સંવર, એ મળી અઢાર.

૧૯ ભંડ ઉપગરણ ઉપધિ જતનાએ લીયે મુકે તે સંવર. ૨૦ શુચી કુસગ્ગ ન કરે તે સંવર, એ વીશ.

હવે વિશેષે ૫૭ ભેદ કહે છે—૧ ઈર્યાસુમતિ, ૨ ભાષાસુમતિ. ૩ એખણાસુમતિ, ૪ આયાણ ભંડ મત્ત નિખેવણા સુમતિ, ૫ ઉચ્ચાર પાસવણ ખેલ જલ સંઘાણપારીઠાવણીયા સુમતિ, એ પાંચ સુમતિ ને ત્રણ ગુપ્તિ. ૧ મન ગુપ્તિ, ૨ વચન ગુપ્તિ. ૩ કાય ગુપ્તિ, એ મળી આઠ થયા. એ ૮ પ્રવચનમાતા આદરવા, અને ૨૨ પરીસ્સહ સહેવા તે કહે છે. ૧ ક્ષુધાનો પરિસ્સહ, ૨ તૃષાનો પરિસ્સહ, ૩ ટાઢનો પરિસહ, ૪ તાપનો પરિસ્સહ, ૫ ડાંસ મંશનો પરિસ્સહ, ૬ અચેલનો પરિસ્સહ, ૭ અરતિનો પરિસ્સહ. ૮ સ્રીનો પરિસ્સહ. ૯ ચરિયાનો પરિસ્સહ, ૧૦ બેસવાનો પરિસ્સહ. ૧૧ સેજાનો પરિસ્સહ, ૧૨ આક્રોશ વચનનો પરીસ્સહ, ૧૩ વધનો પરિસ્સહ, ૧૪ જાચવાનો પરિસ્સહ. ૧૫ અલાભનો પરિસ્સહ, ૧૬ રોગનો પરિસ્સહ, ૧૭ તૃણ સ્પર્શનો પરિસ્સહ, ૧૮ મેલનો પરિસ્સહ. ૧૯ સત્કાર પુરસ્કારનો પરિસ્સહ. ૨૦ પ્રજ્ઞાનો પરિસ્સહ. ૨૧ અજ્ઞાનનો પરીસ્સહ. ૨૨ દંશણ પરિસ્સહ. એ બાવીશ ને આઠ પૂર્વે કહ્યા તે મળી ત્રીશ થયા.

દસ પ્રકારે જતિધર્મ આરાધવો તે કહે છે—૧ ખંતી ૨ મુત્તિ, ૩ અજ્જવે. ૪ મદ્દવે, ૫ લાઘવે, ૬ સચ્ચે, ૭ સંજમે,

૮ તવે, ૯ ચીયાએ, ૧૦ બ્રંભચેરવાસે, એ દશ મળી ચાલીશ થયા.

બાર ભાવના ભાવવી તેહના નામ—૧ અનિત્ય ભાવના, ૨ અશરણ ભાવના, ૩ સંસાર ભાવના, ૪ એકત્વ ભાવના, ૫ અન્યત્વ ભાવના, ૬ અશુચી ભાવના, ૭ આશ્રવ ભાવના, ૮ સંવર ભાવના, ૯ નિર્જરા ભાવના, ૧૦ લોક ભાવના, ૧૧ બોધ ભાવના. ૧૨ ધર્મ ભાવના, એ બાર મળી બાવન થયા. ૧ સામાયક ચરિત્ર, ૨ છેદોપસ્થાપનીય ચારિત્ર, ૩ પરિહાર વિશુદ્ધ ચારિત્ર, ૪ સુક્ષ્મ સંપરાય ચારિત્ર, ૫ જથાખ્યાત ચારિત્ર, એ બધા મળી કુલ ૫૭ ભેદ સંવર તત્વના જાણુવા. ઇતિ સંવર તત્વ સમાપ્ત.

---

(૭) નિર્જરા તત્વ તે કોને કહીયે.

આત્માના પ્રદેશથી, બાર ભેદે તપાસ્યાએ કરી, દેશ થકી કર્મનું નિર્જરવું, ઝરીને દુર થવું તેને નિર્જરાતત્વ કહીયે.

નિર્જરાના બાર ભેદ તેમાં છ બાહ્ય કહે છે—૧ અનશન, ૨ ઉણોદરિ, ૩ વૃતિ સંક્ષેપ, ૪ રસપરિત્યાગ, ૫ કાય કલેશ, ૬ પડી સંલિણુયા, એ છ.

છ ભેદ અભ્યંતરના કહે છે—૧ પ્રાયશ્ચિત, ૨ વિનય, ૩ વૈયાવચ્ચ, ૪ સઝાય, ૫ ધ્યાન, ૬ કાઉસગ્ગ, એ છ ને ઉપર છ કહ્યા તે મળી બાર ભેદ નિર્જરા તત્વના જાણુવા.

ઇતિ નિર્જરા તત્વ સમાપ્ત.

(૮) બંધ તત્વ તે કોને કહીયે.

આત્માના પ્રદેશને કર્મ પુદગળના દળ ખીર નીરની પેઠે, લોહ પીંડ અગ્નીની પેઠે, લોલીભુત થઇ બંધાય તેહને બંધ તત્વ કહીયે.

બંધતત્વના ચાર ભેદ કહે છેઃ—૧ પ્રકુતિ બંધ, ૨ સ્થિતિબંધ, ૩ અનુભાગ બંધ, ૪ પ્રદેશ બંધ એ ચાર.

૧ પ્રકૃતિબંધ તે કર્મનો સ્વભાવ તથા પરિણામ, ૨ સ્થિતિબંધ તે જે કર્મની જેટલી સ્થિતિ છે તેટલી. ૩ અનુભાગબંધ તે રસતિવ્ર મંદ રસાદિ કર્મનો, ૪ પ્રદેશબંધ તે કર્મપુદગળના દળ, એ ચાર થયા.

એ ૪ બંધનું સ્વરૂપ મોદકને દ્રષ્ટાંતે કરી બતાવે છે. ૧ જેમ કોઇ મોદક ઘણા પ્રકારના દ્રવ્યના જોગથી નીપજ્યો, વાયુને, પીતને તથા શ્લેષ્મને જેને સ્વરૂપે કરી હણે તેને સ્વભાવ કહીયે. ૨ તથા તેજ મોદક પખવાડીયું, માસ, બે માસ, ચાર માસ સુધી તે રૂપે કરી રહે તેને સ્થિતિ કહીયે. ૩ વળી તેજ મોદક કોઈ કડવો હોય, કોઇ તિત્ર હોય, તેને રસ કહીયે. ૪ વળી તેજ મોદક થોડા દળને પરિમાણે નિપજ્યો, કોઇ વળી બહુ દળને પરિમાણે નિપજ્યો, એમજ મોદકને વિષે દળનું પરિમાણ તેને પ્રદેશબંધ કહીયે. એવી રીતે કર્મનો બંધ ચાર પ્રકારે જાણવો.

ઇતિ બંધતત્વ સમાપ્ત.

(૯) મોક્ષ તત્વ તે કોને કહીયે.

સકળ આત્માના પ્રદેશથી, સકળ કર્મનું છુટવું, સકળ બંધનું મુકાવવું, સકળ કાર્યની સિદ્ધિ થાય તેને મોક્ષ-તત્વ કહીયે.

મોક્ષતત્વ તે ૧૫ ભેદે સિદ્ધ થાય તે કહે છેઃ—૧ તીર્થ સીદ્ધા, ૨ અતીર્થ સીદ્ધા, ૫ તીર્થંકર સીદ્ધા, ૪ અતીર્થંકર સીદ્ધા, ૫ ગ્રહસ્થલીંગ સીદ્ધા, ૬ અન્યલીંગ સીદ્ધા, ૭ સ્વલીંગ સીદ્ધા, ૮ સ્રીલીગ, સીદ્ધા, ૯ પુરૂષલીંગ સીદ્ધા, ૧૦ નપુંશકલીંગ સીદ્ધા, ૧૧ સ્વયંબુદ્ધ સીદ્ધા, ૧૨ પ્રત્યેક બુદ્ધ સીદ્ધા, ૧૩ બુદ્ધબોહિ સીધ્ધા, ૧૪ એક સીધ્ધા, ૧૫ અનેક સીદ્ધા. એ પંદર ભેદ કહ્યા.

ચાર પ્રકારે જીવ મોક્ષ જાય તે કહે છેઃ—૧ જ્ઞાને કરી, ૨ દર્શને કરી, ૩ ચારિત્રે કરી, ૪ તપે કરી, એ ચાર.

મોક્ષનાં નવ દ્વારનાં નામઃ—૧ સત્પદપરૂપણા દ્વાર, ૨ દ્રવ્ય દ્વાર, ૩ ક્ષેત્ર દ્વાર, ૪ સ્પર્શદ્વાર, ૫ કાળદ્વાર, ૬ અંતરદ્વાર, ૭ ભાગદ્વાર, ૮ ભાવદ્વાર, ૯ અલ્પબહુત્વ-દ્વાર એ નવ.

(૧) સત્પદ પરૂપણા દ્વાર તે મોક્ષગતી પુર્વકાળે હતી, હમણાં પણ છે, આવતા કાળે હશે, તે છતી અસ્તિ છે. પણ આકાશના પુલની પેઠે નાસ્તિ નથી. (૨) દ્રવ્ય પ્રમાણે તે સીધ્ધ અનંતા છે, અભવ્ય જીવથી અનંત ગુણા અધીક છે, વનસ્પતિ વર્જિને ૨૩ દંડકથી સીધ્ધના જીવ અનંત-

ગુણા અધીક છે. (૩) ક્ષેત્ર દ્વાર તે સીધ્ધશીલા પ્રમાણે છે, સીદ્ધશીલા ૪૫ લાખ જોજનની લાંબી પહોળી છે, અને ત્રિગુણી ઝાઝેરી પરધી છે, અને ઉંચપણે ૩૩૩ ધનુષ્ય ને ૩૨ આંગળ પ્રમાણે, એટલા ક્ષેત્રમાં સીદ્ધ રહ્યા છે. (૪) સ્પર્શદ્વાર તે સીધ્ધક્ષેત્રથી કાંઈક અધિકી સીદ્ધની સ્પર્શના છે, (૫) કાળદ્વાર તે એક સીદ્ધઆશ્રિ આદી અનંત, સર્વ સીદ્ધ આશ્રિ આદિ અનંત, (૬) અંતરદ્વાર તે ફરી સીધ્ધને સંસારમાં અવતરવું નથી, અને એક સીધ્ધ ત્યાં અનંતા સીધ્ધ છે, અને અનંતા સીધ્ધ ત્યાં એક સીધ્ધ છે, એટલે સિધ્ધ બેમાં અંતર નથી. (૭) ભાગદ્વાર તે સઘળા જીવને સીધ્ધના જીવ અનંતમે ભાગે છે, લોકને અસંખ્યાતમે ભાગે છે, (૮) ભાવદ્વાર તે સીધ્ધમાં ક્ષાયક ભાવ, કેવળજ્ઞાન, કેવળ દર્શન, ક્ષાયક સમકિત છે, અને પરિણામીક ભાવ તે સીધ્ધપણો જાણવો. (૯) અલ્પબહુત્વ દ્વાર તે સર્વથી થોડા નપુંસક સીધ્ધ, તેથી સ્ત્રી સંખ્યાત ગુણી સીધ્ધ, તેથી પુરૂષ સંખ્યાતગુણા સીધ્ધ. એક સમયે નપુંસક ૧૦ સીધ્ધ થાય, સ્ત્રી ૨૦ સીધ્ધ થાય, પુરૂષ ૧૦૮ સીધ્ધ થાય.

ચૌદ બોલનો ધણી મોક્ષ જાય તે કહે છેઃ—

૧ ત્રસપણે, ૨ બાદરપણે, ૩ સંજ્ઞીપણે, ૪ વજ્રરીખભનારાચ સંઘયણપણે, ૫ શુકલ ધ્યાનપણે. ૬ મનુષ્યગતી, ૭ ક્ષાયક સમકિત, ૮ જથાખ્યાત ચારિત્ર, ૯ પંડીતવીર્ય, ૧૦ કેવળજ્ઞાન, ૧૧ કેવળદર્શન, ૧૨ ભવ્ય સિધ્ધિક, ૧૩ પરમ

શુકલલેશી, ૧૪ ચરમ શરીરી એ ચૌદ. વળી જઘન્ય બે હાથની અવઘેણાવાળો; ઉત્કુષ્ટી પાંચશેં ધનુષ્યની અવઘેણાવાળો; જઘન્ય નવ વરસનો, ઉત્કુષ્ટું પુર્વકોડીના આયુષ્યવાળો કર્મ ભુમીનો હોય તે મોક્ષમાં જાય.

ઇતિ મોક્ષતત્વ સમાપ્તં.

॥ ઇતિ નવ તત્વના બોલ સંપુર્ણ. ॥

હીત વચન.

(સંશોધકઃ—વાડીલાલ કાકુભાઇ સંઘવી.)

૧. જ્યાં સુધી મનમાંથી માન ને ક્રોધ ગયાં નથી, ત્યાં સુધી ઉંચા ગુણો અને સિદ્ધિની પ્રાપ્તિ થતી નથી.

૨. આપણે પવિત્ર અને શુધ્ધ થવું એ સર્વનો આધાર આપણી કરણી ઉપર રહેલો છે.

૩. શુધ્ધ ભાવે અસહ્ય દુઃખમાં સમ પરીણામથી ક્ષમા રાખનાર મનુષ્ય ભવસાગર તરી જાય છે.

૪. આત્માની મહત્તા–સત્ય વચન, દયા, ક્ષમા, પરોપકાર અને સમતામાં રહી છે.

૫. જીવનની અનિત્યતા વિચારી યુવાવસ્થામાં જ દરેકે ધર્મશીલ બનવું જોઇએ.

श्री लघु दंडक.

गाथाः—

सरीरोगाहण संघयण, संठाण कसाय तह हुंति सन्नाओ॥
लेसिंदिय समुग्घाए, सन्नि वेदे य पज्जत्ती॥
दिट्ठि दंसण नाण अनाणे, जोगुवओगे तहा किमाहारे॥
उववाय ठिइ समुग्घाए, चवण गइ आगइ चेव. ॥ २॥

ભાવાર્થઃ—ચોવીસ દ્વાર અર્થ સહિત કહે છેઃ—

[શરીર કે] શરીર પાંચ—તે ૧ ઔદારિક, ૨ વૈક્રિય, ૩ આહારક, ૪ તૈજસ, અને ૫ કાર્મણ. ॥ ૧ ॥

અવઘેણા પાંચ—તે ૧ ઔદારિકની અવઘેણા જઘન્ય આંગળનો અસંખ્યાતમો ભાગ, અને ઉત્કૃષ્ટી એક હજાર જોજન ઝાઝેરી, કમળના દોડાને આકારે જાણવી. ૨ વૈક્રયની ભવધારણી અવઘેણા જ૦ આંગળનો અસંખ્યાતમો ભાગ અને ઉ૦ પાંચશેં ધનુષ્યની તથા ઉત્તર વૈક્રયની અવઘેણા જ૦ આંગળનો અસંખ્યાતમો ભાગ અને ઉ૦ લાખ જોજન ઝાઝેરી જાણવી. ૩ આહારકની અવઘેણા જ૦ મૂઢા હાથની અને ઉ૦ એક હાથની ૪–૫ તૈજસ અને કાર્મણની અવઘેણા જ૦ આંગળનો અસંખ્યાતમો ભાગ, અને ઉ૦ ચૌદ-રાજ લોક પ્રમાણે જાણવી. તથા કેવળ સમુદ્ઘાતની અપેક્ષાયે પોત પોતાના શરીર પ્રમાણે જાણવી. ॥ ૨ ॥

(संघयण के०) संघयण छ–ते १ वज्रऋषभनाराच संघयण, २ ऋषभनाराच संघयण. ३ नाराच संघयण, ४ अर्द्धनाराच संघयण ५ कीलिका संघयण, अने ६ छेवठु संघयण. ॥ ३ ॥

(संठाण के०) संस्थान छ–ते १ समचतुरस्र-संस्थान, २ न्युग्रोधपरिमंडल संस्थान, ३ सादि संस्थान, ४ वामन संस्थान, ५ कुब्ज संस्थान, अने ६ हुंडक संस्थान. ॥ ४ ॥

(कसाय के०) कषाय चार–ते १ क्रोध, २ मान, ३ माया अने ४ लोभ. ॥ ५ ॥ (तहहुंति के०) तेमज आगळ कहेशे, ते प्रकारे होय.

(सन्नाओ के०) संज्ञा चार–ते १ आहार संज्ञा, २ भय संज्ञा, ३ मैथुन संज्ञा अने ४ परिग्रह संज्ञा ॥६॥

(लेस के०) लेश्या छ–ते १ कृष्ण लेश्या, २ नील लेश्या, ३ कापोत लेश्या, ४ तेजु लेश्या, ५ पद्म लेश्या, अने ६ शुकल लेश्या. ॥ ७ ॥

(इंद्रिय के०) इंद्रिय पांच–ते १ श्रोत्रेंद्रिय, २ चक्षुइंद्रिय, ३ घ्राणेंद्रिय, ४ रसेंद्रिय, अने ५ स्पर्शें-द्रिय. ॥ ८ ॥

(समुग्घाओ के०) समुद्घात सात ते १ वेदनी समु-द्घात, २ कषाय समुद्घात, ३ मारणांतिक समुद्घात, ४

વૈક્રિય સમુદ્દઘાત. ૫ તૈજસ સમુદઘાત, ૬ આહારક સમુદઘાત, અને ૭ કેવળ સમુદ્દઘાત. ॥ ૯ ॥

(સન્નિ કે૦) સંજ્ઞી અને અસંજ્ઞી–તેમાં જેને મન હોય તે સંજ્ઞી; અને મન ન હોય તે અસંજ્ઞી. ॥ ૧૦ ॥

(વેદે કે૦) વેદ ત્રણ–તે ૧ સ્ત્રી વેદ, ૨ પુરૂષવેદ, અને ૩ નપુંસક વેદ. ॥ ૧૧ ॥

(ય કે૦) વળી (પજ્જત્તિ કે૦) પર્યાપ્તિ છ–તે ૧ આહાર પર્યાપ્તિ, ૨ શરીર પ૦, ૩ ઇંદ્રિ પ૦, ૪ શ્વાસોશ્વાસ પ૦, ૫ ભાષા પ૦, અને ૬ મન પર્યાપ્તિ. ॥ ૧૨ ॥

(દિઠ્ઠિ કે૦) દ્રષ્ટિ ત્રણ—તે ૧ સમકિત દ્રષ્ટિ. ૨ મિથ્યાત્વ દ્રષ્ટિ અને ૩ સમા મિથ્યાત્વ દ્રષ્ટિ. ॥ ૧૩ ॥

(દંસણ કે૦) દર્શન ચાર તે—૧ ચક્ષુદર્શન, ૨ અચક્ષુ દ૦, ૩ અવધિ દ૦, અને ૪ કેવળદર્શન. ॥ ૧૪ ॥

(નાણ કે૦) જ્ઞાન પાંચ–તે ૧ મતિજ્ઞાન, ૨ શ્રતજ્ઞાન, ૩ અવધિજ્ઞાન, ૪ મનઃપર્યવજ્ઞાન, અને ૫ કેવળજ્ઞાન. ॥ ૧૫ ॥

(અન્નાણે કે૦) અજ્ઞાન ત્રણ–તે ૧ મતિઅજ્ઞાન, ૨ શ્રુતઅજ્ઞાન, અને ૩ વિભંગ અજ્ઞાન. ॥ ૧૬ ॥

(જોગ કે૦) યોગ પન્નર—તેમાં ૪ મનના, ૪ વચનના, ૪ અને ૭ કાયાના. તેમાં ૧ સત્ય મનયોગ, ૨ અસત્ય મ૦, ૩ મિશ્ર મ૦, અને ૪ વ્યવહાર મ૦, એ ચાર મનના જાણવા. તથા ૧. સત્ય વચન યોગ, ૨. અસત્ય

વચન યોગ ૩ મિશ્ર વ૦, ૪ વ્યવહાર વ૦, એ ચાર વચનના જાણવા. તથા ૧ ઔદારિક, ૨ ઔદારિકનો મિશ્ર, ૩ વૈક્રિય, ૪ વૈક્રિયનો મિશ્ર, ૫ આહારક, ૬ આહારકનો મિશ્ર, અને કાર્મણકાય યોગ. એ સાત કાયાના જાણવા. સર્વે મળી પન્નર યોગ જાણવા. ॥ ૧૭ ॥

(ઉવયોગ કે૦) ઉપયોગ બાર—તે પાંચ જ્ઞાન, ત્રણ અજ્ઞાન, અને ચાર દર્શન એ બાર ઉપયોગ જાણવા. ॥૧૮॥

[તહા કિમાહારે કે૦] તેમજ અનુક્રમે આહાર લે. તે જ૦ ત્રણ દિશિનો અને ઉ૦ છ દિશિનો. ત્રણ દિશિ તે ૧ ઉંચી, ૨ નીચી, અને ૩ તીર્છી. અને છ દિશિ તે ૧ પૂર્વ, ૨ પશ્ચિમ, ૩ ઉત્તર, ૪ દક્ષિણ ૫ ઉંચી, અને ૬ નીચી. તથા ત્રણ પ્રકારનો આહાર તે—૧ સચિત્ત ૨ અચિત્ત, અને ૩ મિશ્ર. તથા ત્રણ પ્રકારનો આહાર લે તે—૧ ઓજ. ૨ રોમ અને ૩ કવળ. એ ત્રણ પ્રકારનો આહાર. ॥ ૧૯ ॥

(ઉવવાહ કે૦) કેટલા દંડકનો આવીને ઉપજે ? તો કે, ચોવીશ દંડકનો. તે આગળ કહેવાશે. ॥ ૨૦ ॥

[ઠિઈ કે૦) સ્થિતિ. તે જ૦ અંતર્મુહુર્તની અને ઉત્કૃષ્ટ તેત્રીશ સાગરોપમની. તે સ્થિતિ આગળ કહેવાશે. ॥ ૨૧ ॥

(સમુહાએ કે૦) ૧ સમોહિયા મરણ, ૨ અસમોહિયા મરણ, તેમાં સમોહિયા મરણ, તે કોને કહીયે ? તો

કે, કોઠીની લાસ્ની પેઠે જીવના પ્રદેશ છુટા છુટા નીકળે તે. ॥૧॥ અને અસમોહિયા મરણ તે કોને કહીએ ? તો કે, બંદૂકના ભડાકાની પેઠે જીવના પ્રદેશ સામટા નીકળે. તે. ॥૨॥ ॥૨૨॥

(ચવણ કે૦) જેટલા દંડકમાં ચવીને જાય, તે આગળ કહેવાશે. ॥ ૨૩ ॥

(ગઈ કે૦) ગતિ પાંચ—તે ૧ નરકની, ૨ તિર્યંચની, ૩ મનુષ્યની, ૪ દેવતાની, અને ૫ સિધ્ધ. તેમાં જે જવું, તે ગતિ. અને તેમાંથી જે (આગઈ કે૦) આવવું તે આગતિ. તે ચાર પ્રકારની. ૧ નરકની, ૨ તિર્યંચની, ૩ મનુષ્યની, અને ૪ દેવતાની. (ચેવ કે૦) નિશ્ચે એ વાતો શાસ્ત્રમાં કહી છે. એ બે ગાથાનો અર્થ કહ્યો. ॥૨૪॥

હવે પ્રાણ દશ—તેમાં પંચેંદ્રિયના પાંચ પ્રાણ—તે ૧ શ્રોતેંદ્રિય, ૨ ચક્ષુઈંદ્રય, ૩ ઘ્રાણેંદ્રિય, ૪ રસેંદ્રિય, અને ૫ સ્પર્શેંદ્રિય. ૬ મનબળ, ૭ વચનબળ. ૮ કાયબળ, ૯ શ્વાસોશ્વાસ અને ૧૦ આઉખું. એ દશ. એ પચ્ચીશ દ્વાર કહ્યા. ॥૨૫॥

હવે ચોવીશ દંડકનાં નામ કહે છે.

તેમાં પ્રથમ નારકીનો દંડક—તે સાત નરકનાં નામ કહે છે—૧ ઘમા, ૨ વંસા, ૩ સિલા, ૪ અંજણા, ૫ રિઠા, ૬ મઘા અને ૭ માઘવઈ એ સાત નરકના નામ કહ્યા. હવે તેનાં ગોત્ર કહે છે ૧ રત્નપ્રભા.—૨ શર્કરપ્રભા, ૩ વાલુ-

પ્રભા, ૪ પંકપ્રભા, ૫ ધુમપ્રભા. ૬ તમઃપ્રભા, અને ૭ તમસ્તમઃપ્રભા. એ સાત મળીને એક દંડક થયો.

દસ ભવનપતિના દસ દંડક.

૧ અસુરકુમાર, ૨ નાગ કુ૦, ૩ સુવર્ણ કુ૦ ૪ વિદ્યુત કુ૦ ૫ અગ્નિ કુ૦, ૬ દ્વીપ કુ૦ ૭ ઉદધિ કુ૦, ૮ દિશા કુ૦, ૯ પવન કુ૦, અને ૧૦ સ્તનિત કુમાર. એવં ૧૧ દંડક થયા.

પાંચ થાવરના પાંચ દંડક–૧ ઇંદિ થાવરકાય, ૨ બંભી થાવરકાય, ૩ સપિ થા૦, ૪ સુમતિ થા૦, અને ૫ પયાવચ થાવરકાય. હવે તેનાં ગોત્ર કહે છે–૧ પૃથ્વીકાય, ૨ અપકાય, ૩ તેઉકાય, ૪ વાયુકાય, અને ૫ વનસ્પતિકાય. એવં ૧૬ દંડક થયા.

ત્રણ વિકલેંદ્રિયના ત્રણ દંડક—૧ બેઇંદ્રિય, ૨ તેઇંદ્રિય, અને ૩ ચૌરિંદ્રિય, એવં ૧૯ દંડક થયા.

વીશમો તિર્યંચ પચેંદ્રિયનો દંડક—તિર્યંચ પચેંદ્રિયના પાંચ ભેદ. તે ૧ જળચર, ૨ સ્થળચર, ૩ ઉરપર, ૪ ભુજપર અને ૫ ખેચર. હવે જળચર તે કોને કહીયે? તો કે જે જળમાં ચાલે તેને જળચર કહીયે. તેના અનેક ભેદ. મચ્છ, કચ્છ ગાહા, મગર, સુસુમાર પ્રમુખ. ૧ તથા જે પૃથ્વીને વિષે ચાલે તે સ્થળચર કહીયે. તેના ૪ ભેદ. ૧ એકખુરા, ૨ દોખુરા, ૩ ગંડિપયા, અને ૪ સણુપયા. તેમાં એક ખૂરા તે ઘોડા, ખર, પ્રમુખ, દોખૂરા–તે ગાય, ભેંશ,

પ્રમુખ. ગંડિપયા—તે સુંવાળા પગ સોનીની એરણને ઘાટે પગ. તે હાથી, ગેંડા, પ્રમુખ. સનુપયા—તે નહોરવાળા જીવ તે સિંહ, વાઘ, ચિતા, કૂતરા, બિલાડા પ્રમુખ. એ સ્થળચરના ૪ ભેદ જાણવા. ૨. ઉરપર તે હૈયાભર ચાલે, તે સર્પ તેની બે જાત—એક ફેણ માંડે તે. અને બીજા ફેણ ન માંડે તે. એ ઉરપરના ભેદ. ૩ ભુજપર સર્પ તે ભુજાયે તથા હૈયાભર ચાલે તે. તેના અનેક ભેદ—નોળ, કોળ, કાંકંઠા, ગોહ, ઉંદર, ખિશકોલી પ્રમુખ. ૪ ખેચર—તે જે આકાશે ચાલે તે પંખીની જાતિ. તે પંખીના ચાર ભેદ—૧ ચર્મ પંખી, ૨ રોમ પંખી ૩ વિતતપંખી, ૪ સમુગપંખી. ચર્મ પંખી તે ચામડાની પાંખ. તે ચાપા, વાગુલ પ્રમુખ. ૧ રોમપંખી તે રોમરાયની પાંખ. તે સૂડા, ચરકલા, પારેવા પ્રમુખ. ૨ એ બે પંખી અઢી દ્વીપ માંહિ અને અઢી દ્વીપ બહાર રહે છે. વિતત પંખી તે જેની પાંખ પહોળીજ રહે, તે વિતતપંખી કહીયે. ૩ સમુગપંખી તે જેની પાંખ ડાબડાની પેઠે બીડી રહે. તે સમુગપંખી કહીયે. એ બે પંખા અઢી દ્વીપ બહારજ છે. એ પાંચ તિર્યંચ પંચેંદ્રિય સમૂચ્છિંમ અને ગર્ભજ જાણવા. એ વીશમો તિર્યંચ પચેંદ્રિયનો દંડક થયો. ૧૨૦।

હવે એકવીશમો મનુષ્ય પચેંદ્રિયનો દંડક કહે છે.

— તે મનુષ્ય પચેંદ્રિયના ૪ ભેદ—૧ પન્નર કર્મ ભુમિના મનુષ્ય, ૨ ત્રીશ અકર્મ ભૂમિના મનુષ્ય, ૩ છપ્પન્ન અંત-

રદ્વીપના મનુષ્ય, અને ૪ ચૌદસ્થાનકના સમૂર્ચ્છીમ મનુષ્ય. હવે કર્મભૂમિ તે કોને કહીએ ? તો કે, જ્યાં અસિ, મસિ અને કસિ એ ત્રણ પ્રકારના વ્યાપાર છે. તે ૧–[અસિ કે૦] તરવાર પ્રમુખ હથિયારનું બાંધવું, તે અસિ કહીએ. ૨ [મસિ કે૦] લખવાનો વ્યાપાર કરે તે મસિ કહીએ. ૩ (કસિ કે૦) ખેતિવાડી પ્રમુખ વ્યાપાર કરે, તે કસિ કહીયે. એ ત્રણ પ્રકારના વ્યાપારે કરીને જે જીવે, તે કર્મભૂમિના મનુષ્ય કહીયે. તે કર્મ ભૂમિ કેટલા છે ? તો કે, પાંચ ભરત, પાંચ ઐરવત, પાંચ મહાવિદેહ, એ પન્નર ક્ષેત્ર કર્મભૂમિનાં છે. તે કિયે કિયે ઠેકાણે છે ? તે કહે છે. એક લાખ જોજનનો જંબુદ્વીપ છે, તેમાં એક ભરત, એક ઐરવત, અને એક મહાવિદેહ, એ ત્રણ કર્મ ભૂમિનાં ક્ષેત્ર જંબુદ્વીપ મધ્યે છે. તે જંબુદ્વીપને ફરતો બે લાખ જોજનનો લવણ સમુદ્ર છે. તેને ફરતો ચારલાખ જોજનનો ધાતકિખંડ દ્વીપ છે. તેમાં બે ભરત, બે ઐરવત, બે મહાવિદેહ એ છ ક્ષેત્ર ધાતકી ખંડ મધ્યે છે. તેને ફરતો આઠ લાખ જોજનનો કાળોદધિ સમુદ્ર છે, તેને ફરતો આઠ લાખ જોજનનો પુષ્કરાર્ધ દ્વીપ છે. તેમાં બે ભરત, બે ઐરવત, બે મહાવિદેહ એ છ ક્ષેત્ર પુષ્કરાર્ધ દ્વીપ મધ્યે છે એ પન્નર કર્મ ભુમિ કહ્યા.

ત્રીસ અકર્મ ભૂમિ કહે છેઃ—અકર્મ ભૂમિના મનુષ્ય તે કોને કહીયે ? તો કે, જ્યાં અસિ, મસિ અને કસિ, એ

ત્રણ વ્યાપાર નથી. અને દશ પ્રકારના કલ્પવૃક્ષે કરીને જીવે, તે અકર્મ ભુમિના મનુષ્ય કહીયે તે કિયા કિયા ? તો કે, પાંચ હેમવય, પાંચ એરણુવય, પાંચ હરિવાસ, પાંચ રમકવાસ, પાંચ દેવકુરૂ, અને પાંચ ઉત્તરકુરૂ, એ ત્રીસ અકર્મ ભુમિ તે કિયે કિયે ઠેકાણે છે ? તો કે, એક હેમવય, એક હિરણ્યવય, એક હરિવાસ, એક રમકવાસ, એક દેવકુરૂ અને એક ઉત્તરકુરૂ એ છ જુગળિયાનાં ક્ષેત્ર જંબુદ્વીપ મધ્યે છે. એથી બમણાં બાર ક્ષેત્ર ધાતકીખંડમાં છે. તેમજ બાર ક્ષેત્ર પુષ્કરાર્ધ્ધ દ્વીપમાં છે. એવાં ત્રીસ અકર્મ ભુમિ કહ્યાં.

છપ્પન્ન અંતરદ્વીપા કહે છે:—અંતરદ્વીપા તે કોને કહીએ ? તો કે, લવણ સમુદ્રમાં પાણી ઉપર અંતરંગ ડાઢામાં દ્વીપા ઉપર રહેનાર માટે અંતરદ્વીપના મનુષ્ય કહીએ તે કયાં છે ? તો કે, ભરત ક્ષેત્રની મર્યાદાનો કરનાર પીલા સુવર્ણનો ચુલહિમવત નામા પર્વત છે. તે એકસો જોજનનો ઉંચો છે, એકસો ગાઉનો ઉંડો છે, તથા એક હજાર બાવન જોજન અને બાર કળાનો પહોળો છે. ચોવીસ હજાર નવસેં બત્રીસ જોજનનો લાંબો છે, તેને પૂર્વ પશ્ચિમને છેડે બબે દાઢા નિકળી છે, તે એકેકી દાઢા ચોરાશીસેં ચોરાશીસેં જોજનની ઝાઝેરી લાંબી છે, તે એકેકી દાઢા ઊપર સાત સાત અંતરદ્વીપા છે, જગતિથી દાઢા ઉપર ત્રણસેં જોજન જઇયે, ત્યારે ત્રણસેં જોજનનો લાંબો પહોળો પહેલો દ્વીપો આવે.

૧ વળી ત્યાંથી ચારસેં જોજન જઇએ, ત્યારે ચારસેં જોજ-

નનો લાંબો પહોળો બીજો દ્વીપો આવે. ૨ વળી ત્યાંથી પાંચસેં જોજન જઇએ, ત્યારે, પાંચસેં જોજનનો લાંબો પહોળો ત્રીજો દ્વીપો આવે. ૩ વળી ત્યાંથી છસેં જોજન જઇએ ત્યારે છસ્સેં જોજનનો લાંબો પહોળો ચોથો દ્વીપો આવે. ૪ વળી ત્યાંથી સાતસેં જોજન જઇએ ત્યારે, સાતસેં જોજનનો લાંબો પહોળો પાંચમો દ્વીપો આવે. ૫ વળી ત્યાંથી આઠસેં જોજન જઇએ, ત્યારે આઠસેં જોજનનો લાંબો પહોળો છઠ્ઠો દ્વીપો આવે, ૬ વળી ત્યાંથી નવસેં જોજન જઇએ ત્યારે નવસેં જોજનનો લાંબો પહોળો સાતમો દ્વીપો આવે. ૭ એમ ચારે દાઢા ઉપર થઇને સાત ચોકું અઠ્ઠાવીસ થયા. એમજ ઐરવત ક્ષેત્રની મર્યાદાનો કરનાર શિખરીનામા પર્વત તે પણ પીળા સુવર્ણનો છે, તે ચૂલહિમવંત પર્વતની પેઠે જાણવો. તેને પણ પૂર્વ પશ્ચિમને છેડે બબે દાઢા નીકળી છે. તે એકેકી દાઢા ઉપર સાત સાત અંતર દ્વીપા છે, એમ અઠ્ઠાવીસ દુ છપ્પન્ન અંતરદ્વીપા શ્રી જંબુ દ્વીપમાં છે. તેનું સુખ અકર્મ ભૂમીની પેઠે જાણવું,

હવે ચૌદ સ્થાનકના સમુર્ચ્છિમ મનુષ્ય કહે છે.

૧ (ઉચ્ચારે સુવા કે૦) વડી નિતિમાં ઉપજે, ૨ (પાસવેણુ સુવા કે૦) લઘુ નિતિમાં ઉપજે, ૩ (ખેલે સુવા કે૦) બળખામાં ઉપજે. ૪ (સિંઘાણે સુવા કે૦) નાસિકાના શ્લેષ્મમાં ઉપજે, ૫ (વંતેસુવા કે૦) વમનમાં ઉપજે, ૬ (પિતે સુવા કે૦) પિતોડામાં ઉપજે, ૭ (પુંવે સુવા કે૦)

પરૂમાં ઉપજે, ૮ (સોણિએ સુવા કે૦) રૂધિરમાં ઉપજે, ૯ (સુકકે સુવા કે૦) વીર્યમાં ઉપજે, ૧૦ (સુક્કપુગલ પરિસાડિએ સુવા કે૦) વીર્યાદિકના પુદગળ સૂકાણા તે ભીના થાય તેમાં ઉપજે, ૧૧ (વિગય જીવ કલેવરે સુવા કે૦) જીવ રહિત મૃતકના કળેવરમાં ઉપજે, ૧૨ (ઇત્થિ પુરિસ સંજોગે સુવા કે૦) સ્ત્રી પુરૂષના સંયોગમાં ઉપજે, ૧૩ (નગરની ધમણે સુવા કે૦) નગરની ખાળ પ્રમુખમાં ઉપજે, અને ૧૪ (સવ્વે સુચેવ અસુઇ ઠાણે સુવા કે૦) મનુષ્ય સંબંધિ પિયા પ્રમુખ અસુચી સ્થાનકમાં ઉપજે. એ અસંખ્યાતા સમૂચ્છિંમ મનુષ્ય અંતર્મુહુર્ત મનુષ્યના શરીરથી વસ્તુ દુર થાય, તમાં ઉપજે. એવા એકસો એક ક્ષેત્રના ગર્ભજ મનુષ્ય અપર્યાપ્ત અને એકશો એક પર્યાપ્તા, તથા એકસો એક સમુચ્છિંમ મનુષ્ય અપર્યાપ્તા એવં ત્રણસે ત્રણ ભેદનો એકવીશમો મનુષ્યનો દંડક થયો. ૨૧

હવે બાવીશમો વાણવ્યંતરનો દંડક કહે છે:—

તેની સોલ જાતિ છે. તે ૧ પિશાચ, ૨ ભૂત, ૩ યક્ષ, ૪ રાક્ષસ, ૫ કિન્નર, ૬ કિંપુરૂષ, ૭ મહોરગ, ૮ ગંધર્વ, ૯ આણુપન્ની, ૧૦ પાણુપન્ની, ૧૧ ઇસિવાઇ, ૧૨ ભૂઇવાઇ, ૧૩ કંદિય, ૧૪ મહાકંદિય, ૧૫ કોહંડ અને ૧૬ પૂયંગદેવ, એ સોલ જાતિના વાણવ્યંતરનો બાવીશમો દ્વાર થયો.૨૨

હવે તેવીશમો જ્યોતિષીનો દંડક કહે છે:—

તેની દશ જાતિ છે તે ૧ ચંદ્રમા, ૨ સૂર્ય, ૩ ગૃહ,

૪ નક્ષત્ર, ૫ તારા. એ પાંચ ચળ તે અઢીદ્વીપમાં છે. અને એ પાંચ સ્થિર તે અઢીદ્વીપ બહાર છે. એવં દશ જાતિ. બે ચંદ્રમા ને બે સૂર્ય જંબુદ્વીપમાં છે. ચાર ચંદ્રમા, અને ચાર સૂર્ય લવણમાં છે. બાર ચંદ્રમા અને બાર સૂર્ય ધાતકીખંડમાં છે. બેંતાળીશ ચંદ્રમા, અને બેંતાળીસ સૂર્ય કાળોદધિ સમુદ્રમાં છે. બહોતેર ચંદ્રમા અને બહોતેર સૂર્ય પુષ્કરાર્ધદ્વીપમાં છે, એવં સર્વ મળીને મનુષ્ય ક્ષેત્રમાં એકશો બત્રીશ ચંદ્રમા અને એકસો બત્રીશ સૂર્ય પરિવાર સહિત ચળ છે. પરિવાર તે જ્યાં એક ચંદ્રમા અને એક સૂર્ય ત્યાં અઠ્ઠાવીશ ગૃહ, અઠ્ઠાવીશ નક્ષત્ર, છાસઠહજાર નવસેં ને પંચોતેર કોડાકોડિ તારા, એવં સર્વ ચંદ્રમા સૂર્યનો પરિવાર જાણવો. અસંખ્યાતા ચંદ્રમા અને અસંખ્યાતા સૂર્ય પરિવાર સહિત મનુષ્ય ક્ષેત્ર બહાર અસંખ્યાતા દ્વીપ સમુદ્રમાં સ્થિર છે, એવં દશ જાતિનો તેવીશમો જ્યોતિષીનો દંડક થયો. ૨૩

હવે ચોવીશમો વૈમાનીકનો દંડક કહે છેઃ—

તેના છવ્વીશ ભેદ છે. બાર દેવલોક, નવ ગ્રૈવેયક અને પાંચ અનુત્તર વિમાન, એવં છવ્વીશ. હવે તેના નામ કહે છે—૧ સૌધર્મ, ૨ ઇશાન, ૩ સનત્કુમાર, ૪ માહેંદ્ર, ૫ બ્રહ્મ, ૬ લાંતક, ૭ મહાશુક્ર, ૮ સહસ્રાર, ૯ આણત, ૧૦ પ્રાણત, ૧૧ આરણ, અને ૧૨ અચ્યુત. એ બાર દેવલો-

કનાં નામ કહ્યા. હવે નવ ગ્રૈવેયકનાં નામ કહે છે. ૧ ભદ્દે, ૨ સુભદ્દે, ૩ સુજાએ, ૪ સુમાણસે, ૫ પિયદંસણે, ૬ સુદંસણે, ૭ આમોહે, ૮ સુપડિબધ્ધે, અને ૯ જસોધરે. એ નવ ગ્રૈવેયકનાં નામ કહ્યાં. હવે પાંચ અનુત્તર વિમાનનાં નામ કહે છે—૧ વિજય, ૨ વિજયંત, ૩ જયંત, ૪ અપરાજીત, ૫ સર્વાર્થસિદ્ધ. એ પાંચ અનુત્તર વિમાનનાં નામ કહ્યાં. હવે પંદર પરમાધામીના નામ કહે છે—૧ અંબ, ૨ અંબરસ, ૩ શામ, ૪ સબળ, ૫ રૌદ્ર, ૬ વૈરૌદ્ર, ૭ કાળ, ૮ મહાકાળ, ૯ અસિપત્ર, ૧૦ ધનુષ્ય, ૧૧ કુંભ, ૧૨ વાલુક, ૧૩ વેતરણી, ૧૪ ખરસ્વર, અને ૧૫ મહાઘોષ. એ પંદર પરમાધામી તે અસુર કુમારમાં ભળ્યા. હવે દશ જાતિના જંભકા તેના નામ કહે છે—૧ આણુજંભકા, ૨ પાણુજંભકા, ૩ લયણુજંભકા, ૪ સયણુજંભકા, ૫ વત્થ જંભકા, ૬ પુષ્પ જંભકા, ૭ ફળ જંભકા, ૮ બીજ જંભકા, ૯ વિજ્જુજંભકા, અને ૧૦ અવિયત જંભકા, એ દશ જાતિના જંભકા દેવતા તે વાણુવ્યંતરમાં ભળ્યા, ત્રણ કિલ્વિષીનાં નામ—૧ પલિયા, ૨ ત્રણ સાગરીયા, અને તેર સાગરીયા એ ત્રણ કિલ્વિષી દેવલોક અંતર નિવાસી માટે વૈમાનિકમાં ભળ્યા. હવે નવ લોકાંતિકના નામ કહે છે—૧ સારસ્વત, ૨ આદિત્ય, ૩ વન્હિ, ૪ વરૂણ, ૫ ગર્ધતોયા, ૬ તુષિત. ૭ અવ્યાબાધા, ૮ અગ્ગિચા, અને ૯ રિઠ્ઠા.એ નવ લૌકાંતિક બ્રહ્મલોક વાસી માટે ઉત્તમ વૈમાનિકમાં ભળ્યા. ॥ ઇતિ ચોવીશ દંડકનાં નામ કહ્યાં. ૨૪

હવે સાતક્રોડ ને બહોંતેર લાખ ભવનપતિના ભવન છે. ચોરાશી લાખ નરકાવાસા છે, વાણુવ્યંતરનાં અસંખ્યાતાં નગર છે. જોતિષીનાં અસંખ્યાતાં વેમાન છે. જ્યોતિષીના અસંખ્યાતી રાજધાની દીપા છે, હવે ચોરાશીલાખ સત્તાણું હજાર ત્રેવિશ વૈમાન વૈમાનિકનાં છે. મનુષ્યના અસંખ્યાતા વાસ છે. શેષ નવ દંડકના અસંખ્યાતા વાસ છે. તે સર્વનું વર્ણન અન્ય સિદ્ધાંતોથી જાણવું. ૨૪

હવે સિદ્ધસિલાનાં બાર નામ કહે છે:—

૧ ઇસિતિવા. ૨ ઇસિપભારાતિવા, ૩ તણુતિવા, ૪ તણુ તણુ તિવા. ૫ સિદ્ધિતિવા, ૬ સિદ્ધાલયેતિવા, ૭ મુત્તિતિવા. ૮ મુત્તાલયેતિવા, ૯ લોયગ્ગેતિવા, ૧૦ લોગથુભિયેતિવા, ૧૧ લોગપડિબોહેતિવા, અને ૧૨ સવ્વપાણભૂય જીવસત્ત સુહાવહેતિવા. એ મોક્ષનાં બાર નામ કહ્યાં. એ કિંચિત્ માત્ર નામદ્વાર સંપૂર્ણમ્. ૧

હવે ચોવીશ દ્વાર તે ચોવાશ દંડક ઉપર ઉતારવા, તે કહે છે.

પહેલો નારકીનો દંડક, તેમાં ત્રણ શરીર—વૈક્રિય, તૈજસ, કાર્મણ, ભવધારણી શરીરની અવઘેણા ૫૦૦ અંગુલ

અને ઉત્કૃ૦ પાંચશેં ધનુષની અને ઉત્તરવૈક્રિય શરીરની જ૦ અંગુ૦ સંખ્યા૦ અને ઉત્કૃ૦ હજાર ધનુષની, પહેલી નરકે જ૦ અંગુ૦ અસં૦ અને ઉત્કૃ૦ પોણા આઠ ધનુષ ને છ આંગળની, અને ઉત્તર વૈક્રિય કરે તો જ૦ અંગુ૦ સંખ્યા, અને ઉત્કૃ૦ સાડાપંદર ધનુષ ને બાર આંગળની–બીજી નરકે જ૦ અગુ૦ અસં૦ અને ઉત્કૃ૦ સાડા પંદર ધનુષ ને બાર આંગળની. અને ઉત્તર વૈક્રિય કરે તો જ૦ અંગુ૦ સંખ્યા૦ અને ઉત્કૃ૦ સવા એકત્રીશ ધનુષની–ત્રીજી નરકે જ૦ અંગુ૦ અસં૦ અને ઉત્કૃ૦ સવા એકત્રીશ ધનુષની અને ઉત્તર વૈક્રિય કરે તો જ૦ અંગુ૦ સંખ્યા૦ અને ઉત્કૃ૦ સાડીબાસઠ ધનુષની, ચોથી નરકે૦ જ૦ અંગુ૦ અંસ૦ અને ઉત્કૃ૦ સાડીબાસઠ ધનુષની અને ઉત્તર વૈક્રિય કરે તો જ૦ અંગુ૦ સંખ્યા૦ અને ઉત્કૃ૦ સવાસો ધનુષની પાંચમી નરકે જ૦ અંગુ૦ અસ૦ અને ઉત્કૃ૦ સવાસો ધનુષની અને ઉત્તર વૈક્રિય કરે તો જ૦ અગુ૦ સંખ્યા૦ અને ઉત્કૃ૦ અઢીસેં ધનુષની, છઠ્ઠી નરકે જ અંગુ૦ અસં૦ અને ઉત્કૃ૦ અઢીસેં ધનુષની અને ઉત્તર વૈક્રિય કરે તો જ૦ અંગુ૦ સંખ્યા. અને ઉત્કૃ૦ પાંચસેં ધનુષની, સાતમી નરકે જ૦ અંગુ૦ અસં૦ અને ઉત્કૃ૦ પાંચસેં ધનુષની, અને ઉત્તર વૈક્રિય કરે તો, જ૦ અંગુ૦ સંખ્યા૦ અને ઉત્કૃ૦ હજાર ધનુષની–

(સંઘયણ કે૦) નારકી અસંઘેણી નારકીને એક હુંડ સંસ્થાન, કષાય ચારે–ક્રોધ, માન માયા અને લોભ પણ

નારકીને ક્રોધ ઘણો. સંજ્ઞા ચારે—આહાર સંજ્ઞા, ભય સંજ્ઞા, મૈથુનસંજ્ઞા, અને પરિગ્રહ સંજ્ઞા, પણ નારકીને ભય ઘણો. નારકીને લેશ્યા ત્રણ—સમુચ્ચે પહેલી બીજી નરકે એક કાપોત લેશ્યા, ત્રીજી નરકે બે લેશ્યા, તે કાપોત ઘણી અને નીલ થોડી, ચોથી નરકે એક નીલ લેશ્યા, પાંચમી નરકે બે લેશ્યા, નીલ ઘણી અને કૃષ્ણ થોડી, છઠ્ઠી નરકે એક કૃષ્ણ લેશ્યા, સાતમી નરકે મહાકૃષ્ણ લેશ્યા. ઈંદ્રિય પાંચ-૧ શ્રોતેંદ્રિય, ૨ ચક્ષુઈંદ્રિય, ૩ ઘ્રાણેંદ્રિય, ૪ રસેંદ્રિય, અને ૫ સ્પર્શેંદ્રિય, સમુદ્ઘાત ચાર-તે વેદની, કષાય મારણાંતિક અને વૈક્રિય. [સન્નિ કે૦) પહેલી નરકે સંજ્ઞી ને અસંજ્ઞી એ બે હોય. બીજીથી માંડી સાતમી નરક સુધી એકલા સંજ્ઞી છે. વેદ નારકીને એક તે એક નપુંસક વેદ. નારકીને પર્યાય પાંચ, તે ભાષા અને મન ભેગાં બાંધે. નારકીને દ્રષ્ટી ત્રણ—સમક્તિ દ્રષ્ટિ, મિથ્યાદ્રષ્ટિ, અને સમા મિથ્યાદ્રષ્ટિ. નારકીને દર્શન ત્રણ—ચક્ષુદર્શન, અચક્ષુદર્શન, અને અવધિદર્શન. નારકીને જ્ઞાન ત્રણ—મતિજ્ઞાન, શ્રુતજ્ઞાન અને વિભંગજ્ઞાન. નારકીને યોગ અગીયાર—તે ચાર મનના, ચાર વચનના, ત્રણ કાયાના. તે વૈક્રિય, વૈક્રિયનો મિશ્ર, અને કાર્મણ કાય યોગ; એવં અગીયાર યોગ. નારકીને ઉપયોગ નવ. તે—ત્રણ જ્ઞાન, ત્રણ અજ્ઞાન, અને ત્રણ દર્શન, એવં નવ, (તહા કે૦) તેમજ આહાર લેતો જ૦ ઉત્કૃ૦ છ દિશિનો

આહાર લે. તે બે પ્રકારનો. ઓજ અને રોમ આહાર તે પણ અશુભ અને અચિત્ત, (ઉવવાય કે૦) આવીને ઉપજે ત પહેલી નરકે બે દંડકના તે મનુષ્ય ગર્ભજ, તિર્યંચ, ગંજ અને સમૂચ્છિંમ એ બે દંડકના આવીને ઉપજે. અને બીજીથી માંડીને સાતમી સુધી ગર્ભજ તિર્યંચ અને ગર્ભજ મનુષ્યના આવી ઉપજે. સ્થિતિ પહેલી નરકે જ૦ દશહજાર વર્ષની, અને ઉત્કૃ૦ એક સાગરની. બીજી નરકે જ૦ એક સાગ૦ ઉત્કૃ૦ ત્રણ સાગ૦ ત્રીજી નરકે જ૦ ત્રણ સા૦ ઉત્કૃ૦ સાત સ૦ ચોથી નરક જ૦ સાત સા૦ ઉત્કૃ૦ દશ સા૦ પાંચમી નરકે જ૦ દશ સા૦ ઉત્કૃ૦ સત્તર સા૦ છઠ્ઠી નરકે જ૦ સત્તર સા૦ ઉત્કૃ૦ બાવીશ સા૦ સાતમી નરકે જ૦ બાવીશ સા૦ ઉત્કૃ૦ તેત્રીશ સાગરની. સમોહિયા મરણ અને અસમોહિયા મરણ બે પ્રકારે છે. ચવન તે નારકી ચવીને બે દંડકમાં જાય. તે મનુષ્ય અને તિર્યંચમાં જાય. (ગઇ કે.) નારકી મરીને બે ગતિમાં જાય. તે મનુષ્ય અને તિર્યંચમાં જાય. આવે પણ બે ગતિનો તે મનુષ્ય અને તિર્યંચનો. પ્રાણ દશ લાભે. યોગ ત્રણ, મન વચન અને કાયાના એ ત્રણ.

એ પ્રથમના નારકીનો દંડક સંપૂર્ણ થયો.

હવે દશ ભવનપતિના દશ દંડક.

તેમાં શરીર ત્રણ—વૈક્રિય, તૈજસ અને કાર્મણ. ભવનપતિની અવઘેણા જ૦ અંગુ૦ અસં૦ ઉત્કૃ૦ સાત હાથની અને ઉત્તર વૈક્રિય કરે તો જ૦ અંગુ૦ અસં૦ ઉ- લાખ જોજનની. સંઘયણ નથી સંસ્થાન એક સમચતુરસ્ત્ર સંસ્થાન. કષાય ચારે પણ દેવતાને લોભ ઘણો. સંજ્ઞા ચારે. પણ દેવતાને પરિગ્રહ સંજ્ઞા ઘણી લેશ્યા ચાર. કૃષ્ણ નીલ, કાપુત અને તેજો લેશ્યા. ઇંદ્રિ પાંચે છે. સમુદ્ઘાત પાંચ. વેદની, કષાય, મારણાંતિક, વૈક્રિય અને તૈજસ. સંજ્ઞી અસંજ્ઞી બે જાણવા. વેદ બે. સ્ત્રી અને પુરૂષ. પર્યાય પાંચ, ભાષા અને મન ભેગું બાંધે, દ્રષ્ટિ ત્રણ. દર્શન ત્રણ. એક કેવળ દર્શન નહીં. જ્ઞાન ત્રણ મતિજ્ઞાન, શ્રુતજ્ઞાન અને અવધિજ્ઞાન. યોગ અગીયાર. તે ચાર મનના, ચાર વચનના ત્રણ કાયાના, વૈક્રિય, વૈક્રિયનો મિશ્ર અને કાર્મણ કાય યોગ. એવં અગીયાર. ઉપયોગ નવ ત્રણ જ્ઞાન, ત્રણ અજ્ઞાન, અને ત્રણ દર્શન એવં નવ તેમજ આહાર લે તે જ અને ઉત્કૃ૦ છ દિશિનો આહાર લે વળી બે પ્રકારે આહાર લે. ઓજ આહાર ને રોમ આહાર, તે પણ શુભ, તે પણ અ- ચિત [ઉવવાય કે૦] બે દંડકના આવીને ઉપજે. તે મનુષ્ય ને તિર્યંચનો આવીને ઉપજે. ભવનપતિમાં દક્ષિણ દિશાના અસુરકુમારની સ્થિતિ જ૦ દશ હજાર વર્ષની, ઉત્કૃ૦ એક

આ૦ તેની દેવીની જ૦ દશહજાર વર્ષની, ઉ૦ સાડાસાત પલ્યોપમની. તેના નવનિકાયના દેવતાની જ૦ દશહજાર વર્ષની, ઉ૦ દોઢ પલ્યોપમની. તેની દેવીની જ૦ દશ હજાર વર્ષની, ઉ૦ પોણુપલની. ઉત્તર દિશાના અસુરકુમારની સ્થિતિ જ૦ દશ હજાર વર્ષની, ઉ૦ એકસાગર ઝાઝેરાની. તેની દેવીની જ૦ દશહજાર વર્ષની, ઉ૦ સાડાચાર પલ્યોપમની. તેના નવનિકાયના દેવતાની જ૦ દશ હજાર વર્ષની, ઉ૦ બે પલ્યોપમ દેશેઊણી તેની દેવીની જ૦ દશહજાર વર્ષની, ઉ૦ એક પલ્યોપમ દેશેઊણીની. સમોહિયા મરણ અને અસમોહિયા મરણ એ બે મરણ લાભે. ચવણ તે ચવીને પાંચ દંડકમાં જાય. તે પૃથ્વી, પાણી, વનસ્પતિ, મનુષ્ય અને તિર્યંચ એ પાંચમાં જાય. (ગઇ કે૦) મરીને બે ગતિણાં જાય. (આ ગઇ કે૦) આવે તે પણ બે ગતિનો. તે મનુષ્ય અને તિર્યંચનો. પ્રાણ દશ લાભે. જોગ ત્રણ.

ઇતિ દશ ભવનપતિના દશ દંડક સંપૂર્ણમ્ ૧૧

હવે ૧ પૃથ્વી, ૨ પાણી, ૩ તેઉ. ૪ વનસ્પતિ એ ચારને શરીર ત્રણ—તે ઓદારિક, તૈજસ અને કાર્મણ. અને વાયુને શરીર ચાર—તે ઓદારિક, વૈક્રિય, તૈજસ અને કાર્મણ. પૃથ્વી. પાણી, તેઉ અને વાયુ એ ચારેની અવઘેણા જ૦ ને ઉત્કૃ૦ અંગુલનો અસં૦ ભાગ. અને વનસ્પતિની જ૦ અંગુ૦ સંખ્યા, ઉત્કૃ૦ હજાર જોજનની ઝાઝેરી, કમળ

પ્રમુખની સંઘયણ એક છેવઠું. સંસ્થાન એક હુંડ. પાંચેનાં સંસ્થાન કહે છે—૧ પૃથ્વીનું સંસ્થાન મસૂરની દાળ તથા ચંદ્રમાને આકારે. ૨ પાણીનું સંસ્થાન પાણીના પરપોટાને આકારે. ૩ તેઉનું સંસ્થાન સોયનાં ભારાને આકારે. ૪. વાયરાનું સંસ્થાન ધ્વજાને આકારે. ૫ વનસ્પતિનું સંસ્થાન નાના પ્રકારનું. કષાય ચારે. સંજ્ઞા ચારે. લેશ્યા, પૃથ્વી, પાણી વનસ્પતિ એ ત્રણને અપર્યાપ્તા વેળા લેશ્યા ચાર પહેલી. અને પાંચેને લેશ્યા ત્રણ પહેલી. ઇંદ્રિ એક કાયાની. સમુદ્ઘાત પૃથ્વી, પાણી, તેઉ ને વનસ્પતિ એ ચારને ત્રણ. તે વેદની, કષાય ને મારણાંતિક અને વાયરાને સમુદ્ઘાત ચાર તે વૈક્રિયની વધી. સંજ્ઞી તે પાંચે સ્થાવર. અસંજ્ઞી વેદ એક નપુંશક. પર્યાય પાંચેને ચાર. આહાર પર્યાય, શરીર પર્યાય, ઇંદ્રિય પર્યાય, શ્વાસોશ્વાસ પર્યાય. દ્રષ્ટિ એક મિથ્યાત. દર્શન એક અચક્ષુદર્શન. જ્ઞાન નથી. અજ્ઞાન બે તે મતિઅજ્ઞાન ને શ્રુત અજ્ઞાન. પૃથ્વી પાણી, તેઉ, વાયુ અને વનસ્પતિ એ ચારને યોગ ત્રણ. તે—૧ ઔદારિક, ૨ ઔદારિકનો મિશ્ર અને ૩ કાર્મણ કાય યોગ અને વાયરાને યોગ પાંચ. તે વૈક્રય ને વૈક્રિયનો મિશ્ર એ બે વધ્યા ઉપયોગ ત્રણ પાંચેને બે અજ્ઞાન એક અચક્ષુદર્શન એવં ત્રણ. (તહા કે૦) તેમજ આહાર લે જ૦ ત્રણ દિવસનો ઉ૦ છ દિશિનો. તે વળી કેવળ વર્જીને બે પ્રકારનો આહાર કરે. ઉવવાય તે આવીને ઉપજે, પૃથ્વી, પાણી ને વનસ્પતિમાં.

તેવીશ દંડકના એક નારકી વર્જિને અને તેઊ વાયુમાં દશ દંડકના આવીને ઉપજે. પાંચ સ્થાવર, ત્રણ વિકલેંદ્રિ, મનુષ્ય ને તિર્યંચ. એવં દશના. ૧ પૃથ્વીની સ્થિતિ જ૦ અંતર્મુહુર્તની ઉ૦ બાવીશ હજાર વર્ષની. ૨ પાણીની સ્થિતિ જ૦ અંતર્મુહુર્તની. ઉ૦ સાત હજાર વર્ષની. ૩ તેઊની સ્થિતિ જ૦ અંતર્મુહુર્તની ઉ૦ ત્રણ અહોરાત્રિની ૪ વાયરાની સ્થિતિ જ૦ અંતર્મુહુર્તની, ઉ૦ ત્રણ હજાર વર્ષની ૫ વનસ્પતિની સ્થિાત જ૦ અંતર્મુહુર્તની. ઉ૦ દશહજાર વર્ષની. સમોહિયા મરણ અને અસમોહિયા મરણ એ બે મરણ છે. ચવણ તે ચવીને પૃથ્વી પાણી ને વનસ્પતિ એ દશ દંડકમાં જાય. પાંચ સ્થાવર ત્રણ વિકલેંદ્રિ મનુષ્ય ને તિર્યંચમાં જાય. અને તેઊ વાયુ નવ દંડકમાં જાય. મનુષ્ય વર્જિ પાંચ સ્થાવર, ત્રણ વિકલેંદ્રિ ને તિર્યંચ એ નવ. (ગઇ કે૦) ગતિ તે મરીને પૃથ્વી પાણી ને વનસ્પતિ એ બે ગતિમાં જાય. મનુષ્ય ને તિર્યંચમાં. અને તેઊ વાયુ એક તિર્યંચ ગતિમાં જાય. આગઈ તે આવે પૃથ્વી પાણી વનસ્પતિમાં ત્રણ ગતિનો આવે તે દેવતા, મનુષ્ય ને તિર્યંચનો, અને તેઊ વાયુમાં બે ગતિનો આવે તે મનુષ્ય ને તિર્યંચનો. પ્રાણ પાંચેને ચાર. ૧ એકેંદ્રિયપણું. ૨ કાયબળ, ૩ શ્વાસોશ્વાવ, ૪ આઊખું. જોગ —એક કાય જોગ.

ઇતિ પાંચ સ્થાવરના પાંચ દંડક સંપૂર્ણમ. ॥૧૬॥

હવે બેઈંદ્રિય, તેઈંદ્રિય, અને ચૌરેંદ્રિયમાં શરીર ત્રણ. ઔદારિક, તૈજસ, ને કાર્મણ. બેઈંદ્રિયની અવઘેણા જ૦ અંગુ૦ અસં૦ ઉ૦ બાર જોજનની. તેઈંદ્રિયની જ૦ અંગુ૦ અસં૦ ઉત્કૃ૦ ત્રણ ગાઉની. ચેરિંદ્રયની જ૦ અંગુ૦ અસં૦ ઉ ચાર ગાઉની. સંઘયણ એક છેવઠું. સંસ્થાન એક હુંડ. કષાય ચારે સંજ્ઞા ચારે, લેશ્યા ત્રણ પહેલી. બેઈંદ્રિયની ઈંદ્રિ બે. ૧ કાયા અને ૨ જીભ. તેઈંદ્રિયને ઇંદ્રિ ત્રણ તે નાસિકા વધી. ચૌરેંદ્રિયને ઇંદ્રિ ચાર, તે આંખો વધી. સમુદઘાત ત્રણ, વેદની, કષાય ને મારણાંતિક એ ત્રણ. સંજ્ઞી તે અસંજ્ઞી, વેદ એક નપુંસક, પર્યાય પાંચ. મન નહીં, દ્રષ્ટિ બે. સમકત દ્રષ્ટિ, ને મિથ્યાતદ્રષ્ટિ. બેઈંદ્રિય તેઇંદ્રિયને એક અચક્ષુદર્શન. ચૌરેંદ્રિયને બે દર્શન, ચક્ષુ દર્શન ને અચક્ષુદર્શન. જ્ઞાન બે. મતિજ્ઞાન ને શ્રુત જ્ઞાન. અજ્ઞાન બે, મતિઅજ્ઞાન, શ્રુતઅજ્ઞાન. જોગ ચાર. ૧ ઔદારિક ૨ મિશ્ર, ૪ કાર્મણ કાય જોગ, ૪ વ્હવહાર વચન. બેઈંદ્રિય તેઈંદ્રિયને ઉપયોગ પાંચ બે જ્ઞાન. બે અજ્ઞાન, એક અચક્ષુદર્શન એ પાંચ. ચૌરેંદ્રિયને ઉપયોગ છ તે બે જ્ઞાન, બે અજ્ઞાન, ને બે દર્શન. એ છ. (તહા કે૦ તેમજ આહાર લે. જઘન્ય અને ઉત્કૃષ્ટો છ દિશિનો આહાર લે. તથા ત્રણ પ્રકારનો આહાર લે. ૧ ઓજ, ૨ રોમ. અને કવલ એ ઉવવાય તે આવીને ઉપજે, દશ દંડકના, પાંચ સ્થાવર, ત્રણ વિકલેંદ્રિ, મનુષ્ય અને તિર્યંચ, એ દશ. બે ઇંદ્રિયની સ્થિતિ જ૦

અંતર્મુહુર્તની, ઉ૦ બાર વર્ષની. તેઈંદ્રિયની જ૦ અંતર્મુહુર્તની ઉ૦ ઓગણપચાસ દિવસની, ચૌરેંદ્રિયની જ૦ અંતર્મુહુર્તની, ઉ૦ છ મહિનાની. સમોહિયા મરણ બે છે. ચવણ તે ચવિને દશ દંડકમાં જાય. પાંચ સ્થાવર, ત્રણ વિકલેંદ્રિય, મનુષ્ય ને તિર્યંચમાં જાય ગઈ તે મરીને બે ગતિમાં જાય, મનુષ્ય ને તિર્યંચમાં આગઈ તે આવે પણ બે ગતિનો તે મનુષ્ય ને તિર્યંચનો. બેઈંદ્રિયને પ્રાણ છ. બેઈંદ્રિયના બે પ્રાણ, કાયબળ, શ્વાસોચ્છવાસ, આઉખું વચન એ છ. તેઈંદ્રિયને પ્રાણ સાત. તે નાસિકા વધી. ચૌરેંદ્રિયને આઠ પ્રાણ. તે આંખ વધી. જોગ બે—વચન જોગ ને કાય જોગ.

ઇતિ ત્રણ વિકલેંદ્રિયના ત્રણ દંડક સંપૂર્ણમ. ॥૧૯॥

હવે વીશમો તિર્યંચ પચેંદ્રિયનો દંડક કહે છે.

પાંચે સમુર્છિમને શરીર ત્રણ. ઓદારિક, તેજસ ને કાર્મણ અને ગર્ભજને ચાર શરીર તે વૈક્રિય વધ્યું. એ પાંચની અવઘેણા કહે છે, હવે જળચર સમૂર્છિમને ગર્ભજની જ૦ અંગુ૦ અસં૦ ઉ૦ હજાર જોજનની. સ્થળચર સમુર્છિમની જ૦ અંગુ૦ અસં૦ ઉ૦ પ્રત્યેક ગાઉની. ગર્ભજની જ૦ અંગુ૦ અસં૦ ઉ૦ છ ગાઉની, ઉરપર સમુર્છિમ સર્પની જ૦ અંગુ૦ અસં૦ ઉ૦ પ્રત્યેક જોજનની, અને ગર્ભજની જ૦ અંગુ૦ અસં૦ ઉ૦ હજાર જોજનની,

भुजपर समुंछिंम सर्पनी ज० अंगु० अंस० उ० प्रत्येक धनुषनी. गर्भजनी ज० अंगु० असं० उ० प्रत्येक गाउनी, खेचर समूछिंमने गर्भजनी ज० अंगु० असं० उ० प्रत्येक धनुषनी अने उत्तर वक्रिय करे तो ज० अंगु० संख्या० उ० नवसें जोजननी समूछिंमने एक छेवडुं संघयण. गर्भजने छ संघयण. समुछिंमने एक हुंड संस्थान. गर्भजने छ संस्थान कषाय चारे. पण तिर्यंचने माया घणी संज्ञा चारे, पण तिर्यंचने आहार संज्ञा घणी लेश्या समुछिंमने त्रण पहेली गर्भजने छ लेश्या, इंद्रिय पांचे छे समूछिंमने समुद्घात त्रण, ते वेदनी, कषाय ने मारणांतिक, अने गर्भजने समुद्घात पांच ते वेदनी, कषाय, मारणांतिक, वैक्रिय अने तैजस. असंज्ञी बे छे. वेद एक नपुंसक समूछिंमने. गर्भजने त्रण वेद. समुछिंमने पर्याय पांच, मन नही अने गर्भजने छ पर्याय छे समुछिंमने द्रष्टि बे–समकित ने मिथ्यात गर्भजने द्रष्टि त्रण समुछिंमने दर्शन बे ते चक्षुदर्शन ने अचक्षुदर्शन, गर्भजने त्रण दर्शन समूछिंमने ज्ञान बे—मतिज्ञान ने श्रुतज्ञान गर्भजने त्रण ज्ञान समूछिंमने योग चार. ते ओदारिकना बे–कार्मण ने व्यवहार वचन गर्भजने तेर योग–ते आहारकना बे नही. समुछिंमने उपयोग छ–ते बे ज्ञान, बे अज्ञान अने बे दर्शन गर्भजने उपयोग नव ते त्रण ज्ञान त्रण अज्ञान, ने त्रण दर्शन, तेमज आहार जघन्य उत्कृष्टो

૭ દિશાનો લે તથા ત્રણ પ્રકારે આહાર લે-તે ઓજ રોમ ને કવળ. ઉવવાય તે સમુર્છિમમાં દશ દંડકના આવીને ઉપજે પાંચ સ્થાવર, ત્રણ વિકલેંદ્રિય, મનુંય ને તિર્યંચ. ગર્ભજમાં ચોવાસે દંડકના આવીને ઉપજે. સ્થિતિ જળચર સમુચ્છિંમ ને ગર્ભજની જ૦ અંત ઉ૦ પુર્વકોડની સ્થળચર સમુચ્છિંમની જ૦ અંત૦ ઉ૦ ચોરાશી હજાર વર્ષના અને ગર્ભજની જ૦ અંત૦ ઉ૦ ત્રણ પલ્યોપમની ઉરપર સર્પ સમુચ્છિંમની જ૦ અંત૦ ઉ૦ તેપન હજાર વર્ષની અને ગર્ભજની જ૦ અંત૦ ઉ૦ પૂર્વકોડની, ભુજપર સર્પ સમૂચ્છિંમની જ૦ અંત ઉ૦ બેતાળીશ હજાર વર્ષની અને ગર્ભજની જ૦ અંત૦ ઉ૦ પૂર્વકોડની. ખેચર સમછિંમની જ૦ અંત૦ ઉ૦ બહોતર હજાર વર્ષની. અને ગર્ભજની જ૦ અંત૦ ઉ૦ પલ્યોપમનો અસંખ્યાતમો ભાગ સમોહિયા મરણ, ને અસમોહિયા મરણ એ બે મરણ છે ચવણ તે ચવિને સમૂચ્છિંમ જાય તો બાવીશ દંડકમાં, પણ જ્યોતિષીને વૈમાનિકમાં જાય નહી, અને ગર્ભજ ચોવિશે દંડકમાં જાય ગઇ તે સમૂચ્છિંમ મરીને ચાર ગતિમાં જાય. અને ગર્ભજ પણ ચાર ગતિમાં જાય. આગાઇ તે સમૂચ્છિંમમાં બે ગતિનો આવે. તે મનુષ્ય ને તિર્યંચનો અને ગર્ભજમાં ચાર ગતિનો આવે. સમુચ્છિંમને નવ પ્રાણ એક મન નહી, અને ગર્ભજને દસે પ્રાણ લાભે. સમુચ્છિંમને જોગ બે, કાયજોગ ને વચનજોગ, અને ગર્ભજને ત્રણ જોગ, મન, વચન ને કાય જોગ

ઇતિ વીશમો તિર્યંચ પચેંદ્રિયનો દંડક સંપૂર્ણમ.

હવે એકસમો મનુષ્યનો દંડક.

તેમાં સમુચ્છિંમ મનુષ્યમાં ત્રણ શરીર, ઔદારિક, તૈજસ ને કાર્મણ. જુગલિયામાં પણ તેજ ત્રણ શરીર. પન્નર કર્મ ભૂમિના ગર્ભજ મનુષ્યમાં પાચ શરીર લાભે. સમુચ્છિંમની અવઘેણા જ૦ ને ઉ૦ અંગુલનો અસંખ્યાતમો ભાગ. અને ગર્ભજ મનુષ્યની ભરત એરવત એ બેમાં આરાને મેળે જાણવી, પહેલે આરે બેસતાં ત્રણ ગાઉની, અને ઉતરતાં આરે બે ગાઉની. બીજે આરે બેસતાં બે ગાઉની, અને ઊતરતા એક ગાઉની ત્રીજે આરે બેસતાં એક ગાઉની, અને ઉતરતાં પાંચસેં ધનુષની. ચોથે આરે બેસતાં પાંચસેં ધનુષની, અને ઉતરતાં સાત હાથની. પાંચમે આરે બેસતાં સાત હાથની, અને ઉતરતા એક હાથની. છઠે આરે બેસતાં એક હાથની, અને ઉતરતાં મૂઢા હાથની. પછી ચડતાં અવળા સવળી જાણવી. પાંચ મહાવિદેહમાં પાંચસેં ધનુષની, ઉત્તર વૈક્રિય કરે તો જ૦ અંગુ૦ સંખ્યા૦ ઉ૦ લાખ જોજનની ઝાઝેરી. હેમવય ઈરણવયમાં જ૦ અંગુ૦ અસં૦ ઉ૦ એક ગાઉની. હરિવાસ રમકવાસમાં જ૦ અંગુ૦ અસં૦ ઉ૦ બે ગાઉની. દેવકુરૂ ઉત્તરકુરૂમાં જ૦ અંગુ૦ અસં૦ ઉ૦ આઠસેં ધનુષની. સમુચ્છિંમને એક છેવઠું સંઘયણ. જુગળિયાને એક વજ્રઋષભનારાચ. પન્નર કર્મભૂમિના ગર્ભજ મનુષ્યને છ સંઘયણ. સમુચ્છિંમને એક હુંડ

સંસ્થાન જુગળિયાને એક સમચતુરસ્ત્ર સંસ્થાન. કર્મભૂમીના ગર્ભજ મનુષ્યને છ સંસ્થાન. કષાય ચારે પણ મનુષ્યને માન ઘણું. સંજ્ઞા ચારે પણ મનુષ્યને મૈથુન સંજ્ઞા ઘણી. સમુચ્છિંમને પ્રથમની ત્રણ લેશ્યા. જુગળિયાને પહેલી. ચાર લેશ્યા, ગર્ભજને છ લેશ્યા. ઈંદ્રિ પાંચે. સમૂચ્છિંમને સમુદઘાત ત્રણ. તે વેદની, કષાય ને મારણાંતિક. જુગળિયાને પણ તેજ ત્રણ સમુદઘાત. કર્મભૂમિના ગર્ભજ મનુષ્યને સાત સમુદ્ઘાત. સંજ્ઞી અસંજ્ઞી બે, સમૂચ્છિંમને એક નપુંસક વેદ. જુગળિયામાં બે વેદ સ્ત્રી ને પુરૂષ. કર્મ ભુમીના ગર્ભજ મનુષ્યમાં સ્ત્રી પુરૂષ ને નપુંસક એ ત્રણ વેદ, સમુચ્છિંમને પર્યાય ચાર, ભાષા ને મન નહીં. ગર્ભજને છ પર્યાય સમુચ્છિંમને એક મિથ્યાત દ્રષ્ટિ, દશ અકર્મ ભુમિમાં બે દ્રષ્ટિ સમકિત ને મિથ્યાત. વીશ અકર્મ ભુમિને છપ્પન અંતર દ્વીપામાં એક મિથ્યાત દ્રષ્ટિ. કર્મભુમીના મનુષ્યમાં ત્રણ દ્રષ્ટિ. સમકિત મિથ્યાત અને સમામિથ્યાત દ્રષ્ટિ, સમુચ્છિંમ અને જુગળિયાને બે દર્શન. ચક્ષુ દર્શન ને અચક્ષુદર્શન. ગર્ભજને ચારે દર્શન લાભે. જ્ઞાન બે. અકર્મ ભુમીમાં બે. અને વીશ અકર્મભુમિ તથા છપ્પન અંતરદ્વીપામાં અને સમુચ્છિંમને નથી, ગર્ભજને પાંચે જ્ઞાન. સમુચ્છિંમને અજ્ઞાન બે. મતિઅજ્ઞાન, ને શ્રુતઅજ્ઞાન, ગર્ભજને ત્રણ. સમુચ્છિંમને જોગ ત્રણ. ઔદારીકના બે ને ૧ કાર્મણ કાય યોગ, એ ત્રણ જુગળીયાને જોગ અગીયાર. ૪

મનના, ૪ વચનના, ૨ ઓદારિકના ૧ કાર્મણ. એવં અગીચાર જોગ, ગર્ભજને પંદર જોગ, ઉપયોગ દશ અકર્મ ભુમી તે પાંચ દેવકુરૂને પાંચ ઉત્તર કુરૂ એ દશમાં છ તે બે જ્ઞાન, બે અજ્ઞાન ને બે દર્શન એ છ. અને વીશ અકર્મ ભૂમિ છપ્પન અંતરદ્વીપામાં ને સમુચ્છિમને ચાર. બે જ્ઞાન ને બે દર્શન. ગર્ભજને બાર ઉપયોગ. તેમજ આહાર લે તો જ૦ ને ઉ૦ છ દિશીનો તથા ત્રણ પ્રકારે આહાર લે. ઓજ રોમ ને કુવળ. ઉવવાય તે સમુચ્છિમમાં આઠ દંડકના આવીને ઉપજે. પૃથ્વી, પાણી વનસ્પતિ, ત્રણ વિકલેંદ્રિ, મનુષ્ય ને તિર્યંચ એ આઠ. ગર્ભજ મનુષ્યમાં બાવીશ દંડકના ઉપજે તેઉ વાયુના નહીં. સમુચ્છિમની સ્થિતિ જ૦ ને ઉ૦ અંતર્મુહુર્તની. ગર્ભજની આરાને મેળે જાણવી. પેહેલે આરે બેસતાં ત્રણ પલ્યોપમની. ઉતરતાં બે પલ્યોપમની, બીજે આરે બેસતાં બે પલ્યોમની, ઉતરતાં એક પલ્યોપમની, ત્રીજે આરે બેસતાં એક પલ્યોપમની, ઉતરતાં પૂર્વ કોડની. ચોથે આરે બેસતાં પર્વ કોડની, ઉતરતાં સવાસો વર્ષની. પાચમે આરે બેસતાં સવાસો વર્ષની, ઉતરતાં વીશ વર્ષની, છઠે આરે બેસતાં વીશ વર્ષની, ઉતરતાં સોલ વર્ષની. એમ ચડતાં અવળા સૂવળી જાણવી. હિમવયમ ઇરણવયમાં એક પલ્યોપમની. હરિવાસ રમકવાસમાં બે પલ્યોપમની, દેવકુરૂ ઉત્તરકુરૂમાં ત્રણ પલ્યોપમની, છપ્પન અંતરદ્વીપાનો અસંખ્યાતમો ભાગ. પાંચ મહાવિદેહમાં

પૂર્વ કોડની, સમોહિયા મરણ, ને અસમોહિયા મરણ, એ બે મરણ છે. ચવણ તે ચવિને સમૂચ્છિંમ દશ દંડકમાં જાય, પાંચ સ્થાવર ને ત્રણ વિકલેંદ્રિય મનુષ્ય તે તિર્યંચમાં જાય. ગર્ભજ ચોવીશે દંડકમાં જાય, ગઈ તે સમૂચ્છિંમ મરીને બે ગતિમાં જાય, તે મનુષ્ય ને તિર્યંચમાં જાય, ગર્ભજ મનુષ્ય પાંચ ગતિમાં જાય, આગઇ તે સમૂચ્છિંમમાં આવે, તો બે ગતિનો, તે મનુષ્ય ને તિર્યંચનો, ગર્ભજમાં ચારે ગતિનો આવે, સમૂચ્છિંમને પ્રાણ આઠ, તેમાં ભાષા ને મન નહીં, ગર્ભજને દશ પ્રાણ, સમુચ્છિંમને એક કાયાનો જોગ, ગર્ભજને ત્રણ જોગ. ।। ઇતિ એકવીશમો મનુષ્યનો દંડક સંપુર્ણ. ।। ૨૧ ।।

હવે બાવીશમો વાણવ્યંતરનો દંડક.

તેમાં શરીર ત્રણ, વૈક્રિય, તૈજસ ને કાર્મણ, અવગેહણા જ૦ અંગુ૦ અસ૦ ઉ૦ સાત હાથની, અને ઉત્તર વૈક્રિય કરે તો જ૦ અંગુ૦ સંખ્યા૦ ઉ૦ લાખ જોજનની, સંઘયણ નથી, સંઠાણ એક સમચતુરસ્ત્ર, કષાય ચારે પણ દેવતાને લોભ ઘણો, સંજ્ઞા ચારે પણ દેવતાને પરિગ્રહ સંજ્ઞા ઘણી, લેશ્યા ચાર પહેલી, ઇંદ્રિય પાંચે, આહારકને સમુદઘાત પાંચ, કેવળ નહીં, સંજ્ઞી અસંજ્ઞી બે. વેદ બે, સ્ત્રી ને પુરૂષ. પર્યાય પાંચ. તે ભાષા અને મન ભેગાં બાંધે,

દ્રષ્ટિ ત્રણ. દર્શન ત્રણ, જ્ઞાન ત્રણ, અજ્ઞાન ત્રણ, જોગ અગી-યાર, તે ચાર મનના, ચાર વચનના, ત્રણ કાયાના તે વૈક્રિય, વૈક્રિયનો મિશ્ર ને કાર્મણ કાયજોગ, એવં અગીયાર, ઉપ-યોગ નવ, ત્રણ જ્ઞાન, ત્રણ અજ્ઞાન ને ત્રણ દર્શન એવં નવ, તેમજ આહાર લે તો જઘન્ય ને ઉ૦ છ દિશીનો. તથા બે પ્રકારે, ઓજ ને રોમ. તે પણ શુભ. તે પણ અચિત્ત આહાર, ઉવવાય તે બે દંડકના આવીને ઉપજે. તે મનુષ્ય ને તિર્યં-ચના. વાણવ્યંતરની સ્થિતિ જ૦ દશ હજાર વર્ષની, ઉ૦ એક પલ્યોપમની, તેની દેવીની. જ૦ દશ હજાર વર્ષની, ઉ૦ અર્ધ પલ્યોપમની. સમોહિયા મરણ ને અસમોહિયા મરણ એ બે પ્રકારે છે. ચવણ તે ચવિને પાંચ દંડકમાં જાય. તે પૃથ્વી, પાણી, વનસ્પતિ, મનુષ્ય ને તિર્યંચ, એ પાંચ, ગઈ તે મરીને બે ગતિમાં જાય, તે મનુષ્ય ને તિર્યંચમાં, આ-ગઈ તે આવે, તે પણ બે ગતિના. તે મનુષ્ય ને તિર્યંચના, પ્રાણ દશ, જોગ ત્રણ, મન, વચન ને કાયાના.

॥ ઇતિ બાવીસમો વ્યંતરનો દંડક સંપૂર્ણમ. ॥૨૨॥

હવે તેવીશમો જ્યોતિષીનો દંડક.

તેમાં શરીર ત્રણ. વૈક્રિય, તૈજસ ને કાર્મણ. અવઘેણા જ૦ અંગુ૦ અસં૦ ઉ૦ સાત હાથની, અને ઉત્તર વૈક્રિય કરે તો જ૦ અંગુ૦ સંખ્યા૦ ઉ૦ લાખ જોજનની. સંઘયણ

નથી, સંઠાણુ એક સમચતુરસ્ર. કષાય ચારે. સંજ્ઞા ચારે લેશ્યા એક તેજો. ઇંદ્રિય પાંચે સમુદ્ઘાત પાંચ તે આહારક ને કેવળ નહીં. સંજ્ઞી છે. વેદ બે. પર્યાય પાંચ. તે ભાષા ને મન ભેગાં બાંધે. દ્રષ્ટિ ત્રણ. દર્શન ત્રણ. જ્ઞાન ત્રણ, અજ્ઞાન ત્રણ. જોગ અગીયાર. તે ચાર મનના, ચાર વચનના, ત્રણ કાયાના, તે વૈક્રિયનો મિશ્ર, ને કાર્મણ કાયયોગ. એવં અગીયાર, ઊપયોગ નવ, ત્રણ જ્ઞાન, ત્રણ અજ્ઞાન, ત્રણ દર્શન, એવં નવ, તેમજ આહાર લે તો. જ૦ ને ઉ૦ ૬ દિશિનો તથા બે પ્રકારે. તે ઓજ ને રોમ. તે પણ શુભ ને અચિત્ત આહાર. ઉવવાય તે બે દંડકના આવીને ઊપજે, તે મનુષ્ય ને તિર્યંચના. ચંદ્રમાની સ્થિતિ જ૦ પા પલ્યની, ઉ૦ એક પલ્ય ને લાખ વર્ષની, તેની દેવીની જ૦ પા પલ્યની ઉ૦ અર્ધ પલ્ય ને પચાસ હજાર વર્ષની. સૂર્યની જ૦ પા. પલ્યની, ઉ૦ એક પલ્ય ને હજાર વર્ષની. તેની દેવીની જ૦ પા પલ્યની, ઉ૦ અર્ધ પલ્ય ને પાંચસેં વર્ષની. ગ્રહની જ૦ પા પલ્યની, ઉ૦ એક પલ્ય ને હજાર વર્ષની. તેની દેવીની જ૦ પા પલ્યની, ઉ૦ એક પલ્યની તેના તારાની જ૦ પા પલ્યની, ઉ૦ અર્ધ પલ્યન.. નક્ષત્રની જ૦ પા પલ્યની, ઉ૦ અર્ધ પલ્યની. તેની દેવીની જ૦ પા પાલ્યની, ઊ૦ પા પલ્યની ઝાઝેરી. તારાની જ૦ પલ્યનો આઠમો ભાગ. ઊ૦ પા પલ્યની. તેની દેવીની જ૦ પલ્યનો આઠમો ભાગ, ઊ૦ પલ્યનો આઠમો ભાગ ઝાઝેરી. સમોહિયા મરણ ને અસ-

મોહિયા મરણ એ બે મરણ છે, ચવણ તે ચવીને પાંચ દંડકમાં જાય. તે પૃથ્વી, પાણી, વનસ્પતિ, મનુષ્ય ને તિર્યંચમાં. ગઈ તે મરીને બે ગતિમાં જાય. તે મનુષ્ય ને તિર્યંચમાં. આગઇ તે મનુષ્ય ને તિર્યંચનો આવે. પ્રાણ દશ. જોગ ત્રણ.

॥ ઇતિ તેવીશમો જ્યોતિષીનો દંડક સંપૂર્ણમ. ॥૨૩॥

હવે ચોવીશમો વૈમાનિકનો દંડક.

તેમાં શરીર ત્રણ વૈક્રિય. તૈજસ ને કાર્મણ. અવઘેણા સૌધર્મ ઈશાન એ બે દેવલોકે જ० અંગુ० અસ, ઉ० સાત હાથની, ત્રીજે ચોથે દેવલોકે છ હાથની, પાંચમે છઠે દેવલોકે પાંચ હાથની સાતમે આઠમે દેવલોકે ચાર હાથની, નવમે, દશમે, અગીયારમે અને બારમે દેવલોકે ત્રણ હાથની. નવ ગ્રઇવેયકે બે હાથની. ચાર અનુત્તર વિમાનમાં એક હાથની, સર્વાર્થસિદ્ધમાં મૂઠા હાથની અને ઉત્તર વૈક્રિય કરે તો બાર દેવલોક સૂધી જ० અંગુ० સંખ્યા० ઉ० લાખ જોજનની. સંઘયણ નથી. સંસ્થાન એક સમચતુરસ. કષાય ચારે પણ લોભ ઘણો. સંજ્ઞા ચારે પણ પરિગ્રહ સંજ્ઞા ઘણી, લેશ્યા પહેલે બીજે એક તેજોલેશ્યા. ત્રીજે ચોથે પાંચમે એક પદ્મ લેશ્યા. છઠાથી માંડી નવ ગ્રઇવેયકમાં એક શુકલ લેશ્યા. અને પાંચ અનુત્તર વિમાનમાં એક પરમ શુ-

કલ લેશ્યા. ઇંદ્રિય પાંચે. બારદેવલોક સુધી સમુદઘાત પાંચ તે આહારક ને કેવળ નહી. નવ ગ્રૈવેયકને પાંચ અનુત્તર વિમાનમાં ત્રણે તે વેદની, કષાય ને મારણાંતિક સંજ્ઞી એકલા છે. વેદ, પહેલે બીજે દેવલોકે બે વેદ, ત્રીજાથી તે સર્વાર્થસિદ્ધ સુધી એક પુરૂષ વેદ, પર્યાય પાંચ તે ભાષા ને મન ભેગાં બાંધે. દ્રષ્ટિ બાર દેવલોકમાં ત્રણ દ્રષ્ટિ નવ ગ્રૈવેયકમાં બે દ્રષ્ટિ, સમકિત ને મિથ્યાત. પાંચ અનુત્તર વિમાનમાં એક સમકિત દ્રષ્ટી. દર્શન ત્રણ. જ્ઞાન ત્રણ. અજ્ઞાન ત્રણ. બાર દેવલોકે નવ ગ્રવેયક, ને પાંચ અનુત્તર વિમાનમાં અજ્ઞાન નથી. જોગ અગીયાર ચાર. મનના, ચાર વચનના, ત્રણ કાયાના તે વૈક્રિય, વૈક્રિયનો મિશ્ર ને કાર્મણ કાયયોગ; એવં અગીયાર. ઉપયોગ બાર. બાર દેવલોક ને નવ ગ્રૈવેયકમાં નવ. ત્રણ જ્ઞાન, ત્રણ અજ્ઞાન, ત્રણ દર્શન એવં નવ. પાંચ અનુત્તર વિમાનમાં છ ઉપયોગ. ત્રણ જ્ઞાન ત્રણ દર્શન એ છ. તેમજ આહાર લે તો જ૦ ને ઉ૦ છ દિશિનો તથા બે પ્રકારે. ઓજ ને રોમ તે પણ અચિત્ત. તે પણ શુભ આહાર. ઉવવાય તે આવીને ઉપજે પહેલા દેવલોકથી માંડીને આઠમા દેવલોક સુધી બે દંડકના તે મનુષ્યને તિર્યંચના અને નવમેથી તે સર્વાર્થસિદ્ધ સુધી એક મનુષ્યનો આવે. પહેલે દેવલોકે સ્થિતિ જ૦ એક પલ્યની, ઉ૦ બે સાગરની. તેની પરિગ્રહિત દેવીની જ૦ એક પલ્યની, ઉ૦ સાત પલ્યની. અને અપરિગ્રહિત દેવોની જ૦ એક પલ્યની

ઉ૦ પચાસ પલ્યની, બીજે દેવલોકે જ૦ એક પલ્યની ઝાઝેરી, ઉ૦ બે સાગર ઝાઝેરી, તેની પરિગ્રહિત દેવીની જ૦ એક પલ્યની ઝાઝેરી ઉ૦ નવ પલ્યનો અને અપરિગ્રહીત દેવીની જ૦ એક પલ્યની ઝાઝેરી ઉ૦ પંચાવન પલ્યની. ત્રીજે દેવલોકે જ૦ બે સા૦ ઉ૦ સાત સા૦ ત્યાં દેવી નથી. પણ તેહવી જાય ચોથે દેવલોકે જ૦ બે સા૦ ઝાઝેરી ઉ૦ સાત સા૦ ઝાઝેરી. પાંચમે દેવલોકે જ૦ સાત સા૦ ઉ૦ દશ૦ સા૦ છ૦ ચૌદ સા૦ સાતમે દેવલોકે જ૦ ચૌદ સાગરની, ઉ૦ સત્તર સા૦ આઠમે દેવલોકે જ૦ સત્તર સા૦ ઉ૦ અઢાર સા૦ નવમે દેવલોકે જ૦ અઢાર સા૦ ઉ૦ ઓગણીશ સા૦. દશમે દેવલોકે જ૦ ઓગણીશ સા૦, ઉ૦ વીશ સા૦, અગીયારમે દેવલોકે જ૦ વીશ સા, ઉ૦ એકવીશ સા૦ બારમે દેવલોકે જ૦ એકવીશ સા૦ ઉ૦ બાવીશ સા૦ પ્રથમ ગ્રઇવેયકે જ૦ બાવીશ સા૦ ઉ૦ તેવીશ સા૦ બીજી ગ્રઇવેયકે જ૦ તેવીશ સા૦ ઉ૦ પચીશ સા. ચોથી ગ્રઇવેયકે જ૦ પચીશ સા૦ ઉ૦ છવીસ સા૦ પાંચમી ગ્રઇવેયકે છવીશ સા૦ ઉ૦ સત્તાવીશ સા૦ છઠ્ઠી ગ્રઇવેયકે જ૦ સત્તાવીશ સા૦ ઉ૦ અઠ્ઠાવીશ સા૦ સાતમી ગ્રઇવેયકે જ૦ અઠ્ઠાવીશ સા૦, ઉ૦ ઓગણત્રીશ સા૦, આઠમી ગ્રઇવેયકે જ૦ ઓગણત્રીસ સા૦, ઉ૦ ત્રીશ સા૦ નવમી ગ્રઇવેયકે જ૦ ત્રીશ સાગરની, ઉ૦ એકત્રીશ સા૦, ચાર અનુત્તર વિમાનમાં જ૦ એકત્રીશ સા૦, ઉ૦ તેત્રીશ સા૦ અને સર્વાર્થ

સિદ્ધમાં જ૦ ને ઉ૦ તેત્રીશ સા૦ સમોહિયા મરણ ને અસમોહિયા મરણ એ બે મરણ લાભે. ચવણ તે ચવીને પહેલા બીજા દેવલોકના દેવતા જાય તો પાંચ દંડકમાં જાય તે પૃથ્વી પાણી વનસ્પતિ મનુષ્ય ને તિર્યંચ એ પાંચ. ત્રીજાથી તે આઠમા દેવલોકના દેવતા જાય તો બે દંડકમાં તે મનુષ્યને તિર્યંચમાં. નવમેથી માંડીને સર્વાર્થસિદ્ધ સુધીના દેવતા એક દંડકમાં જાય તે મનુષ્યમાં જાય. ગઇ તે પહેલેથી માંડીને આઠમા દેવલોકના દેવતા બે ગતિમાં જાય. અને નવમેથી માંડીને સર્વાર્થસિદ્ધ સુધીના એક મનુષ્યની ગતિમાં જાય. આગઇ તે પહેલાથી માંડીને આઠમા દેવલોક સુધી બે ગતિનો આવે. તે મનુષ્ય ને તિર્યંચનો આવે. અને નવમાથી માંડીને સર્વાર્થસિદ્ધ સુધી એક મનુષ્યનો આવે. પ્રાણ દસ. જોગ ત્રણ.

॥ ઇતિ શ્રી ચોવીશમો વૈમાનિકનો દંડક સંપૂર્ણમ. ॥૨૪॥

હવે સિદ્ધનો દ્વાર કહે છે.

સિદ્ધને શરીર નથી. સિદ્ધની અવઘેણા જ૦ એક હાથ ને આઠ અંગુલની, મધ્યમ ચાર હાથને સોળ આંગળની, અને ઉ૦ ત્રણસેં તેત્રીશ ધનુષ્યને બત્રીશ આંગળની સિદ્ધને સંઘયણ નથી. સિદ્ધને સંસ્થાન નથી, સિદ્ધને કષાય

નથી, સિદ્ધને સંજ્ઞા નથી, સિદ્ધને લેશ્યા નથી, સિદ્ધને ઈંદ્રિય નથી, સિદ્ધને સમુદઘાત નથી, સિદ્ધને સંજ્ઞી અસંજ્ઞી નથી. સિદ્ધને વેદ નથી. સિદ્ધને પર્યાય નથી. સિદ્ધને સમકિતદ્રષ્ટિ છે, સિદ્ધને એક કેવળદર્શન છે, સિદ્ધને અજ્ઞાન નથી, સિદ્ધને જોગ નથી. સિદ્ધને બે ઉપયોગ તે કેવળજ્ઞાન ને કેવળદર્શન છે. સિદ્ધને આહાર નથી. ઉવવાય તે આવીને ઉપજે. એક દંડકનો. તે મનુષ્યનો. સિદ્ધની સ્થિતિનો છેડો નથી. સિદ્ધને મરણ નથી, સિદ્ધને ચવવું નથી. ગઇ તે મરીને સિદ્ધને કોઇ ગતિમાં જવું નથી. આગઈ તે સિધ્ધમાં એક મનુષ્યનો આવે. સિધ્ધને પ્રાણ નથી. સિધ્ધને જોગ નથી.

ઇતિ શ્રી લઘુદંડકના બોલ સમાપ્ત.

શ્રી ૭ આરા.

દસ કોડાકોડી સાગરોપમના ૭ આરા જાણવા.

પહેલો આરો.

ચ્યાર કોડાકોડી સાગરોપમનો જાણવો, એ આરો સુસમ સુસમ નામા જાણવો. એકલું સુખમાં સુખ જાણવું, એ આરાને વિષે ૩ ગાઉનું દેહેમાન, અને ૩ પલ્યોપમનું આઉખું. ઉતરતે આરે ૨ ગાઉનું દેહેમાન, અને ૨, પલ્યોપમનું આઉખું જાણવું, એ આરે બસે છપન પાંસળી, ઉતરતે આરે એકસો અઠાવીશ પાંસળી જાણવી. એ આરાને વિષે, [૧] વજ્રરૂષભ નારાચ સંઘયણ, ને [૧] સમચઉ-રસ સંઠાણ જાણવું. સ્ત્રી પુરૂષનાં રૂપ સૌભાગ્ય ઘણાં દીપે. એ આરાને વિષે અઠમ ભક્તે આહારની ઇચ્છા ઉપજે, તીવારે શરીર પ્રમાણે આહાર કરે. ધરતીની સરસાઇ સાકર સરખી જાણવી; ઉતરતે આરે ખાંડસરીખી જાણવી. એ આરાને વિષે દશ પ્રકારના કલ્પવૃક્ષ, મન વંછીત સુખ પહોંચાડે, તે કલ્પવૃક્ષનાં નામ કહે છે.

॥ गाथा ॥

मतंगाय, भिंगा, तुडियंगा, दिव, जोइ, चित्तंगा,
चित्तरसा, मणयंग, गेहागारा, आणयणगणा. ॥

મતંગાય કહેતાં મિઠા મધુરા રસના કલ્પવૃક્ષ થઇ આવે ૧, ભીંગા કહેતાં રત્ન જડાવ ભાજનના કલ્પવૃક્ષ થઇ આવે ૨, તુડિયંગા કહેતાં ઓગણપચાસ જાતિનાં વાજિંત્રના કલ્પવૃક્ષ થઇ આવે ૩, દિવ કહેતાં રત્ન જડાવ દીવીઓના કલ્પવૃક્ષ થઇ આવે, ૪ જોઇ કહેતાં સૂર્યની જ્યોતિના કલ્પવૃક્ષ થઇ આવે. ૫ ચિતગા કહેતાં ચિત્રામણ સહીત પુલની માળાના કલ્પવૃક્ષ થઇ આવે. ૬ ચિતરસા કહેતાં ચિત્તને ગમે તેવા રસવતી ભોજનના ક૦ થઇ આવે ૭ મણવેગા કહેતાં રત્ન જડાવ આભરણના ક૦ થઇ આવે, ૮ ગિહગારા કહેતાં બેંતાલીસ ભોમીયા આવાસના ક૦ થઇ આવે, ૧૦ અનિયગણાક કહેતાં રત્નજડાવ નાકને વાયરે ઉડે એહવા વસ્ત્રના ક૦ થઇ આવે. એ દશ પ્રકારના કલ્પવૃક્ષ મનવંછીત સુખ આપે. એ આરાને વિષે છેક થાકતા, જુગલના આઉખા આડા છ માસ રહે તીવારે જુગલ પરભવનું આઉખું બાંધે; તીવારે જુગલાણી એક જોડલું પ્રસવે, તે છોરૂની પ્રતિપાલના ૪૯ દિન કરે. જુગલ જુગલાણીને ક્ષણમાત્રનો વિજોગ ન પડે, એકને છીંક ને એકને બગાસું આવે, મરીને દેવતા થાય. એહના શરીરનો નિહરણ દેવતા કરે, ગતિ તો ૧ દેવની જાણવી. એ આરાને વિષે જુગલીયાને વેર, વીરોધ, ઇર્ષા, અને ઝેર નહીં. ઇતી પેહેલો આરો સંપૂર્ણ.

હવે પેહેલો આરો ઉતરીને, બીજો આરો બેઠો.

તીવારે અનંતા વર્ણ ગંધ રસ ફર્સના પર્જવ, અનંતા અનંતા હીણા થયા. એ આરો ત્રણ કોડાકોડ સાગરોપમનો સુસમ નામે જાણવો, એકલું સુખ જાણવું, એ આરાને વિષે ૨ બે ગાઉનું દેહ-

માન અને, ૨ પલ્યોપમનું આઉખુ. ઉતરતે આરે, એક ગાઉનું દેહ-
માન ને એક પલ્યોપમનું આઉખુ. એ આરાને વિષે વજ્રરૂષભ નારાચ
સંઘયણ, સમચઉરસ સંઠાણ. એ આરે, ૧૨૮ એકસો અઠાવીસ
પાંસળી, ઉતરતે આરે ૬૪ પાંસલી જાણવી, એ બારે છઠભકતે
આહારની ઇચ્છા ઉપજે, તિવારે શરીર પ્રમાણે આહાર કરે, ધર-
તીની સરસાઈ ખાંડ સરિખી, ઉતરતે આરે ગોળ સરીખી જાણવી.
એ આરે, ૧૦ પ્રકારના કલ્પવૃક્ષ મનવંછીત સુખ પોચાડે, છેક
બાકતા જુગલના આઉખા આડા છ માસ રહે, તીવારે જુગલ પર-
ભવનું આઉખુ બાંધે, તિવારે જુગલાણી એક જોડલું પ્રસવે. છોરૂની
પ્રતિપાલન દીન ૬૪ કરે. જુગલ જુગલાણીને, ક્ષણમાત્રનો વિજોગ ન
પડે, એકને છીંક ને એકને બગાસુ આવે મરીને દેવતા થાય, એના
શરીરનું નિહરણ દેવતા કરે, ગતિ દેવતાની જાણવી.

ઇતિ બીજો આરો સંપૂર્ણ.

હવે બીજો આરો ઉતરીને, ત્રિજો આરો બેઠો.

તિવારે અનંતા, વર્ણ, ગંધ રસ, ફર્સના પર્જવ અનંતા અ-
નંતા હીણા થયા. એ આરો ૨ બે કોડાકોડ સાગરોપમનો જાણવો.
એ આરો સુસમદુસમ નામા જાણવો, સુખ ઘણું ને દુઃખ થોડું
જાણવું. એ આરાને વિષે એક ગાઉનું દેહમાન, ને ૧ એક પલ્યોપ-
મનું આઉખું જાણવું, ઉતરતે આરે ૫૦૦ પાંચસે ધનુષ્યનું દેહમાન
ને કોડ પુર્વનું આઉખું જાણવું. એ આરાને વિષે વજ્રરૂષભનારાચ
સંઘયણ, ને સમચઉરસ સંઠાણ જાણવું. એ આરાને વિષે ૬૪ ચો-

સઠ પાસલી જાણવી. ઉતરતે આરે ૩૨ બત્રીસ પાસલી જાણવી. એ આરાને વિષે, ચઉથ ભકતે આહારની ઇચ્છા ઉપજે તિવારે શરીર પ્રમાણે આહાર કરે. ધરતીની સરખાઇ ગોળ સરખી જાણવી, ઉતરતે આરે થોડેરી જાણવી. એ આરે દસ પ્રકારના કલ્પવૃક્ષ મનવંછીત સુખ પોંચાડે. છેક થાકતાં જુગલના આઉખા આડા છ માસ રહે તીવારે જુગલ પરભવનું આઉખુ બાંધે, તીવારે જુગલાણીને એક જોડલું પ્રસવે, તે છોરૂની પ્રતિપાલણા ૭૯ દીન કરે. જુગલ જુગલાણીને ક્ષણ માત્રનો વિજોગ ન પડે. એકને છીંક ને એકને બગાસુ આવે; તીવારે મરીને દેવતા થાય, એહના શરીરનો નિહરણ દેવતા કરે. એ ૩ આરા જુગલના જાણવા, એકલો જુગલ ધર્મ જાણવો, એ આરાને વિષે જરારોગ કુરૂપ નહી, પ્રતિપુર્ણ અંગ ઉપાંગ વિષય સુખ ભોગવે. તે દાન પુન્યનાં ફળ જાણવાં. એ આરાને વિષે છેક થાકતાં ચોરાશી લાખ પુર્વ ત્રણ વર્ષ ને સાઢા આઠ મહીના બાકી રહ્યા, તીવારે સર્વાર્થસિદ્ધ મહાવિમાન થકી; તેત્રીસ સાગરોપમનું આઉખું ભોગવીને–ચવીને, વિનિતા નગરી, નાભીકુલગર રાજાપીતા, મરૂદેવી માતાની કુખે રૂષભદેવ સ્વામી ઉપના–સવાનવ માસે જનમ્યા. પ્રથમ રૂષભનું સ્વપન દેખા ઋષભદેવ નામ દિધું, રૂષભદેવ સ્વામીએ જુગલા ધર્મ નિવારી', અસિ, મસિ, કસિ, આદી દેઇને ૭૨ બોતેર કળા શીખવી અનુકંપા નિમિતે, વિસ લાખ પુર્વ લગેતો કુમરપણે રહ્યા; ६३ ત્રેસઠ લાખ પુર્વલગે રાજ ભોગવ્યું. ભરતને રાજ્ય આપીને ચાર હજાર પુરૂષ સંઘાતે સંજમ લીધો. એક લાખ પુર્વ લગે સંજમ પાળ્યો; કેવળ પામીને અષ્ટાપદ પર્વત ઉપરે; પદ્માસને બેસીને દશ હજાર સાધુ સંઘાતે સ્વામિ નિર્વાણ પધાર્યાં. તે સ્વામીના ૬ કલ્યાણિક થયા, પેહેલે કલ્યાણિક ઉત્તરાષાઢા નક્ષત્રમાં

સર્વાર્થસિદ્ધ વિમાનથકી ચવીને માતાની કુખે ઉપન્યા, ૨ બિજે કo ઉo જનમ્યા. ૩ ત્રીજે કo ઉo રાજ બેઠા. ૪ ચોથે કo ઉo સંજમ લીધો. ૫ પાંચમે કo ઉo કેવળજ્ઞાન ઉપન્યું એ ૫, ને ૬ ઠું કo અભીચનક્ષત્રમાં મોક્ષ પધાર્યા. એ ૭. એ આરાને વિષે ગતિ પાંચ જાણવી. ઇતિ ત્રીજો આરો સંપુર્ણ.

હવે ત્રીજો આરો ઉતરીને ચોથો આરો બેઠો

તીવારે અનંતા વર્ણ ગંધ રસ ફર્સના પર્જવ હીણા થયા, એ આરો ૧ કોડાકોડ સાગરોપમમાં બેતાલીસ હજાર વર્ષ ઉણો જાણવો; એ આરો દુસમ સુસમ નામે જાણવો, દુખ ઘણું ને સુખ થોડું જાણવું. એ આરાને વિષે ૫૦૦ પાંચસે ધનુષનું દેહમાન ને ક્રોડ પુર્વનું આઉખુ, ઉતરતે આરે સાત હાથનું દેહમાન ને સવાસો વર્ષનું આઉખુ. એ આરાને વિષે ૭ સંઘયણ, ને ૭ સંઠાણ જાણવા. એ આરાને વિષે; ૩૨ બત્રિસ પાંસલી. ઉતરતે આરે ૧૬ સોલ પાંસલી જાણવી. એ આરાને વિષે દિન ૨ પ્રતે આહારની ઇચ્છા ઉપજે. તીવારે ૩૨ કવલનો આહાર કરે. ધરતીની સરસાઇ સારેરી, ઉતરતે આરે થોડેરી જાણવી. એ આરો એક ચાકતાં પંચોતેર વર્ષ ને સાઢા આઠ મહિના બાકી રહ્યા, તીવારે દસમા દેવલોકથી, વીસ સાગરોપમનું આઉખુ ભોગવીને ચવીને, મહાણકુંડ ગામ નગરને વિષે, રૂષભદત્ત બ્રાહ્મણને ઘેર દેવાનંદાજીની કુખે મહાવીરસ્વામી ઉપના. તિહાં સ્વામી સાહીબ્યાસી રાત રહ્યા: ત્યાશિમી રાતે શકેંદ્રનો આસન ચલ્યો, તિવારે શકેંદ્રે ઉપયોગ મૂકીને જોયું. અનુક્રમે નીચાગકુલે

ઉપના દીઠા. અનંતે કાળે અછેરૂ થયું, તિવારે હરણગમેષી દેવતાને કહ્યું, જે જાઓ, જઇને મહાવીરસ્વામીનો ગર્ભ સાહરો. સાહરીને ક્ષત્રીકુંડ ગામ નગરને વિષે સિદ્ધાર્થરાજાને ઘેર, ત્રિસલા દેવી ક્ષત્રિયાણીની કુખે મૂકો, અને ત્રિસલાદેવી રાણીની કુંખે પુત્રિપણે ગર્ભ છે તે દેવનંદાજીની કુખે મૂકો. તિવારે હરણગમેષી દેવતા તેહત પ્રમાણ કરી, તેજ વેળાએ આવ્યો, આવીને ભગવંતને વંદણા નમસ્કાર કરીને કહ્યું જે સ્વામી રૂડું જાણજો હું તમારો ગર્ભ સાહરૂં છું. તિવારે માતા દેવાનંદાજીને અવસ્વાપિની નિદ્રા મૂકીને નાભિથી ગર્ભ સાહરીને ત્રિસલાદેવીજીની કુંખે મૂકયા. તિહાં સ્વામી સર્વે થઇને સવા નવ માસે જનમ્યા. ત્રિસ વર્ષ ઘરમાં રહ્યા. એકાકીપણે સંજમ લીધો. સંજમ લઇને સાઢાબાર વર્ષ ને એક પખવાડીયા સુધી, અહરા તપ–જપ–ધ્યાન–જ્ઞાન કરીને સ્વામી કેવળજ્ઞાન કેવળદર્શન પામ્યા. બહોતેર વર્ષનું આઉખુ ભોગવીને, ચોથા આરાના ૩ વર્ષ ને સાઢા આઠ મહિના બાકી રહ્યા, તિવારે મહાવીરસ્વામી નિર્વાણ પધાર્યા. તે સ્વામીના છ કલ્યાણિક થયા. તેમાં (૫) કલ્યાણિક તો ઉત્તરાફાલ્ગુણી નક્ષત્રમાં થયાં તે, ચવન ક૦ ૧, ગર્ભસાહરણ ક૦ ૨, જન્મ ક૦ ૩, દિક્ષા ક૦ ૪, કેવળજ્ઞાન ક૦ ૫, એ પાંચ; ને (૬) સ્વાતી નક્ષત્રમાં નિર્વાણ પધાર્યા. એ આરાને વિષે ગતી પાંચ જાણવી. મહાવીરસ્વામી નિર્વાણ પધાર્યા તેજ વખતે ગૌતમસ્વામીને કેવળજ્ઞાન ઉપન્યું ને તેઓ બાર વર્ષ કેવલ પ્રવર્જા પાળીને નિર્વાણ પધાર્યા તેજ વેળાએ સુધર્માસ્વામીને કેવળજ્ઞાન ઉપનું તે ૮ આઠ વર્ષ સુધી કેવળ પ્રવર્જા પાળીને નીર્વાણ પધાર્યા. તેજ વેળાએ જંબુસ્વામીને કેવલજ્ઞાન ઉપનું તે ૪૪ ચુમાલીસ વર્ષ સુધી કેવલ પ્રવર્જા પાળીને નીર્વાણ પધાર્યા. મહાવીર સ્વામિ પછી ભરત ક્ષેત્રમાં,

[૬૪] ચોસઠ વર્ષ સુધી કેવળજ્ઞાન રહ્યું. ચોથા આરાનો જન્મેલો હોય તે પાંચમા આરામાં મોક્ષ જાય, પાંચમા આરાનો જન્મેલો પાંચમા આરામાં મોક્ષ જાય નહીં. જંબુસ્વામિ મોક્ષ પહોંચ્યા પછી ૧૦ બોલ વીચ્છેદ ગયા. તે પરમ અવધિજ્ઞાન—૧, મનઃપર્યવ જ્ઞાન—૨, કેવળ જ્ઞાન—૩, પરિહારવીશુદ્ધ ચારિત્ર—૪, સુક્ષ્મ સંપરાય ચારિત્ર—૫. જથાખ્યાત ચારિત્ર—૬, પુલાકલબ્ધિ—૭, ક્ષાયકસમકીત—૮, આહારક શરીર—૯. જિનકલ્પી સાધુ—૧૦; એ દસ બોલ.

ઇતિ ચોથો આરો સંપૂર્ણ.

હવે ચોથો આરો ઉતરીને પાંચમો આરો બેઠો.

તીવારે અનંતા વર્ણ ગંધ રસ ફર્સના પજંવ હીણા થયા. એ આરો દુસમનામા એકલું દુખ જાણવું. એ આરો ૨૧ હજાર વર્ષનો જાણવો. એ આરાને વીષે ૭ હાથનું દેહમાન ને ૧૨૫ વર્ષનું આઉખું. ઉતરતે આરે, ૧ હાથનું દેહમાન ને. ૨૦ વર્ષનું આઉખું. એ આરાને વીષે, [૬] સંઘયણ, ને [૬] સંઠાણ જાણવા. ઉતરતે આરે, [૧] છેવટું સંઘયણ ને, (૧) હુંડ સંઠાણ જાણવું. એ આરાને વીષે (૧૬) સોલ પાંસલી ઉતરતે આરે [૮] આઠ પાંસલિ જાણવી. એ આરાને વિષે દીન, (૨) પ્રત્યે આહારની ઇચ્છા ઉપજે. તીવારે શરીર પ્રમાણે આહાર કરે. ધરતીની સરસાઇ કાંઇક સારેરી જાણવી. ઉતરતે આરે કુંભારના નિભાડાની છાર સરખી જાણવી. હવે પાંચમા આરાનાં લક્ષણ કહે છે—૧ મોટા નગર તે ગામડા સરિખા થશે. ભલા કુલની સ્ત્રી તે લજ્જારહિત થાશે; રૂડા કુલની સ્ત્રી વેશ્યાસરિખી થાશે, પોતાના પુત્ર પોતાને છાંદે ચાલશે. શિષ્ય ગુરૂના અપવાદ

બોલશે, દુર્જન લોક સુખી થાશે. સજ્જન લોક દુઃખી થશે. દુર્ભક્ષ્ય દુકાલ ઘણા પડશે, ઉંદર સર્પાદિકની દાઢ ઘણી થાશે. બ્રાહ્મણ અર્થના લોભી થાશે, હિંસાધર્મના પરુપક ઘણા થાશે. એક ધર્મના ઘણા ભેદ થશે. મિથ્યાતિદેવતા ઘણા પૂજાશે. મિથ્યાતિલોક ઘણા થાશે, માણસને દેવ દર્શન દુર્લભ થાશે. વિદ્યાધરની વિદ્યાના પ્રભાવ થોડા હુસ્યે, ગોરસ દુધ દહીમાં સરસાઇ થોડી હુસ્યે. બળદ પ્રમુખના આઉખા થોડા હુસ્યે, સાધુ સાધ્વિને માસકલ્પ તથા ચોમાસા કરી જેવાં ખેત્ર થોડા હુસ્યે, શ્રાવકની ૧૧ પડિમા, સાધુની ૧૨ પડિમા વિચ્છેદ જાસ્યે,...ગુરૂ શિષ્યને ભણાવશે નહીં. શિષ્ય અવિનિત કલહ-કારી હુસ્યે. અધર્મકારી ઝગડાકારી કલહકારી કુમાણસ ઘણા હુસ્યે. સુમાણસ થોડા હુસ્યે, આચાર્ય આપ આપના ગચ્છની પરંપરા સમાચારી જુદી જુદી પ્રવર્તાવશે, તથા મૂઢ મુર્ખ જનને મોહિને મિથ્યાત્વ પાસમાં પાડશે, ઉત્સુત્ર ભાખશે, આપ આપણી પ્રસંસામાં રાચશે. નંદક કુબુદ્ધિ હોસ્યે. સરલ ભદ્રિક ન્યાયી પ્રમાણિક માણસ થોડા હુશે, મલેચ્છના રાજ ઘણાં થશે, હિંદુ રાજા અલ્પઋદ્ધિઆ ને થોડા હશે, મોટા કુલના રાજા હશે તે નીચ કામ કરશે. અન્યાય અધર્મ કુવ્યસનમાં ઘણા રાચશે; એ ૩૨ લક્ષણ જાણવાં. એ આરાને વિષે ધાતુ સર્વે વિશેદ જાશ્યે. લોઢાની ધાતુ રહેશે. ચામડાનો મહોરો ચાલશે તે ધનવંત કહેવાશે. એ આરાને વિષે ૧ એક ઉપવાસ કરશે તે માસ-ખમણ સરિખો થશે, એ આરાને વિષે ગ્નાન તથા સુત્ર સર્વે વિચ્છેદ જાશે, તેમાં દસવિકાલીના અધ્યયન (૪) પહેલા રહેશે, તે ઊપરે [૪] જીવ એકાઅવતારી થાશે તેનાં નામ–દુપ્રસહનામા સાધુ ૧, ફલ્ગુ-શ્રિનામા સાધ્વિ ૨, નાગીલ શ્રાવક ૩, નાગશ્રી શ્રાવિકા ૪, તે આષાઢ શુદ ૧૫, પુનેમને દીને શક્રેંદ્રનું આસન ચળશે, તિવારે શક્રેં

ઉપયોગ મુકી જોશો. જે આજ પાંચમો આરો ઉતરીને કાલે છઠો આરો બેસશે. તિવારે શક્રેંદ્ર આવશે તે...૪...જીવને કહેશે જે કાલે છઠો આરો બેસશે માટે આલોવો, પડિક્કમો, નિસલ્લ થાઓ, તે ૪ જીવ સર્વ જીવને ખમાવીને સંથારો કરશે. ત્યારે સંવર્તક વાયરો થશે. તિણે કરીને પહાડ, પર્વત, ગઢ, કોઠા, વાવ, કુવા સરોવર સર્વે વીસરાળ થાશે. વૈતાઢ પર્વત ૧, ગંગા ૨, સિંધુ ૩, રૂષભકુટ ૪, લવણખાડી એ ૫ વાજને શેષ સર્વે સ્થાનક ત્રુટી પડશે. તે ૪ જીવ સમાધિ પ્રણામે કાલ કરીને દેવલોકમાં જાશે, તિવારે ૪ બોલ વિચ્છેદ જાસ્યે, પહેલે પોહોરે...જૈનધર્મ વીચ્છેદ જાસ્યે, બીજે પહોરે ૩૬૩ પાખંડી મિથ્યાતિનો ધર્મ વિચ્છેદ જાસ્યે, ત્રીજે પહોરે રાજનીતિ વીચ્છેદ જાશે, ચોથે પહોરે બાદર અગ્નિ વિચ્છેદ જાસ્યે, એ આરે બેસતા ગતિ (૫) જાણવી. ઉતરતા ૪ ગતિ તે મોક્ષ અટકી.

ઇતિ પાંચમો આરો સંપૂર્ણ.

હવે પાંચમો આરો ઉતરીને છઠો આરો બેઠો.

તીવારે અનંતા વર્ણ, ગંધ, રસ, ફર્સના પર્જવ હીણા થયા. એ આરો (૨૧) એકવીશ હજાર વર્ષનો જાણવો. એ આરો દુસમદુસમ નામા એકલું દુખમાં દુખ જાણવું. એ આરે ૧ એક હાથનું દેહમાન ને ૨૦ વર્ષનું આઉખુ ઉતરતે આરે મુઢ હાથનો કાયા ને સોળ વર્ષનું આઉખું જાણવું. એ આરાને વિષે એક છેવટુ સંઘયણ ને હુંડ સંઠાણ જાણવું. ઉતરતે આરે પણ એમજ જાણવું, એ આરાને વિષે આઠ પાંસળી, ઉતરતે આરે ૪ પાંસળી જાણવી. એ આરાને વિષે ૭ વર્ષની સ્ત્રી ગર્ભ ધરસ્યે, તે કાળા કુદર્શની રોગી ને રીસાળ,

નખ ને મુવાળા ઘણાં; એહવા છોકરા ઘણાં જણશે. તે કુતરીની પેરે પરીવાર ભેલો ફેરવસ્યે. એ આરાને વિષે ગંગા સીંધુ નદી રહેશે તેમાં ૭૨ બીલ છે, તેમાં ત્રણ ત્રણ માલ છે, તેમાં મનુષ્ય, તિર્યંચ, પંખી, બીજ માત્ર રહેશે, ગંગા સિંધુનો સાઢીબાસઠ જોજનનો પટ છે તેમાં રથના ચિલા પ્રમાણે પહોલું ને ગાડાની ધુરિ બુડે એટલું ઉંડુ પાણી રહેશે. તેહમાં મછ કછ ઘણા થાશે. તે ૭૨ બીલનાં મનુષ્ય સાંજે ને પ્રભાતે મછ કછ કાઢીને વેલુમાં ભારશે. સુર્ય ઘણો તપશે, ટાઢ ઘણી પડશે, તેણે કરી સીજવાઇ રહેશે. તેહનો આહાર કરશે, તેનાં હાડકા ચામડા તિર્યંચ ચાટીને રહેશે, માનવીના માથાની તુંબલીમાં પાણી લાવીને પીશે, એણીપેરે ૨૧ હજાર વર્ષ પૂરા કરશે, એ આરાને વિષે નવકાર રહિત,સમકિત રહિત, વ્રત પચ્ચખાણ રહિત હશે તે એહવા છઠ્ઠા આરાને વિષે આવીને અવતરશે તે માટે એહવું જાણીને જે જીવ જૈન ધર્મ કરશે તે સુખી થાશે.

ઇતિ છ આરાના બોલ સંપુર્ણ.

સમાપ્ત

ચેત ચેત નર ચેત!

પરલોકે સુખ પામવા, કર સારો સંકેત;
હજી બાજી છે હાથમાં, ચેત ચેત નર ચેત! ૧
જોર કરીને જીતવું, ખરેખરૂં રણ ખેત;
દુશ્મન છે તુજ દેહમાં, ચેત ચેત નર ચેત! ૨
ગાફેલ રહીશ ગમાર તું, ફોગટ થઈશ ફજેત;
હવે જરૂર હુશીયાર થઈ, ચેત ચેત નર ચેત! ૩
તન ધન તે તારાં નથી, નથી ત્રિયા પરણેત;
પાછળ સો રહેશે પડયાં, ચેત ચેત નર ચેત! ૪
પ્રાણ જશે જ્યાં પીંડથી, પીંડ ગણાશે પ્રેત;
માટીમાં માટી થશે, ચેત ચેત નર ચેત! ૫
રહ્યા ન રાણા રાજીયા, સુર નર મુનિ સમેત;
તું તો તરણા તુલ્ય છે, ચેત ચેત નર ચેત! ૬
રજકણ તારાં રખડશે, જેમ રખડતી રેત;
પછી નર તન પામીશ કયાં, ચેત ચેત નર ચેત! ૭
કાળા કેશ મટી ગયા, સર્વે બનીયા શ્વેત;
જોબન જોર જતું રહ્યું, ચેત ચેત નર ચેત! ૮
માટે મનમાં સમજીને, વિચારીને કર વેંત;
કયાંથી આવ્યો કયાં જવું, ચેત ચેત નર ચેત! ૯
શુભ શિખામણ સમજીને, પ્રભુ સાથે કર હેત;
અંતે અવિચળ એજ છે, ચેત ચેત નર ચેત! ૧૦

आत्माने शिखामण.

(દોહરા.)

હે પ્રભુ! હે પ્રભુ! શું કહું, દીનાનાથ દયાળ;
હું તો દોષ અનંતનું, ભાજન છું કરુણાળ.

શુદ્ધ ભાવ મુજમાં નથી, નથી સર્વ તુજ રૂપ;
નથી લઘુતા કે દીનતા, શું કહું પરમ સ્વરૂપ?

અનંત કાળથી આથડયો, વિના ભાન ભગવાન;
સેવ્યા નહિ ગુરૂ સંતને, મૂક્યું નહી અભિમાન.

સંતચરણ આશ્રય વિના, સાધન કર્યાં અનેક;
પાર ન તેથી પામીઓ, ઉગ્યો ન અંશ વિવેક. ૪

સહુ સાધન બંધન થયાં, રહ્યો ન કોઇ ઉપાય;
સત સાધન સમજ્યો નહિ, ત્યાં બંધન શું જાય? ૫

પ્રભુ પ્રભુ લય લાગી નહી, પડયો ન સદ્ગુરૂ પાય;
દીઠા નહિ નિજ દોષ તો, તરીયે કોણ ઉપાય? ૬

પડી પડી તુજ પદપંકજે, ફરિ ફરિ માગું એજ;
સદ્ગુરૂ, સંત, સ્વરૂપ તુજ, એ દ્રઢતા કરી દેજ ૭